

# જહન્નમના

## ખતરાઓ

**લેખક**


હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી (رحمۃ اللہ علیہ)


**ગુજરાતી અનુવાદક**


જનાબ સીરાજભાઈ લોખંડવાલા–ભાવનગર

*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)*


**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

ઓફિસ ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Web.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૨૪૪ | આવૃત્તિ–૧ | પ્રત : ૨૫૦૦ |
| ૧–જમાદિઉલ અવ્વલ | હિ.સ. ૧૪૪૦ | જાન્યુઆરી–૨૦૧૯ |

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ

وَعَلٰی آلِکَ وَاَصۡحَابِکَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ

**સર્વ હક્ક઼ પ્રકાશકને સ્વાધિન**

**કિતાબનું નામ** : **જહન્નમના ખતરાઓ**

**લેખક** : હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ

**સંપાદક** : જનાબ સીરાજભાઈ લોખંડવાલા (ભાવનગર)
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

**પેજીસ** : ૧૪૪ **કિંમત** : ૧૦૦/–

**કંપોઝિંગ** : સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી
મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ ઈખરવી

**પ્રુફ રીડિંગ** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**આવૃત્તિ** : પ્રથમ ★ **નકલ** : ૨૫૦૦

**પ્રકાશન નં.** : ૨૪૪

**પ્રકાશન વર્ષ** : ૦૧ જમાદિઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૦
અંગ્રેજી તા. ૧/૧/૨૦૧૯, મંગળવાર

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

**GRWB/059/Bharuch/02 C/o.** ફયૂઝાને રઝાએ મુસ્તફા,
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000303**
**Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR**
**Mo. 9427464411 (PhonePe/Paytm)**

# અનુક્રમણિકા


| વિષય | ક્રમ |
|---|---|
| અર્પણ... | 07 |
| જહન્નમ શું છે ? | 09 |
| જહન્નમ ક્યાં છે ? | 09 |
| જહન્નમના તબક઼ાઓ | 09 |
| જહન્નમનો દારોગા (દરવાન) | 10 |
| જહન્નમના અઝાબની થોડીક સ્થિતિઓ | 10 |
| આગનો અઝાબ | 10 |
| લોહીના દરિયાનો અઝાબ | 11 |
| ગળું ચીરવાનો અઝાબ | 12 |
| પથ્થર ફેંકવાનો અઝાબ | 12 |
| મોંઢુ નોંચવાનો અઝાબ | 12 |
| સાંપ વિંછીનો અઝાબ | 13 |
| ગળામાં ફસાઈ જવાવાળા ખાણાનો અઝાબ | 13 |
| ગરમ પાણી અને પરુનો અઝાબ | 14 |
| **જહન્નમમાં લઈ જવાવાળા અમલો** | 15 |
| **(૧) શિર્ક** | 15 |
| શિર્ક શું છે ? | 16 |
| કઈ કઈ ચીજો (વાતો) શિર્ક નથી ? | 17 |
| **(૨) કુફ્ર** | 18 |
| કુફ્ર શું છે ? | 19 |
| **(૩) મુસલમાનનું ખૂન કરવું** | 20 |
| **(૪) વ્યભિચાર** | 23 |

| વિષય | ક્રમ |
|---|---|
| (૫) લવાતત (સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય) | 26 |
| લૂતીના માટે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ફત્વો | 28 |
| (૬) ચોરી | 29 |
| (૭) શરાબ (દારૂ) | 30 |
| (૮) જૂગાર | 34 |
| (૯) સૂદ (વ્યાજ) | 35 |
| (૧૦) જાદૂ | 38 |
| (૧૧) યતીમનો માલ ખાવો | 39 |
| (૧૨) જેહાદથી ભાગી જવું | 40 |
| (૧૩) વ્યભિચારનો (ખોટો) આરોપ લગાડવો | 41 |
| (૧૪) મા બાપને તકલીફ પહોંચાડવી | 42 |
| (૧૫) જૂઠી ગવાહી | 44 |
| (૧૬) ગીબત | 47 |
| ગીબત શું છે ? | 48 |
| (૧૭) ચુગલી (ચાડી) | 49 |
| ચુગલી કોને કહે છે ? | 50 |
| (૧૮) અમાનતમાં ખયાનત | 51 |
| (૧૯) ઓછુ માપતોલ | 52 |
| (૨૦) રિશ્વત (લાંચ) | 54 |
| (૨૧) માલે હરામ | 55 |
| (૨૨) નમાઝ છોડી દેવી | 58 |
| (૨૩) જુમ્આ છોડી દેવું | 61 |
| (૨૪) જમાઅત છોડવું | 62 |
| જમાઅત છોડવાના કારણો | 65 |

| વિષય | ક્રમ |
|---|---|
| (૨૫) નમાઝીની આગળથી પસાર થવું | 66 |
| (૨૬) નમાઝમાં આકાશની તરફ જોવું | 67 |
| (૨૭) ઈમામથી પહેલા માથુ ઊંચુ કરવું | 67 |
| (૨૮) ઝકાત અદા ન કરવી | 68 |
| (૨૯) રોઝો છોડી આપવો | 70 |
| (૩૦) હજ્જ છોડી આપવું | 72 |
| (૩૧) હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો) અદા ન કરવા | 73 |
| (૩૨) રિશ્તેદારીને કાપી નાખવી | 74 |
| (૩૩) પડોસીઓની સાથે ખરાબ વર્તન | 75 |
| (૩૪) જાનવરોને સતાવવું | 77 |
| (૩૫) જુલ્મ (અત્યાચાર) | 79 |
| (૩૬) ઈસ્લામના દુશ્મનોથી દોસ્તી | 82 |
| (૩૮) બોહતાન (આક્ષેપ) | 86 |
| (૩૮) વાદાખિલાફી (વાયદો પૂરો ન કરવો) | 87 |
| (૩૯) અજાણી સ્ત્રીઓની સાથે એકાંત | 88 |
| (૪૦) પર્દા વગરની સ્ત્રી | 90 |
| (૪૧) પેશાબથી ન બચવું | 92 |
| (૪૨) હૈઝ (માસિક)માં સંભોગ | 93 |
| (૪૩) જનાબતનું ગુસ્લ ન કરવું | 94 |
| (૪૪) ખુદકશી (આત્મહત્યા) | 95 |
| (૪૫) ઈહતિકાર (સંગ્રહખોરી) | 96 |
| (૪૬) તસ્વીર (ફોટો) | 98 |
| (૪૭) કહેવું કાંઈ અને કરવું કાંઈ | 101 |
| (૪૮) ગાળો આપવી | 103 |

| વિષય | ક્રમ |
| --- | --- |
| (૪૯) જૂઠુ સ્વપ્ન (ખ્વાબ) બયાન કરવું | 104 |
| (૫૦) દાઢી કપાવવી (મૂડાવવી) | 105 |
| (૫૧) પુરૂષ જેવી સ્ત્રી, સ્ત્રી જેવા પુરૂષો | 106 |
| (૫૨) મના કરેલાં કપડાં પહેરવાં | 107 |
| (૫૩) કુબ્રો પર પેશાબ, પાખાના કરવું | 110 |
| (૫૪) કાળો ખિઝાબ (ડાય) | 111 |
| (૫૫) સોના, ચાંદીના વાસણ | 113 |
| (૫૬) રિયાકારી (દેખાડો) | 114 |
| (૫૭) તકબ્બુર (ઘમંડ) | 118 |
| (૫૮) બખીલી (કંજૂસાઈ) | 121 |
| (૫૯) લોભ તથા લાલચ | 123 |
| (૬૦) હસદ (ઈર્ષા) | 124 |
| (૬૧) બુગ્ઝ તથા કીનો (દુશ્મની, નફરત) | 126 |
| (૬૨) પ્રપંચ અને ધોકાબાઝી | 127 |
| (૬૩) કોઈની મજાક ઉડાડવી | 128 |
| (૬૪) મસ્જિદમાં દુનિયાની વાતો કરવી | 131 |
| (૬૫) કુર્આન મજીદને ભૂલાવી આપવું | 132 |
| (૬૬) કોઈક બીજાને પોતાનો બાપ બનાવવો | 133 |
| (૬૭) પત્નીઓની વચ્ચે ઈન્સાફ ન કરવો | 135 |
| (૬૮) ડાબા હાથથી ખાવુ પીવુ | 136 |
| (૬૯) કૂતરો પાળવો | 137 |
| (૭૦) જરૂરત વગર ભીખ માગવી | 139 |
| (૭૧) વાંચકો તથા મુરીદો માટે જરૂરી હિદાયતો | 141 |

# અર્પણ

મારા જેવા હકીર, ફકીરનું આ નાનુ સરખુ કામ અલ્લાહ તબારક વ તઆલા પોતાના પ્યારા મહબૂબ ﷺના સદકામાં કૂબૂલ ફર્માવે અને તેનો સવાબ હું મારા મા, બાપની ખિદમતમાં પેશ કરું છું જેમણે મારી ઉપર ખૂબ મોટુ એહસાન કર્યું.

–લિ. ગુજરાતી અનુવાદક

# દાઢી મુંડાના છોળ દે !

**અઝ : મૌલાના જમીલુર્રહમાન રઝવી કાદરી સાહબ**

અય મેરે ભાઈ જરા દાઢી મુંડાના છોડ દે
શર્મ કર બેહરે ખુદા દાઢી મુંડાના છોડ દે

હે બઝાહીર બાલ લેકિન નૂર હૈ ઈસ્લામ કા
શકલ નૂરાની બના દાઢી મુંડાના છોડ દે

શકલ સે બેઝાર હૈ તેરી ખુદા ઔર મુસ્તફા
ઉનકો રાજી કર જરા દાઢી મુંડાના છોડ દે

આલ ઔર અસ્હાબે નબી ને ભી ઐસા કીયા
તું હૈ ક્યું ઉનસે જુદા, દાઢી મુંડાના છોડ દે

ક્યા અજબ હૈ ઔરતો પર ભી પડે ઈસકા અસર
વો ભી દે સરકો મુંડા, દાઢી મુંડાના છોડ દે

મર્દ પૈદા હો કે તું બીલકુલ મુખન્નસ બન ગયા
યે ગજબ કયસા કીયા, દાઢી મુંડાના છોડ દે

દાઢી કતરાના, ચળ્હાના ઔર મુંડાના સબ હરામ
માન હુકમે મુસ્તફા, દાઢી મુંડાના છોડ દે

ફર્ઝ હૈ ભાઈ પે દે ભાઈ કો રાહે હક્ક઼ બતા
ઈસ લિયે મેને કહા, દાઢી મુંડાના છોડ દે

હો **'જમીલ'** ક઼ાદરી કી ઈલ્તિજા યા રબ કુબૂલ
ઉમ્મતે ખૈરુલ વરા દાઢી મુંડાના છોડ દે

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

## ★ જહન્નમ શું છે ? ★

અલ્લાહ તબારક વ તઆલાએ કાફિરો, મુશ્રિકો, મુનાફિક઼ો અને બીજા મુજરિમો અને ગુનેહગારોને અઝાબ અને સજા દેવા માટે આખેરતમાં જે એક ખૂબ જ ખોફનાક અને ભયાનક સ્થળ તૈયાર કરી રાખ્યું છે તેનું નામ 'જહન્નમ' છે અને તેને જ ઉર્દૂમાં 'દોઝખ' પણ કહે છે.

## ★ જહન્નમ ક્યાં છે ? ★

એક ક઼ૌલ એ છે કે દોઝખ સાતેય જમીનની નીચે છે.

*(શરહે અક઼ાઈદ, હાશિયા : ૯/૧૦૫)*

## ★ જહન્નમના તબક઼ાઓ ★

કુર્આન મજીદની મુબારક આયત છે :–

لَهَا سَبْعَةُ اَبْوَابٍ ؕ لِكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُوْمٌ ﴿۴۴﴾

"તેના સાત દરવાજા છે દરેક દરવાજાના માટે તેમાંથી એક હિસ્સો વહેંચેલો છે." *(સૂરએ અલ હજર, આ. ૪૪)*

આ આયતની તફસીરમાં મુફસ્સિરોનો ક઼ૌલ એ છે કે, જહન્નમ સાત તબક઼ામાં છે. જેનાં નામો આ મુજબ છે :–

(૧) જહન્નમ (૨) લઝય (૩) હુતમહ (૪) સઈર (૫) સકર (૬) જહીમ (૭) હાવિયહ.

પૂરી આયતના ખુલાસાનો મલતબ એ છે કે શૈતાનની પૈરવી કરવાવાળા પણ સાત હિસ્સાઓમાં વહેંચાએલા છે, તેમાંથી દરેકના માટે જહન્નમનો એક તબક઼ો નક્કી છે.

*(હાશિયા સાવી અલ જલાલૈન શરીફ, ૩/૪૩)*

હદીષ શરીફમાં છે : "જહન્નમ જ્યારે ક઼યામતના દિવસે પોતાની જગ્યાએ લાવવામાં આવશે તેને હજાર લગામો લગાડવામાં આવશે અને દરેક લગામને ૭૦,૦૦૦ ફરિશ્તાઓ ખેંચતા હશે."

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૨૮૪૨, પેજ : ૧૫૨૩)*

## ★ જહન્નમનો દારોગા (દરવાન) ★

જહન્નમના દારોગાનું નામ "માલિક" (علیہ السلام) છે. તે એક ફરિશ્તો છે તેમના જ તાબા હેઠળ દોઝખીઓને દરેક પ્રકારનો અઝાબ આપવામાં આવશે.

## ★ જહન્નમના અઝાબની થોડીક સ્થિતિઓ ★

જહન્નમમાં દોઝખીઓને અલગ અલગ પ્રકારના ખૌફનાક તથા ભયાનક અઝાબમાં સપડાવવામાં આવશે. તે અઝાબોના પ્રકારો અને તેની કૈફિયતોને અલ્લાહ તબારક વ તઆલાના સિવાય કોઈ નથી જાણતું. જહન્નમમાં આપવામાં આવનારી સજાઓને દુનિયામાં કોઈ વિચારી પણ નથી શકતું. અઝાબની થોડીક સ્થિતિઓ છે જેનું હદીષોમાં વર્ણન આવ્યું છે તેમાંથી થોડીક આ મુજબ છે :–

## ★ આગનો અઝાબ ★

દોઝખીઓને જહન્નમની આગમાં વારંવાર સળગાવવામાં આવશે જ્યારે તે સળગીને કોલસો થઈ જશે તો પછી બીજીવાર તેમને નવો ગોશ્ત અને નવી ચામડીની સાથે જીવંત કરવામાં આવશે અને પાછા તેમને આગમાં સળગાવવામાં આવશે, આ અઝાબ વારંવાર થતો રહેશે.

જહન્નમની આગની ગરમીનો એ હાલ છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, ફરિશ્તાઓએ ૧૦૦૦ વર્ષ સુધી જહન્નમની આગને ભડકાવી તો તે લાલ થઈ ગઈ. પછી બીજા ૧૦૦૦ વર્ષ સુધી ભડકાવવામાં આવી તો તે સફેદ થઈ ગઈ. પછી ત્રીજીવાર ૧૦૦૦ વર્ષ સુધી ભડકાવવામાં આવી તો તે કાળા રંગની થઈ ગઈ તો તે ખૂબ જ ખોફનાક કાળા રંગની છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૨૬૦૦, ૪/૨૬૬)*

એક બીજી હદીષમાં છે, જહન્નમની આગની ગરમી દુનિયાની આગની ગરમીથી ૬૯ દરજા વધારે છે.

*(સહીહ બુખારી, હદીષ : ૩૨૬૫, ૨/૩૯૬)*

એક બીજી હદીષમાં એ પણ છે કે જહન્નમમાં આગનો એક પહાડ છે જેની ઊંચાઈ ૭૦ વર્ષનો રસ્તો છે, તે પહાડનું નામ સઊદ છે, દોઝખીઓને તેની ઉપર ચઢાવવામાં આવશે તો ૭૦ વર્ષમાં તેની ઊંચાઈએ પહોંચશે પછી તેમને ઉપરથી નાખવામાં આવશે તો ૭૦ વર્ષમાં નીચે પહોંચશે. આવી રીતે હમેશાં અઝાબ દેવામાં આવતો રહેશે. *(મિશ્કાત, હદીષ નં. ૫૬૭૭, ૩/૨૩૬, સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૮૫, ૪/૨૬૦)*

આ પણ હદીષમાં આવ્યું છે કે દોઝખી જહન્નમની આગમાં સળગીને એવા મસ્ખ (કદરૂપો) થઈ જશે કે ઉપરનો હોઠ સમેટાઈને અડધા માથા સુધી પહોંચી જશે અને એવી રીતે નીચેનો હોઠ લટકીને ડૂંટી સુધી પહોંચી જશે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૨૫૯૬, ૪/૨૬૪)*

આ પણ રિવાયત છે, જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે, તેમાં ઝિનાકાર ઔરતો અને મર્દોને નાખી દેવામાં આવશે તો આગના ભડકાઓમાં તે બધા સળગતા સળગતા ભટ્ટીના મુખ સુધી ઉપર જશે પછી એકદમ તે ભડકાઓ ઓલવાઈ જશે તો તે બધા ઉપરથી નીચે ભટ્ટીના તળિયામાં પડી જશે.

*(સહીહ બુખારી, હદીષ નં. ૧૩૮૬, ૧/૪૬૭)*

## ★ લોહીના દરિયાનો અઝાબ ★

કેટલાક દોઝખીઓને લોહીના દરિયામાં નાખી દેવામાં આવશે તો

તે તરતા તરતા કિનારાની તરફ આવશે તો એક ફરિશ્તો પથ્થરની ચટ્ટાન તેના મોઢા પર એટલા જોરથી મારશે કે તે પાછી દરિયાની વચ્ચે પલ્ટીને ચાલ્યો જશે. વારંવાર આ જ અઝાબ તેને આપવામાં આવતો રહેશે. આ વ્યાજખોરોનો ગિરોહ (ગૃપ) હશે.

## ★ ગળું ચીરવાનો અઝાબ ★

કેટલાક લોકોને જહન્નમમાં એવી રીતે અઝાબ આપવામાં આવશે કે એક ફરિશ્તો તેમને સૂવડાવીને એક સાંણસી તેમના મોંમાં નાખશે અને એક ગાલફોડાને એવી રીતે ફાળી દેશે કે તેનો ચીરો તેના માથાના નીચેના હિસ્સા સુધી પહોંચી જશે. પછી આવી રીતે બીજાને ફાડી દેશે, જ્યાં સુધીમાં પહેલો ગાલ સારો થઈ જશે તો પાછો તેને ફાડશે. આવી રીતે ગાલો સારા થતા રહેશે અને તે ફરિશ્તો તેને સાંણસીની પકડથી ચીરતો અને ફાડતો રહેશે. આ ખોટુ બોલવાવાળા લોકોને ગિરોહ (ગૃપ) હશે. *(અલ્ મરજઉસ્સાબિક)*

## ★ પથ્થર ફેંકવાનો અઝાબ ★

કેટલાક જહન્નમીઓને એવી રીતે અઝાબ આપવામાં આવશે કે એક ફરિશ્તો તેમને સૂવડાવીને તેમના માથાઓ ઉપર એક પથ્થર એવા જોરથી મારશે કે તેમનું માથુ કચડાઈ જશે અને તે પથ્થર ગબડીને થોડેક દૂર ચાલ્યો જશે. પછી તે ફરિશ્તો જ્યાં સુધીમાં તે પથ્થરને ઉપાડીને લાવશે ત્યાં સુધીમાં તેના માથાનો ઝખ્મ સારો થઈ ચૂક્યો હશે. ફરી તે પથ્થર મારશે તો માથુ કચડાઈ જશે અને પથ્થર પાછો ગબડીને દૂર ચાલ્યો જશે. પછી ફરિશ્તો પથ્થર ઉપાડીને લાવશે અને ફરી તે પથ્થર મારીને તેનું માથુ છુંદી નાખશે. આવી રીતે સતત આ જ અઝાબ થતો રહેશે. *(અલ મરજઉસ્સાબિક)*

## ★ મોંઢુ નોંચવાનો અઝાબ ★

આ પણ હદીષમાં આવ્યું છે કે રસૂલુલ્લાહ ﷺ મેઅરાજની રાતમાં એક એવી કૌમની પાસેથી પસાર થયા જે (જહન્નમમાં) તાંબાના

નખોથી પોતાના ચહેરાઓ અને છાતીઓને નોંચી (નખોથી ખેંચવું) રહ્યા હતા. તો આપ (ﷺ) પૂછયું કે હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? તો હઝરત જિબ્રઈલ علیہ السلام એ કહ્યું, આ તે લોકો છે જે માણસોનો ગોશ્ત ખાતા હતા (એટલે લોકોની ગીબત કરતા હતા) અને લોકોને બેઈજ્જત કરતા હતા. *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૮૭૮, ૪/૩૫૩)*

### ★ સાંપ વિંછીનો અઝાબ ★

હદીષમાં છે કે અજમી ઊંટોની જેવા મોટા મોટા સાપ હશે જે જહન્નમીઓને ડસતા હશે. તે એવા ઝેરીલા હશે કે જો એકવાર ડસી લે તો ૪૦ વર્ષ સુધી તેના ઝહેરનું દર્દ નહીં જશે અને લગામ લગાવેલા ખચ્ચરોના બરાબર મોટા મોટા વિંછી દોઝખીઓને ડંખ મારતા રહેશે. એકવાર તેના ડંખ મારવાની તકલીફ ૪૦ વર્ષ સુધી બાકી રહેશે.

*(મિશ્કાત શરીફ, હદીષ નં. ૫૬૯૧, ૩/૨૪૦,*
*મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૧૭૭૨૯, ૬/૨૧૬)*

અમુક દોઝખીઓને ગળામાં સાપોનો હાર પહેરાવી દેવામાં આવશે જે ખૂબ જ ઝેરીલા હશે અને તે સતત કરડતા રહેશે.

### ★ ગળામાં ફસાઈ જવાવાળા ખાણાનો અઝાબ ★

દોઝખીઓને ગળામાં ફસાઈ જવાવાળુ ખાવાનું ખવડાવવામાં આવશે જે તેમના ગળામાં ફસાઈ જશે અને તેમનો દમ ઘૂંટાવા લાગશે તો તે પાણી માગશે. તે સમયે તેમની સામે એટલુ ગરમ પાણી પેશ કરવામાં આવશે જેની ગરમીનો એ હાલ હશે કે વાસણ મોંઢાની સામે લાવતા જ ચહેરાની પૂરી ચામડી સળગીને બફાયને અને પીગળીને વાસણમાં પડી જશે અને જ્યારે તે પાણી પેટમાં જશે તો પેટની અંદરના તમામ અંગો આંતરડાઓ વગેરેને સગળાવીને ટુકડે ટુકડા કરીને તેમના પગો ઉપર પાડી દેશે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૨૫૯૫, ૪/૨૬૩)*

કુર્આને મજીદમાં છે :–

اِنَّ شَجَرَتَ الزَّقُّوْمِ ﴿۴۳﴾ طَعَامُ الْاَثِيْمِ ﴿۴۴﴾

''ઝકૂમ (થોર)નું વૃક્ષ જહન્નમીઓને ખવડાવવામાં આવશે.''

*(પારા નં. ૨૫, અલ દુખાન, આ. ૪૩, ૪૪)*

અને હદીષમાં છે કે જો ઝકૂમનુ એક ટીપુ જમીન ઉપર પડી જાય તો દુનિયાવાળાઓની ખાવા પીવાની બધી ચીજોને કડવી અને બદબૂદાર બનાવીને ખરાબ કરી દે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૯૪, ૪/૨૬૩)*

## ★ ગરમ પાણી અને પરુનો અઝાબ ★

દોઝખીઓને ગરમ પાણી જે જૈતૂનના તલછટની જેમ ગંદુ હશે પીવું પડશે જે મોંઢાની પાસે લાવતાં જ ચહેરાની પૂરી ચામડી ઓગાળ ીને પાડી દેશે અને અને આ જ ગરમ પાણી તેમના માથા ઉપર નાખવામાં આવશે તો આ પાણી પેટમાં દાખલ થઈને પેટના અંદરના તમામ અંગોને ટુકડે ટુકડા કરીને તેમના પગો ઉપર પાડી દેશે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૯૦, ૨૫૯૧, ૪/૨૬૧)*

આવી જ રીતે દોઝખીઓને જહન્નમીઓના શરીરનું પરુ અને વંદા પણ પીવડાવવામાં આવશે જેને ''ગસાક'' કહે છે. તેની દુર્ગંધનો એ હાલ હશે કે જો એક ડોલ ''ગસાક'' દુનિયામાં નાખી દેવામાં આવે તો તમામ દુનિયા દુર્ગંધથી ભરાઈ જાય.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૯૩, ૪/૨૬૩)*

જાણવા મળ્યું કે જહન્નમમાં અલગ અલગ અઝાબોની સાથે દોઝખીઓને અઝાબ આપવામાં આવશે અને જેવી રીતે જન્નતની નેઅમતોને ન કોઈ આંખે જોઈ છે, ન કોઈ કાને સાંભળ્યું છે, ન કોઈ દિલમાં તેનો ખયાલ આવ્યો છે એવી જ રીતે જહન્નના અઝાબોને પણ ન કોઈ આંખે જોયો છે, ન કોઈ કાને સાંભળ્યો છે, ન કોઈના દિલમાં તેનો ખયાલ પસાર થયો છે. જહન્નમમાં અલગ અલગ પ્રકારના અજોડ અનુપમ અઝાબોની ભરમાર હશે કે દુનિયામાં તેનું ઉદાહરણ તો ક્યાં, કોઈ તેનો વિચાર પણ નથી કરી શકતું. ઉપર જે કાંઈ અમે લખ્યું છે તે કેવળ સમજવાના માટે અમુક ઉદાહરણો લખી દીધાં છે. નહીં તો જે કાંઈ લખવામાં આવ્યું છે તે જહન્નમમના અઝાબોનો હજારમો હિસ્સો

પણ નથી. બસ તેની માત્રા તથા કૈફિયતો તથા પ્રકારોને તો કેવળ અલ્લાહ તબારક વ તઆલા જ જાણે છે. અલ્લાહ તઆલા દરેક મુસલમાનોને જહન્નમના અઝાબોથી બચાવે અને એવા અમલોથી મેહફૂઝ રાખે જે જહન્નમમાં લઈ જવાવાળા છે.

હવે અમો તે થોડાક અમલોની યાદી લખીએ છીએ જેની ઉપર કુર્આન તથા હદીષમાં જહન્નમની ચેતવણીઓ આવી છે. તે અમલોને ધ્યાનપૂર્વક વાંચો અને તે કામોથી બચતા રહો કે જહન્નમના અઝાબોથી નજાત મળી શકે.

## જહન્નમમાં લઈ જવાવાળા અમલો

### (૧) શિર્ક

શિર્કે અકબરુલ કબાઈર એટલે તે તમામ મોટા મોટા ગુનાહોમાં સૌથી વધારે મોટો ગુનોહ છે. તેના બારામાં અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં ફર્માવ્યું છે કે :–

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ۚ وَ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدِ افْتَرٰۤى اِثْمًا عَظِيْمًا ۝

"બેશક ! અલ્લાહ તેને નથી બખ્શતો કે તેની સાથે કુફ્ર કરવામાં આવે અને કુફ્રની નીચે જે કાંઈ છે તેમાંથી જેને માફ ફર્માવી દે છે અને જેણે ખુદાનો શરીક ઠેરાવ્યો તેણે મોટા ગુનાહનું તોફાન બાંધ્યું."

*(સૂરએ નિસાઅ્, આ. ૪૮)*

આ જ પ્રમાણે બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

وَ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ ضَلَّ ضَلٰلًۢا بَعِيْدًا ۝

"અને જે અલ્લાહનો શરીક ઠરાવે તે દૂરની ગુમરાહીમાં પડયો."

*(સૂરએ નિસાઅ્, આ. ૧૧૬)*

શિર્કના બારામાં અલ્લાહ તબારક વ તઆલાનું એલાન છે કે તે એ

ગુનાહને ક્યારેય પણ નહીં બખ્શે, બાકી શિર્કના સિવાય બીજા તમામ ગુનાહોને જેના માટે ચાહશે બખ્શી દેશે અને મુશ્રિક હમેશાં હમેશાંના માટે જરૂર જહન્નમમાં જશે. મુશ્રિકની કોઈ ઈબાદત મકૂબૂલ નથી બલ્કે આખી ઉમરની ઈબાદત શિર્ક કરવાથી બેકાર તથા બરબાદ થઈ જાય છે.

કુર્આને કરીમમાં છે કે :–

لَئِنْ اَشْرَكْتَ لَيَحْبَطَنَّ عَمَلُكَ

"કે હે સાંભળવાવાળા ! જો તેં અલ્લાહનો શરીક કર્યો તો જરૂર તારુ બધું કરેલું ધરેલુ નિષ્ફળ જશે. *(સૂરએ ઝુમર, આ. ૬૫)*

હદીષ : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે એક શખ્સે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કયો ગુનોહ અલ્લાહ તબારક વ તઆલાની નજીક સૌથી મોટો છે ? તો આપ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, કે તમે અલ્લાહ તઆલાના માટે કોઈ શરીક ઠરાવો, જો કે તેણે જ તમને પેદા કર્યો છે.

*(બુખારી શરીફ, હદીષ નં. ૭૫૩૨, ૪/૫૮૮)*

તેના સિવાય બીજી ઘણી બધી આયતો તથા હદીષો પણ શિર્કની મનાઈમાં આવેલી છે. એટલા માટે જહન્નમના અઝાબથી બચવા માટે શિર્કથી બચવું ખૂબ જ જરૂરી છે.

## ★ શિર્ક શું છે ? ★

શિર્ક કોને કહેવામાં આવે છે અને શિર્કની હકીકત શું છે ? તો તેના બારામાં હઝરત અલ્લામા સઈદુદ્દીન તફતાઝાની رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "શરહે અકાઈદ"માં લખ્યું છે :–

શિર્કનો મતલબ એ છે કે અલ્લાહ તબારક વ તઆલાની ઉલૂહિયત (ખુદાઈ)માં કોઈને શરીક (ભાગીદાર) બનાવવો અથવા તો એવી રીતે કે અલ્લાહ તઆલા સિવાય કોઈને વાજિબુલ વુજૂદ (કોઈની અતા વિના ખુદ વજૂદમાં હોવું) માની લેવું જેમ કે મજૂસી (આગની પૂજા કરવાવાળા) કહે છે અથવા એવી રીતે કે અલ્લાહ તઆલા સિવાય કોઈને ઈબાદતના

લાયક માની લેવું જેમ કે મૂર્તિ પૂજા કરવાવાળાનો અક઼ીદો છે.

હઝરત અલ્લામા તફતઝાની رحمۃ اللہ علیہ એ આ લખાણમાં ફેંસલો કરી આપ્યો કે શિર્કની બે જ સૂરતો છે. એક એ કે અલ્લાહ તઆલા સિવાય કોઈને વાજિબુલ વુજૂદ માની લેવામાં આવે. અને બીજી એ કે અલ્લાહ તઆલા સિવાય કોઈને ઈબાદતના લાયક માની લેવામાં આવે.

## ★ કઈ કઈ ચીજો (વાતો) શિર્ક નથી ? ★

**(૧)** અંબિયા (عَلَيْهِمُ السَّلَام), ઔલિયા (رحمۃ اللہ علیہم اجمعین)ને મહ઼ોબ્બતથી પોકારવું એટલે યા રસૂલલ્લાહ ! ﷺ, યા ગ઼ૌષ رضی اللہ عنہ.

**(૨)** બુઝુર્ગોથી મદદ માગવી.

**(૩)** બુઝુર્ગોના મઝારો ઉપર ચાદર, ફૂલ ચઢાવવાં.

**(૪)** ફાતિહા પઢવું.

**(૫)** બુઝુર્ગોને અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં વસીલો બનાવવો.

**(૬)** બુઝુર્ગોના મઝારોની સામે મુરાકબો કરવો.

**(૭)** બુઝુર્ગોના ફાતિહાના ખાણા અને મીઠાઈઓને તબર્રુક સમજીને ખાવું, જે ન હિંદુસ્તાન બલ્કે દુનિયાભરમાં સુન્ની મુસલમાનોનો દસ્તૂર તથા તરીક઼ો છે, આ ક્યારેય પણ શિર્ક નથી. કેમ કે મુસલમાન પણ અંબિયા અને અવલિયાએ કિરામ તથા અન્ય બુઝુર્ગો જેમ કે પીરો તથા ઈમામો અને શહીદોને વાજિબુલ વુજૂદ અથવા ઈબાદતના લાયક માનતા નથી. બલ્કે તમામ મુસલમાનો તે બુઝુર્ગોને અલ્લાહ તબારક વ તઆલાના બંદા માનીને તેમની તા'ઝીમ કરે છે કે અલ્લાહ તઆલા પોતાના પ્યારા બંદાઓની તા'ઝમથી ખુશ થઈ જાય છે એટલા માટે સુન્નીઓના આ અમલો ક્યારેય પણ શિર્ક નહીં થઈ શકે. હા, અલ્બત્તા ! જે જાહિલ લોકો ક઼બ્રોને સજદો કરે છે, જો એ લોકો તે બુઝુર્ગોને ઈબાદતને લાયક સમજીને સજદો કરે છે તો આ ખુલ્લુ શિર્ક થશે. અને જો તે બુઝુર્ગોની તા'ઝીમના માટે સજદો કરે તો એ જો કે શિર્ક થશે નહીં પણ નાજાઈઝ

તથા હરામ અને ખૂબ સખત ગુનાહ થશે. એટલા માટે મુસલમાનોએ કબ્રોના સજદાથી પોતે પણ બચવું જોઈએ અને બીજાઓને પણ રોકવા જોઈએ.

ખાસ કરીને ખાનકાહોના સજ્જાદાનશીન અને મઝારોના મુજાવર હઝરાતનો ફર્ઝ છે કે તે કબ્રો પર સજદા કરવાવાળા જાહિલ લોકોને કબ્રોને સજદો કરવાથી રોકે અને શરીઅતની વિરુદ્ધ કામ કરવાવાળા લોકોને ખાનકાહો અને મઝારોથી બહાર કરી દે, નહીં તો તે પણ એ હાજર થવાવાળા લોકોના ગુનાહોમાં ભાગીદાર ગણાશે અને કહ્હારના કહેર તથા જબ્બારના ગઝબમાં ગિરફતાર થઈને જહન્નમના અઝાબના હક્કદાર ગણાશે, પણ અફસોસ કે સજ્જાદાનશીનો તથા મુજાવર હઝરાત થોડાક રૂપિયા અને થોડાક નઝરાણાની લાલચમાં જાહિલ પ્રકારના હાજર થવાવાળા અને સ્ત્રીઓને ખાનકાહો અને મઝારોમાં જાનવરોની જેમ ઘુસી જવાની પરવાનગી દઈ દે છે અને આ જાહિલો કબ્રો ઉપર માથુ પટકી પટકીને જાહેરમાં સજદો કરે છે અને સજ્જાદાનશીન તથા મુજાવરો પોતાની આંખોથી તે કામોને જુએ છે પણ દમ નથી મારી શકતા અને તેનો અંજામ વહાબીઓ (તબ્લીગી, દેવબંદી, અહલે હદીષ.... વગેરે) સુન્નીઓને મહેણા મારે છે એટલુ જ નહીં બલ્કે ઘણા જાહિલ મુસલમાનો તે ખરાબ કામોને જોઈને સુન્નિયતથી નફરત કરીને વહાબી બની જાય છે. (અલ્લાહની પનાહ !)

## (૨) કુફ્ર

શિર્કની જેમ કુફ્ર પણ તે મોટો ગુનોહ છે જે માફ નથી થઈ શકતો અને મુશ્રિકોની જેમ કાફિર પણ હમેશાં હમેશાંના માટે જહન્નમમાં દાખલ કરવામાં આવશે. કુર્આને મજીદની અસંખ્ય આયતો અને હદીષોમાં કાફિરોના માટે જહન્નમના અઝાબની સખત ચેતવણી આવી છે. કુર્આન મજીદમાં વારંવાર અલ્લાહ તબારક વ તઆલાનું આ ફર્માન છે :–

وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ﴿۱۰۴﴾ ''કાફિર માટે દર્દનાક અઝાબ છે.''

*(સૂરએ બક઼રહ, આ. ૧૦૪)*

આવી જ રીતે બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

وَمَنْ يَّرْتَدِدْ مِنْكُمْ عَنْ دِيْنِهٖ فَيَمُتْ وَهُوَ كَافِرٌ فَاُولٰٓئِكَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ﴿۲۱۷﴾

''અને તમારામાં જે કોઈ પોતાના દીનથી ફર્યો પછી કાફિર થઈને મૃત્યુ પામે તો તે લોકોનું કરેલુ બેકાર ગયું દુનિયામાં અને આખેરતમાં અને તેઓ દોઝખવાળા છે, તેઓને તેમાં હમેશાં રહેવાનું છે.

*(સૂરએ બક઼રહ, આ. ૨૧૭)*

અને એક આયતમાં ફર્માવ્યું :–

بَلٰى مَنْ كَسَبَ سَيِّئَةً وَّ اَحَاطَتْ بِهٖ خَطِيْٓـئَتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ﴿۸۱﴾

''હા ! કેમ નહીં જે ગુનાહ કમાયા અને તેની ખતા તેને ઘેરી લે, તે દોઝખવાળાઓમાં છે, તેઓને હમેશાં તેમાં રહેવાનું.'' *(સૂ. બક઼રહ, આ. ૮૧)*

લખાણનો ખુલાસો એ છે કે કાફિરો હમેશાંના માટે જરૂર જહન્નમમાં જશે.

## ★ કુફ્ર શું છે ? ★

દીને ઈસ્લામની જરૂરિયાતમાંથી કોઈ એક વાતનો ઈન્કાર કરવો અથવા તેમાં શક કરવો અથવા તેનાથી નારાજ થવું અથવા તેને હકીર (તુચ્છ) સમજવું અથવા તેની તૌહીન કરવી આ બધુ કુફ્ર છે.

દા.ત. : અલ્લાહ તબારક વ તઆલાની ઝાત અથવા સિફાતથી ઈન્કાર કરવો અથવા અલ્લાહ તઆલાના રસૂલો અને નબીઓમાંથી કોઈ રસૂલ અથવા નબીનો ઈન્કાર કરવો અથવા અલ્લાહ તઆલાની કિતાબોમાંથી કોઈ કિતાબનો ઈન્કાર કરવો અથવા ફરિશ્તાઓનો ઈન્કાર

કરવો અથવા કયામતનો ઈન્કાર કરવો અથવા કોઈ નબી અથવા કોઈ રસૂલ અથવા કોઈ ફરિશ્તો અથવા કુર્આન અથવા કા'બાની તૌહીન કરવી.

આવી જ રીતે અમુક કામો પણ કુફ્ર છે, જેવી રીતે મૂર્તિને સજદો કરવો અથવા મૂર્તિ પૂજાની જગ્યાઓની તા'ઝીમ કરવી અથવા કાફિરોની દીનની નિશાનીઓ ઉપર અમલ કરવું. દા.ત. : જનોઈ પહેરવી, માથા ઉપર ચોટી રાખવી અથવા ઈસાઈઓની સલીબ (ક્રોસ) પહેરવું આ બધુ કુફ્રની વાતો છે. દરેક તે અકીદો તથા અમલો કુફ્ર છે જેનાથી ઈસ્લામને જૂઠ લાવવું અથવા તેની તૌહીન થતી હોય. જો કોઈ કુફ્ર (નું કામ, વાત) થઈ જાય તો તરત તેનાથી તૌબા કરીને કલ્મો પઢીને મુસલમાન થવું અને પત્નીથી ફરીવાર નિકાહ કરી લેવા જરૂરી છે. નહીં તો કુફ્રથી તૌબા કર્યા વગર મૃત્યુ પામો તો હમેશાંના માટે જહન્નમમાં રહેવું પડે. (અલ્લાહની પનાહ !)

**મસ્અલા તથા ફાયદા** : જે મુસલમાન થઈને કુફ્ર કરે તેને શરીઅતમાં "મુર્તદ" કહે છે અને દુનિયામાં મુર્તદની એ સજા છે કે તેને ત્રણ દિવસની મહોલત દેવામાં આવશે અને તે ત્રણ દિવસોમાં ઉલમાએ કિરામ તેને સમજાવશે અને તૌબાની માગણી કરશે જો તે તૌબા કરીને મુસલમાન થઈ ગયો તો ઠીક, નહીં તો ત્રીજા દિવસે બાદશાહે ઈસ્લામ તેને કત્લ કરી દેશે. *(બહારે શરીઅત, ૨/૧૬૪)*

## (૩) મુસલમાનનું ખૂન કરવું

મુસલમાનનું નાહક્ક ખૂન કરવું એ પણ જહન્નમમાં લઈ જવાવાળો ગુનાહે કબીરા છે. હદીષ શરીફમાં છે કે દુનિયાનું હલાક થવું અલ્લાહ તબારક તઆલાની નજીક એક મુસલમાનનું કત્લ થવાથી હલકુ છે. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

કુર્આન મજીદમાં છે કે :–

وَ مَنْ يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُهٗ جَهَنَّمُ خٰلِدًا فِيْهَا وَ غَضِبَ اللّٰهُ عَلَيْهِ وَ لَعَنَهٗ وَ اَعَدَّ لَهٗ عَذَابًا عَظِيْمًا ﴿۹۳﴾

"જે કોઈ મુસલમાનને જાણી જોઈને કત્લ કરે તો તેનો બદલો જહન્નમ છે કે મુદ્દતો તેમાં રહે અને અલ્લાહે તેની ઉપર ગઝબ કર્યો અની તેની ઉપર લા'નત કરી અને તેના માટે તૈયાર રાખ્યો મોટો અઝાબ." *(સૂરએ નિસાઅ, આ. ૯૩)*

બીજી આયતમાં આ ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

وَ لَا تَقْتُلُوا النَّفْسَ الَّتِیْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ ذٰلِكُمْ وَصّٰىكُمْ بِهٖ لَعَلَّكُمْ تَعْقِلُوْنَ۝

"અને જે જાનની અલ્લાહે હુર્મત રાખી છે તેને નાહક્ક ન મારો, આ તમને હુકમ ફર્માવ્યો છે કે તમને અક્કલ થાય."

*(સૂરએ અન્આમ, આ. ૧૫૧)*

એક બીજી આયતમાં આવી રીતે ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

وَ لَا تَقْتُلُوْۤا اَنْفُسَكُمْ ؕ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِیْمًا۝

"અને પોતાની જાનો કત્લ ન કરો, બેશક ! અલ્લાહ તમારી ઉપર મહેરબાન છે." *(સૂરએ નિસાઅ, આ. ૨૯)*

એક બીજી આયતમાં છે કે :–

وَ لَا تَقْتُلُوْۤا اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍ ؕ نَحْنُ نَرْزُقُكُمْ وَ اِیَّاهُمْ ۚ

"અને પોતાની **ઔલાદ કત્લ ન કરો મુફલિસીના સબબે, અમે** તમને અને તેમને **બધાને રોજી આપીશું"**

*(સૂરએ અન્આમ, આ. ૧૫૧)*

અને એક બીજી આયતમાં આ પણ ફર્માવ્યું છે કે :–

وَ اِذَا الْمَوْءٗدَةُ سُئِلَتْ۝ بِاَیِّ ذَنْۢبٍ قُتِلَتْ۝

"અમે જ્યારે જીવતી દબાવવામાં (દાટવામાં) આવેલીને પૂછવામાં આવે, કઈ ખતા ઉપર મારવામાં આવી." *(સૂરએ તકવીર, આ. ૮,૯)*

**હદીષ ૧** : હઝરત અબૂ સઈદ તથા હઝરત અબૂ હુરૈરહ રضی اللہ عنہથી રિવાયત છે કે, "જો તમામ આસમાન તથા જમીનવાળા એક

મુસલમાનનું ખૂન કરવામાં ભેગા થઈ જાય તો અલ્લાહ તઆલા તે બધાને મોઢાના બળે ઊંધા કરીને જહન્નમમાં નાખી દેશે.''

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૪૦૩, ૩/૧૦૦)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું કે, (કયામતના દિવસે) મક્‌તૂલ (જેનું કત્લ થયું હોય તે)ની રગોથી લોહી વહેતુ હશે અને તે પોતાના કાતિલના માથાનો આગળનો હિસ્સો પોતાના હાથમાં પકડી અને એ કહેતો અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થશે અને કહેશે, હે પરવરદિગાર ! આણે મને કત્લ કર્યો છે, ત્યાં સુધી કે તે અર્શ સુધી પહોંચીને અલ્લાહ તઆલાના દરબારમાં પોતાનો મુકદ્દમો પેશ કરશે.''

*(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૩૦૪૦, ૫/૨૩)*

**હદીષ ૩** : હઝરત અબૂ દરદાઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, ''દરેક ગુનાહના બારામાં ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા બખ્શી દેશે, પણ જે શિર્કની હાલતમાં મૃત્યુ પામ્યો અને જેણે કોઈ મુસલમાનને જાણી જોઈને કત્લ કરી દીધો તે બંને (ગુનાહ)ને નહીં બખ્શે.'' *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૩૪૬૮, ૨/૨૮૯, સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૨૭૦, ૪/૧૩૯)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ એક મુસલમાનના કત્લમાં મદદ કરે જો કે તે એક શબ્દ બોલીને પણ મદદ કરે તો તે એ હાલમાં (કયામતના દિવસે) અલ્લાહ તઆલાના દરબારમાં હાજર થશે કે તેની બંને આંખોની વચ્ચે આ પ્રમાણે લખ્યું હશે : ''આ અલ્લાહ તઆલાની રહ્‌મતથી માયૂસ થઈ જવાવાળો છે.''

*(સુનને ઈબ્ને માજહ, હદીષ નં. ૨૬૨૦, ૩/૨૬૨)*

**મસ્અલા તથા ફાયદા** : લખાણનો ખુલાસો એ છે કે કોઈ મુસલમાનને કત્લ કરવું ખૂબ જ સખત ગુનાહે કબીરા છે. પછી જો મુસલમાનનું કત્લ તેના ઈમાનની અદાવતથી હોય અથવા કાતિલ

મુસલમાનના ખૂનને હલાલ જાણતો હોય તો આ કુફ્ર થઈ ગયું અને ક઼ાતિલ કાફિર થઈને હમેશાંના માટે જહન્નમમાં સળગતો રહેશે. અને જો કેવળ દુનયવી અદાવતથી મુસલમાનને ક઼ત્લ કરી દે અને તે ક઼ત્લને હલાલ ન જાણે તો પણ આખેરતમાં તેની એ સજા છે કે ખૂબ લાંબી મુદ્દત સુધી જહન્નમમાં રહેશે.

દુનિયામાં ક઼ત્લ થવાવાળાના વારિસોને ઈખ્તિયાર છે કે જો તે ચાહે તો ક઼ાતિલને ક઼ત્લ કરીને બદલો લઈ લે, અને જો ચાહે તો ૧૦૦ ઊંટ અથવા તેની કિંમત ક઼ાતિલથી ખૂનબહા તરીકે લઈ લે, અને ચાહે તો ક઼ાતિલને માફ કરી દે.

## (૪) વ્યભિચાર

આ તે જુલ્મ છે કે દુનિયાની તમામ ક઼ૌમોની નજીક ખરાબ કામ અને જુર્મ તથા ગુનોહ છે. અને ઈસ્લામમાં આ કબીરો ગુનોહ છે. અને દુનિયા તથા આખેરતમાં હલાક઼ થવાનું કારણ અને જહન્નમમાં લઈ જવાવાળુ બદ્‌તરીન કામ છે.

કુર્આને મજીદમાં અલ્લાહ તબારક તઆલાએ ફર્માવ્યું :–

وَلَا تَقْرَبُوا الزِّنٰۤى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيْلًا ﴿۳۲﴾

"અને વ્યભિચારની પાસે ન જાવ, બેશક ! તે બેહયાઈ છે અને ખૂબ જ ખરાબ રસ્તો." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩ર)*

અલ્લાહુ અકબર ! વ્યભિચાર ખૂબ ખરાબ અને મોટી વાત છે. ઈર્શાદે રબ્બાની છે કે, વ્યભિચારની નજીક પણ ન જાવ ! એટલે તે વાતોથી પણ બચતા રહો જે તમને વ્યભિચારની તરફ લઈ જાય. એક બીજી આયતમાં આ ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ؕ ذٰلِكَ اَزْكٰى لَهُمْ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا يَصْنَعُوْنَ ﴿۳۰﴾ وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ

"(હે રસૂલ !) મુસલમાન મર્દોને હુકમ આપો કે પોતાની નિગાહો થોડીક નીચી રાખે અને પોતાની શર્મગાહો (ગુપ્તાંગ)ની હિફાઝત કરે. આ તેમના માટે ખૂબ પાક છે. બેશક ! અલ્લાહને તેમના કામોની ખબર છે અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો કે પોતાની નિગાહો કાંઈક નીચી રાખે અને પોતાની પારસાઈ (પાકીની) હિફાઝત કરે."

*(સૂરએ નૂર, આ. ૩૦, ૩૧)*

વ્યભિચારની બુરાઈ તથા મનાઈના બારામાં નીચે જણાવેલ થોડીક હદીષો પણ પઢી લઈએ :–

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "વ્યભિચાર કરવાવાળો જેટલીવાર સુધી વ્યભિચાર કરતો રહે છે તે સમય સુધી તે મો'મિન નથી રહેતો."

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૮૧૦, ૪/૩૩૮)*

મતલબ એ છે કે વ્યભિચાર કરતા સમયે ઈમાનનું નૂર તેનાથી અલગ થઈ જાય છે. પછી જો તેનાથી તૌબા કરી લે છે તો તેનું નૂરે ઈમાન પાછુ તેને મળી જાય છે, નહીં તો નહીં !

**હદીષ ૨** : હઝરત સફવાન બિન અસ્આલ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ આયાતે બય્યિનાતનો ઝિક્ર કરતાં ઈર્શાદ ફર્માવ્યો : (૧) શિર્ક ન કરો. (૨) ચોરી ન કરો. (૩) વ્યભિચાર ન કરો. (૪) અને તે જાનને કત્લ ન કરો જેને અલ્લાહ તઆલાએ હરામ ફર્માવ્યું પણ હક્કની સાથે. (૫) કોઈ બે ગુનાહને બાદશાહની સામે કત્લ માટે પેશ ન કરો. (૬) જાદૂ ન કરો. (૭) વ્યાજ ન ખાવ. (૮) કોઈ પાક દામન સ્ત્રી ઉપર વ્યભિચારનો આરોપ ન લગાડો. (૯) કાફિરો સામે જેહાદથી જંગનું મેદાન છોડીને ન ભાગો. (૧૦) અને ખાસ યહૂદીઓના માટે એ કે શનિવારના દિવસનો એહતરામ (અદબ) ન કરો.

*(જામેઅ તિર્મિઝી, હદીષ નં. ૨૭૪૨, ૪/૩૩૫)*

**હદીષ ૩** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺથી એક શખ્સે સવાલ કર્યો કે કયો ગુનોહ અલ્લાહ

તઆલાની નજીક વધારે મોટો છે ? આપ ﷺએ ફર્માવ્યું, તમે અલ્લાહ તઆલા માટે કોઈને શરીક ઠરાવો જો કે અલ્લાહ તઆલાએ જ તમને પેદા કર્યા. તો તે શખ્સે કહ્યું, તેના પછી કયો ગનોહ સૌથી મોટો છે ? આપ ﷺએ ફર્માવ્યું, તમે પોતાની ઔલાદને એ ડરથી કૃત્લ કરો કે તમારી સાથે ખાશે. આની ઉપર તે શખ્સે કહ્યું કે તેના પછી કયો ગુનોહ વધારે મોટો છે ? તો આપ ﷺએ ફર્માવ્યું, એ છે કે તમે પોતાના પડોસીની પત્નીની સાથે વ્યભિચાર કરો. અલ્લાહ તઆલાએ તેનું સમર્થન કુર્આન મજીદમાં નાઝિલ ફર્માવી આપી કે :–

وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ وَلَا يَزْنُوْنَ

"અને તે જે અલ્લાહની સાથે કોઈ બીજા મઅબૂદને નથી પૂજતા અને તે જાનને જેને અલ્લાહ ﷻએ હુર્મત રાખી, નાહક્ક નથી મારતા અને બદ્કારી નથી કરતા." *(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, આ. ૬૮, સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૮૬૧, ૪/૩૫૬)*

**મસ્અલા તથા ફાયદા** : વ્યભિચાર ખૂબ જ સખત હરામ અને ગુનાહે કબીરા છે. જેની સજા આખેરતમાં જહન્નમનો અઝાબ અને દુનિયામાં વ્યભિચારીની એ સજા છે કે વ્યભિચારી મર્દ તથા ઔરત જો કુંવારાં હોય તો બાદશાહે ઈસ્લામ તેમને આમ લોકોમાં ૧૦૦ કોરડા લગાડશે અને જો તે પરણિત છે તો તેમને આમ લોકોની સામે સંગસાર કરાવી દેશે, એટલે તેમની ઉપર પથ્થર વરસાવીને તેમને જાનથી મારી નાખશે. અને દુનિયામાં અલ્લાહ તઆલાના અઝાબના બારામાં એક હદીષમાં આવ્યું છે કે વ્યભિચારી કૌમમાં કષરતની સાથે (ખૂબ જ અધિક પ્રમાણમાં) મૌત થશે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૫૩૭૦, ૩/૧૪૮, મૌઅત્તા ઈમામ માલિક, હદીષ નં. ૧૦૨૦, ૨/૧૯)*

એક બીજી હદીષમાં આ પણ આવ્યું છે કે, વ્યભિચારી કૌમ દુષ્કાળમાં સપડાવી દેવામાં આવશે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૩૫૮૨, ૨/૩૧૪, ઈમામ અહમદ, હદીષ નં. ૧૭૮૩૯, ૬/૨૪૫)*

દુનિયા તથા આખેરતમાં આ ખરાબ કામનો અંજામ હલાક઼ થવું તથા બરબાદી છે. એટલા માટે મુસલમાનો માટે જરૂરી છે કે પોતાના સમાજને આ હલાક઼ કરવાવાળી બદ્કારીની નહૂસતથી બચાવે. અલ્લાહ તઆલા પોતાના હબીબ ﷺના તુફૈલમાં દરેક મુસલમાન મર્દ તથા ઔરતને આ મોટી બલાથી મેહફૂઝ રાખે. (આમીન)

## (૫) લવાતત (સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય)

આ ખૂબ જ ગંદુ અને છેલ્લી કક્ષાનું કામ વ્યભિચારથી પણ વધીને સખત ગુનાહે કબીરા છે અને જહન્નમમાં લઈ જવાવાળુ ખૂબ જ બદ્તરીન કામ છે. અલ્લાહ તઆલાએ ક઼ૌમે લૂત જેમણે સૌથી પહેલા આ ખરાબ કૃત્ય કર્યું હતું તેમને કુર્આન મજીદમાં વારંવાર બદ્તરીન મુજરિમ ઠરાવ્યા છે. અને કુર્આન મજીદમાં ક્યાંક તે લોકોને "મુજરિમીન" ક્યાંક "મુસરિફીન" ક્યાંક "ફાસિક઼ીન" ફર્માવીને તે લોકોના ગુનાહોનું એલાન અને તે ખરાબ કામની નિંદાનું બયાન ફર્માવ્યું. અને કુર્આને મજીદની ઘણી બધી સૂરતોમાં ઠેક ઠેકાણે તેનો ઝિક્ર ફર્માવ્યો કે ક઼ૌમે લૂત ઉપર તેના આ ખરાબ અમલોની સજામાં સખ્ત પથ્થરનો વરસાદ વરસ્યો અને ધરતીકંપનો અઝાબ મોકલીને તેમની વસ્તીઓને ઉલટ પુલટ કરી દીધી અને પૂરી વસ્તીને નેસ્તોના'બૂદ કરીને તે ક઼ૌમને દુનિયાથી ના'બૂદ કરી દીધી. સૂરએ અઅ્‌રાફમાં ફર્માવ્યું :–

وَ لُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفَاحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ﴿۸۰﴾ اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِؕ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ﴿۸۱﴾

"અને લૂત (علیہ السلام)ને મોકલ્યા. જ્યારે તેમણે પોતાની ક઼ૌમથી કહ્યું, શું તે બેહયાઈ કરો છો જે તમારાથી પહેલાં દુનિયામાં કોઈએ ન કરી. તમે તો મર્દોની પાસે વાસના સાથે જાવ છો અને ઔરતો છોડીને, બલ્કે તમે લોકો હદથી વધી ગયા." *(સૂરએ અઅ્‌રાફ, આ. ૮૦, ૮૧)*

પછી અલ્લાહ તબારક વ તઆલાએ તે લોકોના હલાક઼ થવાનું બયાન ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

وَ اَمۡطَرۡنَا عَلَيۡهِمۡ مَّطَرًا ؕ فَانۡظُرۡ كَيۡفَ كَانَ عَاقِبَةُ الۡمُجۡرِمِيۡنَ۠

"અને અમે તેમની ઉપર (પથ્થરોનો) એક વરસાદ વરસાવ્યો તો જુઓ કેવો અંજામ થયો મુજરિમોનો." *(સૂરએ અઅ્રાફ, આ. ૮૪)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

وَ لُوۡطًا اٰتَيۡنٰهُ حُكۡمًا وَّ عِلۡمًا وَّ نَجَّيۡنٰهُ مِنَ الۡقَرۡيَةِ الَّتِىۡ كَانَتۡ تَّعۡمَلُ الۡخَبٰٓئِثَ ؕ اِنَّهُمۡ كَانُوۡا قَوۡمَ سَوۡءٍ فٰسِقِيۡنَ

"અને લૂત عليه السلامને અમે હુકૂમત અને ઈલ્મ આપ્યો અને તેમને તે વસ્તીથી નજાત બખ્શી જે ગંદા કામ કરતી હતી. બેશક ! તે ખરાબ લોકો બેહુકમ હતા." *(સૂરએ અંબિયા, આ. ૭૪)*

**હદીષ ૧** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "સૌથી વધારે જે વાતનો મને મારી ઉમ્મત પર ડર છે તે ક઼ૌમે લૂતનો અમલ." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૪૬૨, ૩/૧૩૮)*

**હદીષ ૨** : હઝરત ખુઝૈમા બિન ષાબિત رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલા હક્ક઼ વાત કહેવાથી નથી શરમાતો. તમે લોકો સ્ત્રીઓથી તેમના પાછળના સ્થળમાં જિમાઅ (સંભોગ) ન કરો."

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૧૯૨૪, ૨/૪૫૦)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જે કોઈ પુરૂષ અથવા સ્ત્રીના પાછળના સ્થળમાં સંભોગ કરે અલ્લાહ તઆલા તેની ઉપર રહ઼મત નહીં ફર્માવશે." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૧૬૮, ૨/૩૮૮)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જેને તમે ક઼ૌમે લૂતનો અમલ કરતાં

પામો તો કામ કરનાર તથા પ્રકૃતિ વિરુદ્ધનું કામ કરાવનાર (એટલે જેની સાથે કામ થઈ રહ્યું છે) બંનેને ક઼ત્લ કરી દો.''

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૪૬૧, ૩/૧૩૭)*

**હદીષ ૫** : હઝરત અમ્ર અબી અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે, ''જે ક઼ૌમે લૂતનો અમલ કરે તે મલ્ઊન છે.''

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૪૬૧, ૩/૧૩૭)*

**હદીષ ૬** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે આખરી જમાનામાં કેટલાક હશે જે ''લૂતિયા'' કહેવાશે અને તે ત્રણ પ્રકારના લોકો હશે : એક તે જે કેવળ છોકરાઓના ચહેરા જોશે અને તેમનાથી વાતચીત કરશે. બીજા તે હશે જે છોકરાઓથી મુસાફો અને મુઆનિકા (ગળે લગાડવું) પણ કરશે. ત્રીજા તે લોકો હશે જે તે છોકરાઓની સાથે ખરાબ કૃત્ય કરશે. તો તે બધા ઉપર અલ્લાહ તબારક વ તઆલાની લા'નત છે, પણ જે લોકો તૌબા કરી લેશે અલ્લાહ તઆલા તેમની તૌબા ક઼બૂલ કરી લેશે અને તે લા'નતથી બચી જશે.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૩૧૨૯, ૩/૧૩૫)*

**હદીષ ૭** : હઝરત વકીઅ رضی اللہ عنہથી મરવી છે કે, ''જે શખ્સ કૌમે લૂતનો અમલ કરતાં મૃત્યુ પામશે તો તેની ક઼બ્ર તેને ક઼ૌમે લૂતમાં પહોંચાડી દેશે અને તેનો હશ્ર ક઼ૌમે લૂત સાથે થશે.''

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૩૧૨૭, ૩/૧૩૫)*

**મસ્અલા તથા ફાયદા** : દુનિયામાં પણ લૂતીની સજા ખૂબ સખત છે. હઝરત ઈમામ શાફઈ તથા હઝરત ઈમામ માલિક તથા હઝરત ઈમામ અહમદ બિન હંબલ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)નો એ મઝહબ છે કે લૂતી ભલે કુંવારો હોય અથવા લગ્ન કરે લો સંગસાર કરીને (પથ્થરો મારીને) મારી નાખવામાં આવશે. *(સુનને તિર્મિઝી, ૩/૧૩૭)*

## ★ લૂતીના માટે ઈમામે આ'ઝમ رضی اللہ عنہનો ફત્વો ★

અને હનફી મઝહબ એ છે કે તેની ઉપર દીવાલ પાડવામાં આવે

અથવા ઊંચી જગ્યાથી તેને ઊંધો કરીને ફેંકે અને તેની ઉપર પથ્થર વરસાવે અથવા તેને કૈદમાં રાખે ત્યાં સુધી કે મૃત્યુ પામે અથવા તૌબા કરી લે અથવા કેટલીકવાર આ ખરાબ કામ કર્યું હોય તો બાદશાહે ઈસ્લામ તેને કત્લ કરી નાખે. અગ્લામબાજી એટલે પાછળના સ્થળમાં સંભોગ કરવું ખૂબ જ ખરાબ કૃત્ય છે, બલ્કે તે વ્યભિચારથી પણ બદ્તર છે. એટલા માટે તેમાં શરીઅતની હદ નક્કી નથી કે અમુક ઈમામોની નજીક હદ નક્કી કરવાથી માણસ તે ગુનાહથી પાક થઈ જાય છે અને એટલો સખત અને ખરાબ ગુનોહ છે કે જ્યાં સુધી સાચી તૌબા ન કરે તે ગુનાહથી પાકી હાંસલ નહીં થશે અને **આ ગુનાહને હલાલ જાણવાવાળો કાફિર છે.** આ જ મઝહબ જમહૂર (બહુમતિ ઉલમા)નો છે.

*(બહારે શરીઅત, ૨/૯૨)*

## (૬) ચોરી

ચોરી પણ ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળુ હરામ કામ છે. કુર્આને મજીદ અને હદીષોમાં તે હરામ કામની ખૂબ જ પ્રમાણમાં નિંદા તથા મના કરવામાં આવી છે. અને દુનિયા તથા આખેરતમાં તેની મોટી સખત સજા નક્કી કરેલી છે કે કુર્આને મજીદમાં ફર્માવ્યું :–

وَ السَّارِقُ وَ السَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءً بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللّٰهِ ؕ وَ اللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۳۸﴾

"અને જે પુરૂષ અથવા સ્ત્રી ચોર હોય તો તેનો હાથ કાપો તેમના કૃત્યનો બદલો અલ્લાહની તરફથી સજા અને અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે." *(સૂરએ માઈદા, આ. ૩૮)*

અને હદીષ શરીફમાં છે કે, "હુઝૂરે અક્દસ ﷺએ આયતે બૈયેનાતનું બયાન ફર્માવતા ઈર્શાદ ફર્માવ્યો, ولا تسرقوا, "ચોરી ન કરો." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૪૨, ૪/૩૩૫)*

બીજી હદીષમાં છે કે, "لا يسرق السارق حين يسرق وهو مومن" એટલે ચોર જે સમયે ચોરી કરે છે તે સમયે મો'મિન નથી રહેતો."

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૫૭, પેજ : ૪૮)*

મતલબ એ કે ચોરી કરતા સમયે તે ગુનાહની નહૂસતથી તેનું નૂરે ઈમાન તેનાથી અલગ થઈ જાય છે અને પછી જ્યારે તે એ ગુનાહથી તૌબા કરી લે છે તો તેનું નૂરે ઈમાન તેને પાછુ મળી જાય છે.

**મસ્અલા તથા ફાયદા :** ચોરે જો ૧૦ દિરહમ અથવા તેનાથી વધારે માલની ચોરી કરી છે તો તેનો જમણો હાથ કાંડા સુધી કાપી નાખવામાં આવશે અને તેના કાપેલા હાથને તેના ગળામાં લટકાવીને શહેરમાં ફેરવવામાં આવશે કે લોકોને ઈબ્રત હાંસલ થાય. પછી જો બીજીવાર ચોરી કરે તો તેનો ડાબો પગ ઘૂંટીએથી કાપવામાં આવશે. હાથ કાપ્યા પછી ચોરીનો માલ ચોરની પાસે મૌજૂદ હોય તો માલિકને તે માલ આપી દેવામાં આવશે. અને જો ચોરની પાસેથી તે માલ વેડફાય ગયો હોય તો ચોરથી તેના નુકસાનની ભરપાઈ લેવામાં આવશે નહીં.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, સૂરએ માઈદા, આ. ૩૮)*

યાદ રાખશો કે ડાકૂગીરી કરવી, લૂટમાર કરવું, કોઈની જમીન અથવા માલ તથા જાઈદાદને હડપ કરી લેવું, કોઈથી થોડા સમય માટે કોઈ સામાન લઈ પાછો ન આપવો, કોઈથી કર્ઝો લઈ તેને અદા ન કરવો, કોઈની અમાનતમાં ખયાનત કરવું વગેરે. આ બધા ચોરીની જેમ ગુનાહે કબીરા છે અને આ બધા કહ્હારના કહેર તથા જબ્બારના ગઝબમાં ગિરફતાર થવાના કારણો અને જહન્નમના અઝાબનાં કારણો છે.

## (૭) શરાબ (દારૂ)

શરાબને હુઝૂરે અકરમ ﷺએ ઉમ્મુલ ખબાઈષ એટલે તમામ ગુનાહોનું જડ (મૂળ) ફર્માવ્યું છે. અને અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં તેને હરામ ફર્માવ્યું અને હદીષોમાં પણ કષરતથી તેની હુર્મત અને વિરોધનો ઝિક્ર આવ્યો છે.

કુર્આને મજીદમાં છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ۝۹۰ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَ الْمَيْسِرِ وَ يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ۝۹۱

''હે ઈમાનવાળાઓ ! દારૂ અને જૂગાર અને મૂર્તિઓ અને પાસાઓ અપવિત્ર જ છે, શૈતાની કાર્યો. તો એનાથી બચતા રહેશો કે (જેથી) તમે સફળતા પામો. શૈતાન એ જ ઈચ્છે કે તમારામાં વેર અને દુશ્મની નંખાવે દારૂ અને જૂગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે તો શું તમે ત્યજયું.'' *(સૂ. માઈદા, ૯૦–૯૧)*

શરાબની બુરાઈના બારામાં થોડીક હદીસો પણ પઢી લઈએ :–

**હદીષ ૧** : હઝરત વાઈલ હઝરમી رضی اللہ عنہથી રિવાયત છે કે તારિક બિન સુવૈદ رضی اللہ عنہએ શરાબના બારામાં પૂછયું તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમને મના ફર્માવી દીધું. તો તેમણે કહ્યું કે હું તો કેવળ દવા માટે શરાબ બનાવું છું. તો હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું કે તે દવા નથી, તે એક ખૂબ જ મોટી બીમારી છે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૯૮૪, પેજ : ૧૦૯૭)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શરાબ પી લેશે ૪૦ દિવસ સુધી તેની નમાઝ કૂબૂલ થશે નહીં પણ જો તેણે તૌબા કરી લીધી તો અલ્લાહ તબારક વ તઆલા તેની તૌબા કૂબૂલ ફર્માવશે. પછી જો બીજીવાર તેણે શરાબ પીધી તો પછી ૪૦ દિવસ સુધી તેની નમાઝ કૂબૂલ થશે નહીં. પણ જો તેણે તૌબા કરી લીધી તો અલ્લાહ તઆલા તેની તૌબા કૂબૂલ કરશે. પછી જો તેણે ત્રીજીવાર શરાબી પીધી તો પછી ૪૦ દિવસો સુધી તેની નમાઝ કૂબૂલ થશે નહીં પણ જો તેણે તૌબા કરી લીધી તો અલ્લાહ તઆલા તેની તૌબા કૂબૂલ ફર્માવશે. પછી જો ચોથીવાર તેણે શરાબ પીધી તો પછી ૪૦ દિવસો સુધી તેની નમાઝ કૂબૂલ થશે નહીં પણ તેના પછી જો તેણે

તૌબા કરી તો તેની તૌબા કબૂલ નહીં અને કયામતના દિવસે તેને જહન્નમમાં દોઝખીઓના પરુની નહેરમાંથી પીવડાવવામાં આવશે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૮૬૯, ૩/૩૪૧)*

**હદીષ ૩** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "જે ચીજ વધારે માત્રામાં નશો લાવે તો તેની થોડીક માત્રા પણ હરામ છે." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૮૭૨, ૩/૩૪૩)*

**હદીષ ૪** : હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે અમારે ત્યાં એક યતીમ પુત્રની શરાબ રાખેલી હતી. જયારે સૂરએ માઈદા નાઝિલ થઈ (અને શરાબ હરામ થઈ ગઈ) તો મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી તેના બારામાં પૂછયું અને એ પણ કહ્યું કે તે એક યતીમની છે. તો આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે તેને વહેવડાવી દો.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૨૬૭, ૩/૩૩)*

**હદીષ ૫** : હઝરત અનસ رضی اللہ عنہ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہથી નકલ ફર્માવે છે કે તેમણે કહ્યું, હે અલ્લાહ عزوجلના નબી ! صلی اللہ علیہ وسلم મેં થોડાક યતીમોના માટે શરાબ ખરીદી છે જેઓ મારી પરવરિશમાં છે. તો આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શરાબને વહેવડાવી દો અને માટલાંઓને તોડી નાખો."

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૨૯૭, ૩/૪૬)*

**હદીષ ૬** : હઝરત દૈલમી હમીરી رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે મેં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમે એક ઠંડી જમીનમાં (ઠંડા પ્રદેશમાં) રહીએ છીએ અને અમે ખૂબ સખત મહેનતનું કામ કરીએ છીએ અને અમે ઘઉંની શરાબ બનાવીએ છીએ કે અમે તેને પીને અમારા કામોની તાકત અને અમારા શહેરોની ઠંડી ઉપર કાબૂ હાંસલ કરીએ. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે તે નશો લાવે છે ? તો મેં કહ્યું, હા ! તો આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે પછી તેનાથી બચો. તો મેં કહ્યું, અમારે ત્યાંના લોકો તેને નથી છોડી શકતા તો ઈર્શાદ ફર્માવ્યો કે જો લોકો તેને ન છોડે તો તમે તે લોકોથી જેહાદ કરો.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૩૬૮૩, ૩/૪૬૦)*

**હદીષ ૭** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ શરાબ અને જૂગાર અને શતરંજ (એક પ્રકારની રમત) અને બાજરાની શરાબથી મના ફર્માવ્યું અને એ ફર્માવ્યું કે **દરેક નશો લાવવાવાળી ચીજ હરામ** છે.''

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૩૬૮૫, ૩/૪૬૦)*

**હદીષ ૮** : હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે ત્રણ વ્યક્તિ જન્નતમાં દાખલ નહીં થશે : (૧) હમેશાં શરાબ પીવાવાળો (૨) રિશ્તેદારીને કાપવાવાળો (૩) જાદૂની તસ્દીક (સાચુ બતાવવું) કરવાવાળો. *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૩૬૮૫, ૪/૪૬૦)*

**હદીષ ૯** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હમેશાં માટે શરાબ પીવાવાળો જો તે જ હાલતમાં મૃત્યુ પામ્યો તો તે અલ્લાહ તઆલાના દરબારમાં કયામતના દિવસે એવી રીતે આવશે જેમ કે એક બુતપરસ્ત (મૂર્તિની પૂજા કરવાવાળો).

*(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૨૪૫૨, ૧/૫૮૩)*

**હદીષ ૧૦** : હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે હું તેની પરવા નથી કરતો કે શરાબ પી લઉં અથવા આ થાંભલાની ઈબાદત કરી લઉં. (એટલે તે બંને હરામ અને ગુનાહનાં કામ છે, તે બંનેથી સમાન રીતે બચવું જોઈએ.) *(સુનને નિસાઈ, ૩/૩૧૪)*

**હદીષ ૧૧** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ શરાબના બારામાં ૧૦ વ્યક્તિઓ ઉપર લા'નત ફર્માવી : (૧) શરાબ નીચોવવાવાળા ઉપર (૨) શરાબ નીચોડવા (નું કામ કરાવવા)વાળા ઉપર (૩) શરાબ વેચવાવાળા ઉપર (૪) શરાબ ઉઠાવવાવાળા ઉપર (૫) તેની ઉપર જેની તરફ શરાબ ઉઠાવી લઈ જવામાં આવી (૬) શરાબ પીવડાવવાવાળા ઉપર (૭) શરાબની કિંમત ખાવાવાળા ઉપર (૮) શરાબ વેચવાવાળા ઉપર (૯) શરાબ ખરીદવાવાળા ઉપર (૧૦) તેની ઉપર જેના માટે શરાબ ખરીદવામાં આવી હોય. *(સુનને તિર્મિઝી શરીફ, હદીષ નં. : ૧૨૯૯, ૩/૪૭, સુનને ઈબ્ને માજા શરીફ, હદીષ નં. : ૩૩૮૧, ૪/૬૫)*

**મસ્અલા તથા ફાયદા :** શરાબ અને તાડીનું પીવું અને તેનો વેપાર કરવો તેને ખાવાની અથવા લગાડવાની દવાઓમાં મેળવવું બધું જ હરામ છે, અને શરાબ તથા તાડી નાપાક છે. જો તે શરીર અથવા કપડાંઓ ઉપર લાગી જાયતો શરીર અને કપડાં નાપાક થઈ જશે. અને એક ટીપુ શરાબ અથવા તાડીનું કૂવામાં પડી જાય તો કૂવો નાપાક થઈ જશે અને કૂવાનું કુલ (બધુ) પાણી કાઢીને કૂવાને પાક કરવો જરૂરી છે. દુનિયામાં તાડી, શરાબ વેચવાવાળાની સજા એ છે કે તેને ૮૦ કોરડા મારવામાં આવશે અને આખેરતમાં તે લોકોની સજા જહન્નમનો દર્દનાક અઝાબ છે.

## (૮) જૂગાર

જૂગાર રમવું અને જૂગારના દ્વારા મેળવેલી આવક હરામ, અને તેનો ઉપયોગ ગુનાહે કબીરા છે અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. કુર્આન મજીદની સૂરએ માઈદામાં "اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ" (સૂરએ માઈદા, આ. નં. ૯૦) ફર્માવીને અલ્લાહ તઆલાએ શરાબ અને જૂગારને હરામ ફર્માવી દીધું છે. અને હદીષમાં રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ જૂગાર રમવાની હુર્મત (હરામ હોવું) તથા મુમાનિઅત (મના)નું બયાન કરતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

**હદીષ ૧ :** હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે "નરદ" (જૂગાર રમવાનું યંત્ર)થી રમે તેણે અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺની નાફર્માની કરી. *(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૩૭૬૨, ૪/૨૩૦, સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૯૩૮, ૪/૩૭૧)*

**હદીષ ૨ :** હઝરત બુરીદા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જેણે નરદ શેર (જૂગાર રમવાનો સામાન)થી જૂગાર રમ્યો તો જાણે તેણે પોતાના હાથ સુવ્વર (ભૂંડ)ના ગોશ્ત અને ખૂનમાં ડૂબોડયો. *(સુનને ઈબ્ને માજા શરીફ, હદીષ નં. ૩૭૬૩, ૪/૨૩૧, સુનને ઈબ્ને અબૂ દાઊદ શરીફ, હદીષ નં. ૪૯૩૯, ૪/૩૭૧)*

**મસ્અલા તથા ફાયદા :** જૂગાર રમવું હરામ તથા ગુનોહ છે. અને તેનાથી હાંસલ કરેલી કમાઈ પણ હરામ તથા નાજાઈઝ છે. જૂગાર રમવાનો બધો સામાન તથા યંત્રો વેચવું અને ઉપયોગ કરવો નાજાઈઝ તથા ગુનોહ છે. બલ્કે મસ્અલો એ છે કે જૂગાર રમવાના યંત્રોને જો કોઈ તોડી ફોડી નાખે તો તેનાથી કોઈ નુકસાનની ભરપાઈ લેવામાં આવશે નહીં. આ જમાનામાં લોટરીનો ખૂબ જ રિવાજ છે પણ ખૂબ સમજી લો કે આ પણ એક પ્રકારનો જૂગાર છે અને તેના દ્વારા ઈનામના નામથી જે રકમ મળે છે તે જૂગારના દ્વારા કમાયેલી છે એટલા માટે આ પણ નાજાઈઝ છે. દરેક મુસલમાને તેનાથી બચવું શરીઅત મુજબ લાઝિમ તથા જરૂરી છે.

*(**નોંધ** : આજના ઈ.સ. ૨૦૧૩ના જમાનામાં I.P.L.નો જૂગાર ખૂબ જ પ્રમાણમાં વધી ગયો છે. આ પણ એક પ્રકારનો જૂગાર જ છે. તેના સિવાય બીજી રમતો જેમ કે ફૂટબોલ, હોકી વગેરે ઉપર પણ જૂગાર રમાય છે, રેશના ઘોડાની દોડ, આંકડાની રમત....વગેરે...*

*–ગુજરાતી અનુવાદક)*

## (૯) સૂદ (વ્યાજ)

અલ્લાહ તબારક વ તઆલાએ વ્યાજને હરામ કર્યું છે અને ખૂબ જ સખત ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળો ખરાબ અમલ છે. કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَ حَرَّمَ الرِّبٰوا ؕ فَمَنْ جَآءَهٗ مَوْعِظَةٌ مِّنْ رَّبِّهٖ فَانْتَهٰى فَلَهٗ مَا
سَلَفَ ؕ اَمْرُهٗۤ اِلَى اللّٰهِ ؕ وَمَنْ عَادَ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۷۵﴾
يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا وَيُرْبِي الصَّدَقٰتِ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿۲۷۶﴾

"અને અલ્લાહે હલાલ કર્યો વેપાર અને હરામ કર્યું વ્યાજ, તો જેને પોતાના રબ પાસેથી નસીહત મળી અને તે રોકાયો તો તેને હલાલ છે જે પહેલાં લઈ ચૂક્યો અને તેનું કામ અલ્લાહના હવાલે છે અને જે

હવે આવું કામ કરશે તો દોઝખી છે, તેઓ એમાં કેટલીય મુદ્દત રહેશે અલ્લાહ વ્યાજને નાશ કરે છે અને ખેરાતને વૃદ્ધિ આપે છે અને અલ્લાહને પસંદ નથી પડતો કોઈ આભાર ન માનનાર મોટો ગુનેહગાર."

*(સૂરએ બક્રહ, આ. નં. ૨૭૫, ૨૭૬)*

આવી જ રીતે બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ ذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰوا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ۝ فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَ رَسُوْلِهٖ

"હે ઈમાનવાળાઓ ! જો મુસલમાન હોઉ તો અલ્લાહથી ડરો અને બાકી પડતું વ્યાજ છોડી આપો. પછી જો આવુ ન કરો તો અલ્લાહ અને અલ્લાહના રસૂલ સાથે લડાઈનું યક્રીન કરી લો." *(સૂ. બક્રહ, આ. ૨૭૮, ૨૭૯)*

આવી રીતે એક બીજી આયતમાં પણ ઈર્શાદ ફર્માવ્યો કે :–

اَلَّذِيْنَ يَاْكُلُوْنَ الرِّبٰوا لَا يَقُوْمُوْنَ اِلَّا كَمَا يَقُوْمُ الَّذِيْ يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ

"તેઓ જે વ્યાજ ખાય છે ક્યામતના દિવસે ઉભા નહીં રહે પણ તેના જેમ ઉભા રહેશે જેને ભૂત પ્રેતે પકડીને ગાંડો બનાવી દીધો હોય. *(સૂરએ બક્રહ, આ. ૨૭૫)*

આવી જ રીતે હદીષોમાં વ્યાજની હુર્મત અને મનાઈનું કષરતની સાથે બયાન કરવામાં આવ્યું છે.

**હદીષ ૧** : હુઝૂર ﷺએ બર્બાદ કરવાવાળા કબીરા ગુનાહોનું બયાન ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો કે, "વ્યાજ ખાવુ પણ ગુનાહે કબીરા છે." *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૮૯, પેજ : ૬૦)*

**હદીષ ૨** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ વ્યાજ ખાવાવાળા અને વ્યાજ ખવડાવવાવાળા અને વ્યાજ લખવાવાળા અને વ્યાજના બંને ગવાહો પર લા'નત ફર્માવી અને આ ફર્માવ્યું કે બધા ગુનાહમાં સમાન છે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૫૯૮, પેજ : ૮૬૨)*

**હદીષ ૩** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેઅરાજની રાતે મને એક એવી ક઼ૌમની પાસે સફર કરાવવામાં આવી કે તેમનાં પેટો ઓરડાઓ જેમ હતાં, જેની અંદર સાપ ભરેલા હતા. જે પેટોની બહારથી નજર આવી રહ્યા હતા. તો મેં પૂછયું કે હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? તો તેમણે કહ્યું, આ વ્યાજ ખાવાવાળા છે ? *(સુનને ઈબ્ને માજા શરીફ, હદીષ નં. ૨૨૭૩, ૩/૭૧)*

**હદીષ ૪** : હઝરત અબ્દુલ્લાહ બિન હંઝલા رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ''વ્યાજનો એક દિરહમ જાણી જોઈને ખાવો પોતાની મા સાથે ૩૬ વખત વ્યભિચાર કરવાથી પણ વધારે સખત અને મોટો ગુનોહ છે.''

*(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૨૨૦૧૬, ૮/૨૨૩)*

**હદીષ ૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જરૂર જરૂર લોકો ઉપર એક એવો જમાનો આવશે કે કોઈ એવો બાકી ન રહેશે જે વ્યાજખોર ન હોય. અને જો વ્યાજ ખાશે નહીં તો વ્યાજનો ધુમાડો જ તેને પહોંચશે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૩૩૩૧, ૩/૩૩૦)*

**હદીષ ૬** : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું કે, ''બેશક ! વ્યાજ જો કે કેટલુય વધારે હોય પણ તેનો અંજામ માલની કમી છે.'' *(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. ૨૮૨૭, ૨/૫૨૪, મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૩૭૫૪, ૨/૫૦)*

**મસ્અલાઓ તથા ફાયદાઓ** : વ્યાજની હુર્મત (હરામ હોવું) ક઼તઈ તથા યક઼ીની છે. જે **વ્યાજને હલાલ બતાવે** અથવા **હલાલ જાણે તે કાફિર છે,** તે હમેશાં જહન્નમમાં રહેશે. કેમ કે દરેક હરામ ક઼તઈને હલાલ જાણવાવાળો કાફિર છે.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પારા : ૩, સૂરએ બક઼રહ, આ. ૨૭૫)*

# (૧૦) જાદૂ

જાદૂ કરવું હરામ અને ગુનાહે કબીરા છે અને જો જાદૂના મંત્રોથી શરીઅતને જૂઠલાવવું અથવા શરીઅતની તૌહીન થતી હોય તો આવુ જાદૂ કુફ્ર છે. કુર્આને મજીદમાં છે :

وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ

"હા ! શૈતાન કાફિર થયા લોકોને જાદૂ શિખવાડે છે."

*(સૂરએ બક્રહ, આ. ૧૦૨)*

**હદીષ ૧** : હદીષ શરીફમાં છે : હુઝૂરે અકરમ ﷺએ آیات بَیِّنَات અને કબીરા ગુનાહોનો ઝિક્ર કરતા ફર્માવ્યું, لا تسحروا એટલે કે જાદૂ ન કરો ! *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૪૨, ૩૩૫)*

**હદીષ ૨** : હઝરત ઈબ્નુલ મુસૈયબ رضی اللہ عنہથી રિવાયત છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ જાદૂગરને પકડયો અને તેની છાતીને કચડીને તોડી નાખી ત્યાં સુધી કે તે મૃત્યુ પામ્યો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૭૬૭૮, ૩/૩૧૯)*

**મસ્અલા તથા ફાયદા** : જો જાદૂ કુફ્રની હદ સુધી પહોંચ્યો હોય તો દુનિયામાં તેની સજા એ છે કે બાદશાહે ઈસ્લામ તેને કતલ કરાવી નાખે. હદીષ શરીફમાં છે કે, حد الساحر ضربة بالسيف એટલે જાદૂગરની સજા તેને તલ્વારથી કત્લ કરી દેવું છે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૪૬૫, ૩/૧૩૯)*

અને આખેરતમાં તેની સજા જહન્નમનો ખૂબ મોટો અઝાબ છે. જેની હોલનાકીઓ અને ખૌફનાકીઓનો કોઈ વિચાર પણ નથી કરી શકતું. અલ્લાહ તબારક વ તઆલા દરેક મુસલમાનને પોતાની હિફાઝત તથા અમાનમાં રાખે અને જહન્નમના દર્દનાક અઝાબથી મહેફૂઝ રાખે. (આમીન)

# (૧૧) યતીમનો માલ ખાવો

યતીમનો માલ ખાવો ખૂબ સખત હરામ અને ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ તેની બુરાઈનું બયાન કરતાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

إِنَّ الَّذِينَ يَأْكُلُونَ أَمْوَالَ الْيَتَامَىٰ ظُلْمًا إِنَّمَا يَأْكُلُونَ فِي بُطُونِهِمْ نَارًا ۖ وَسَيَصْلَوْنَ سَعِيرًا

"તે જે યતીમોનો માલ નાહક્ક ખાય છે તો તે પોતાના પેટમાં નર્યી આગ ભરે છે અને કોઈ પળ વીતે છે કે (તેઓ) ધીખતા ખાડામાં જશે."

*(સૂરએ નિસાઅ, આ. ૧૦)*

અને બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

وَآتُوا الْيَتَامَىٰ أَمْوَالَهُمْ ۖ وَلَا تَتَبَدَّلُوا الْخَبِيثَ بِالطَّيِّبِ ۖ وَلَا تَأْكُلُوا أَمْوَالَهُمْ إِلَىٰ أَمْوَالِكُمْ ۚ إِنَّهُ كَانَ حُوبًا كَبِيرًا

"અને યતીમોને તેમનો માલ આપો અને સ્વચ્છને બદલે ગંદુ ન લો. અને તેમના માલ પોતાના માલમાં મેળવીને ન ખાવ. બેશક ! એ મોટો ગુનોહ છે. *(સૂરએ નિસાઅ, આ. ૨)*

**હદીષ ૧** : હદીષ શરીફમાં હુઝૂર ﷺએ તે મોટા મોટા ગુનાહોને જે મુસલમાનને હલાક કરી નાખવાવાળા છે, બયાન કરતા ઈર્શાદ ફર્માવ્યો, "واکل مال الیتیم," એટલે યતીમનો માલ ખાઈ નાખવો તે ગુનાહે કબીરા છે જે મો'મિનને હલાકત (બર્બાદી)માં નાખી દેવાવાળો છે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૮૫૭, ૪/૩૫૪)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મુસલમાનોના ઘરોમાં સૌથી બેહતરીન ઘર તે છે જેમાં કોઈ યતીમ રહેતો હોય અને તેની સાથે

બેહતરીન વર્તાવ કરવામાં આવતો હોય. અને મુસલમાનોના ઘરોમાં સૌથી બદ્તરીન ઘર તે છે જેમાં કોઈ યતીમ રહેતો હોય અને તેની સાથે ખરાબ વર્તાવ કરવામાં આવતો હોય.''

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૩૬૭૯, ૪/૧૩૯)*

**મસ્અલા તથા ફાયદા :** યતીમના માલને નાહક્ક્ ખાવુ અથવા તેના કોઈ માલ અથવા સામાન અથવા તેની જમીન તથા મકાનને નાહક્ક્ તરીક઼ાથી લઈ લેવું અથવા તેને ધમકાવી દેવું અથવા કોઈ પ્રકારની ઈજા અને તકલીફ આપવી અથવા ખરાબ વર્તાવ કરવો આ બધું હરામ અને ગુનાહની વાતો છે. જેની સજા આખેરતમાં **જહન્નમનો મહાન અઝાબ** છે.

## (૧૨) જેહાદથી ભાગી જવું

કાફિરો સાથે જેહાદના સમયે મેદાને જંગથી ભાગી જવું ખૂબ જ સખત હરામ અને ગુનાહે કબીરા છે. જેની આખેરતમાં સજા જહન્નમનો અઝાબ છે. અલ્લાહ તબારક તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે કે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا لَقِيْتُمُ الَّذِيْنَ كَفَرُوْا زَحْفًا فَلَا تُوَلُّوْهُمُ الْاَدْبَارَ ﴿۱۵﴾ وَ مَنْ يُّوَلِّهِمْ يَوْمَىٕذٍ دُبُرَهٗۤ اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ فَقَدْ بَآءَ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَ مَاْوٰىهُ جَهَنَّمُ ؕ وَ بِئْسَ الْمَصِيْرُ ﴿۱۶﴾

''હે ઈમાનવાળાઓ ! જ્યારે કાફિરોના મોર્ચા સાથે તમારો સામનો થાય ત્યારે પીઠ ન ફેરવો અને જે તે દિવસે તેમને પીઠ દેખાડશે સિવાય કે યુદ્ધનો દાવ પેચ કરવા અથવા પોતાના જુથમાં જઈ ભળવા, તો તે અલ્લાહના ગઝબમાં પાછો ફર્યો અને તેનું ઠેકાણુ દોઝખ છે. અને તે પરત થવાની કેટલી ખરાબ જગ્યા છે. *(સૂરએ અન્ફાલ, આ. ૧૫, ૧૬)*

અને હદીષ શરીફમાં છે કે હુઝૂરે અકરમ ﷺએ કબીરા ગુનાહોનું લિસ્ટ સંભળાવતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

"એટલે જેહાદના દિવસે પીઠ ફેરવી ભાગી જવું એ પણ ગુનાહે કબીરા છે." *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૮૯, પેજ : ૬૦)*

અને બીજી જગ્યાએ ફર્માવ્યું કે :–

"એટલે કાફિરોથી જેહાદના દિવસે ભાગવા માટે પીઠ ન ફેરવો." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૪૨, ૪/૩૩૫)*

**મસ્અલા તથા ફાયદા :** જો કાફિરોની સંખ્યા મુસલમાનોથી બમણી હોય તો પણ મુસલમાનોએ ભાગવું જાઈઝ નથી. હા ! જો કાફિરોની સંખ્યા મુસલમાનોની બમણી સંખ્યાથી વધારે હોય તો તે સમયે જો મુસલમાન ભાગી જશે તો ગુનેહગાર નહીં થશે.

## (૧૩) વ્યભિચારનો (ખોટો) આરોપ લગાડવો

કોઈ પાક દામન પુરૂષ અથવા સ્ત્રી પર વ્યભિચારનો આરોપ લગાડવો ખૂબ જ સખત હરામ અને સખત ગુનાહે કબીરા છે. જેની ઉપર જહન્નમના અઝાબની ચેતવણીઓ આવી છે. કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવે છે કે :–

اِنَّ الَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ الْغٰفِلٰتِ الْمُؤْمِنٰتِ لُعِنُوْا فِى الدُّنْيَا وَ الْاٰخِرَةِ ۪ وَ لَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿۲۳﴾

"બેશક ! તે જેઓ એબ લગાડે છે અજનબી પાકદામન ઈમાનવાળીઓ પર, તેમના પર દુનિયા અને આખેરતમાં લઅનત છે અને તેમના માટે મહાન અઝાબ છે." *(સૂરએ નૂર, આ. ૨૩)*

અને હદીષ શરીફમાં હુઝૂરે અક્દસ ﷺએ કબીરા ગુનાહોનું બયાન કરતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

"એટલે પાક દામન અજનબી મુસલમાન સ્ત્રીઓને વ્યભિચારનો આરોપ લગાડવો ગુનાહે કબીરા એટલે ખૂબ મોટો ગુનોહ છે."

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૭૬૬, ૨/૨૫૨)*

અને બીજી હદીષમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ આ પ્રમાણે ફર્માવ્યું, ''ولا تقذفوا محصنة'' એટલે કે કોઈ પાક દામન મુસલમાન સ્ત્રીને વ્યભિચારનો આરોપ ન લગાડો.''

*(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૨૭૪૨, ૪/૩૩૫)*

**મસ્અલા તથા ફાયદા** : જો કોઈએ કોઈ મુસલમાન પુરૂષ અથવા સ્ત્રીને વ્યભિચારનો આરોપ લગાડયો અને તે (આરોપ લગાડનાર) તેની ઉપર ચાર ગવાહ નથી પેશ કરી શકતો તો તેને તે આરોપ લગાડવાની સજામાં કાઝીએ ઈસ્લામ ૮૦ કોરડા લગાડશે અને તેની ગવાહી કબૂલને પાત્ર ગણવામાં આવશે નહીં. આ દુનિયાની સજા છે, અને આખેરતમાં તેને જહન્નમના સખત અઝાબની સજા ભોગવવી પડશે.

## (૧૪) મા બાપને તકલીફ પહોંચાડવી

મા બાપની નાફર્માની હરામ, સખત હરામ અને ગુનાહે કબીરા છે. બલ્કે દરેક ઉપર ફર્ઝ છે કે પોતાના મા બાપનો ફર્માંબર્દાર થઈને તેની સાથે બેહતરીન વર્તાવ કરે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَ بِالْوَالِدَيْنِ اِحْسَانًا ؕ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَاۤ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَاۤ اُفٍّ وَّ لَا تَنْهَرْهُمَا وَ قُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ﴿۲۳﴾ وَ اخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَ قُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ﴿۲۴﴾

''અને મા બાપ સાથે સદ્વર્તન કરો, જો તારી હાજરીમાં તેમના માંનુ એક અથવા બંને વૃદ્ધાવસ્થાએ પહોંચે તો તેમને 'ઊહ !' (પણ) કરીશ નહીં અને તેમને ધુરકીશ નહીં અને તેમની સાથે સન્માનથી વાત કરીશ. અને તેમના માટે નરમ દિલથી વિનયનું પડખુ પાથર અને વિનંતિ કર કે, હે મારા રબ ! તું આ બંને પર રહમ કર જેમ કે એ બંનેએ મને બાળપણમાં ઉછેર્યો.'' *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૨૩,૨૪)*

**હદીષ ૧** : હદીષ શરીફમાં હુઝૂરે અકરમ ﷺએ ગુનાહે કબીરાનું બયાન ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો છે કે, "وعقوق الوالدين" એટલે મા બાપની નાફર્માની તથા તેમને તકલીફ પહોંચાડવી ગુનાહે કબીરા છે. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૬૭૫, ૪/૨૯૫)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ ત્રણવાર ફર્માવ્યું છે કે તે શખ્સનું નાક માટીમાં મળી જાય, તે શખ્સનું નાક માટીમાં મળી જાય, તે શખ્સનું નાક માટીમાં મળી જાય ! આ શબ્દોને સાંભળીને કોઈ સહાબીએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ કોનુ નાક માટીમાં મળી જાય ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે શખ્સ જે પોતાનાં મા બાપને પામે કે તેમાંથી એક અથવા બંને વૃદ્ધાવસ્થામાં હોય પછી તે તેમની ખિદમત કરીને જન્નતમાં દાખલ ન થાય તો તેની નાક ધૂળમાં મળી જાય (એટલે તે બેઈજ્જત તથા નામુરાદ થઈ જાય). *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૫૫૧, પેજ નં. ૧૩૮૧)*

**હદીષ ૩** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાની રઝામંદી બાપની રઝામંદીમાં છે અને અલ્લાહ તઆલાની નારાઝગી બાપની નારાઝગીમાં છે." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૦૭, ૩/૩૬૦)*

**હદીષ ૪** : હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "દરેક ગુનાહોને અલ્લાહ તઆલા જેના માટે ચાહે છે બખ્શી દે છે, પણ મા બાપની નાફર્માની તથા તકલીફ પહોંચાડવાને નહીં બખ્શશે. બલ્કે આવું કરવાવાળાને તેના મરવાથી પહેલાં દુનિયાની જિંદગીમાં જ જલ્દી સજા આપે છે."

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૭૮૯૦, ૬/૧૯૭)*

**હદીષ ૫** : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ પોતાના મા બાપનો ફર્માંબરદાર હોય છે તેના માટે જન્નતના દરવાજા ખુલી જાય છે અને જો મા બાપમાંથી કોઈ એક જ મૌજૂદ હોય અને તે એકનો જ ફર્માંબરદાર હોય તો તેના

માટે જન્નતનો એક દરવાજો ખુલી જાય છે. અને જે શખ્સ પોતાના મા બાપનો નાફર્માન હોય છે તેના માટે જહન્નમના દરવાજા ખુલી જાય છે અને જો મા બાપમાંથી એક જ મૌજૂદ હોય અને તે એકનો જ નાફર્માન હોય તો જહન્નમનો એક જ દરવાજો તેની માટે ખુલે છે. આ સાંભળીને એક સહાબીએ અર્ઝ કરી, જો કે તેનાં મા બાપ તેની ઉપર જુલ્મ કરતાં હોય ? તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે ભલે તેનાં મા બાપે તેની ઉપર જુલ્મ કર્યો હોય ! ભલે કે તેના મા બાપે તેની ઉપર જુલ્મ કર્યો હોય ! ભલે તેના મા બાપે તેની ઉપર જુલ્મ કર્યો હોય ! (આ વાક્યને ત્રણવાર ઈર્શાદ ફર્માવ્યું. *(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૭૯૧૬, ૬/૨૦૬)*

**મસ્અલા તથા ફાયદા :** વાલિદૈનની નાફર્માની તથા તકલીફ પહોંચાડવાની સજા દુનિયા તથા આખેરત બંને જગ્યાએ મળે છે. મોટાભાગે અનુભવ છે કે વાલિદૈનને (મા બાપને) પરેશાન કરવાવાળા પોતે પોતાના જ પુત્રોથી મોટી મોટી તકલીફો પામે છે અને તરહ તરહની બલાઓમાં આખી જિંદગી સપડાએલા રહે છે, અને આખેરતમાં તો જહન્નમનો અઝાબ તે બદ્નસીબો માટે નક્કી છે.

## (૧૫) જૂઠી ગવાહી

ખોટી ગવાહી પણ હરામ તથા ગુનાહે કબીરા છે અને જહન્નમમાં લઈ જવાવાળો ખરાબ અમલ છે. કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ પોતાના ખાસ બંદાઓનું લિસ્ટ બયાન ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

وَالَّذِيْنَ لَا يَشْهَدُوْنَ الزُّوْرَ ۙ وَاِذَا مَرُّوْا بِاللَّغْوِ مَرُّوْا كِرَامًا

"અને ખોટી ગવાહી નથી આપતા અને જ્યારે બેહૂદા ઉપર પસાર થાય છે પોતાની ઈજ્જત સંભાળી પસાર થઈ જાય છે."

*(પારા : ૧૯, સૂરએ ફુર્કાન, આ. ૭૨)*

**હદીષ ૧ :** હુઝૂરે અકરમ ﷺએ મોટા મોટા ગુનાહોનું વર્ણન કરતાં ઈર્શાદ ફર્માવ્યો, "وشهادة الزور" એટલે જૂઠી ગવાહી પણ ગુનાહે

કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળો જુર્મ (અપરાધ) છે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. : ૫૯૭૬, ૪/૯૫)*

**હદીષ ૨** : હઝરત અબૂબક્ર સિદ્દીક રضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું હું ગુનાહે કબીરામાંથી અધિક મોટા મોટા ગુનાહોની ખબર ન દઈ દઉં ?! તો લોકોએ અર્ઝ કરી કે કેમ નહીં ?! અમને લોકોને જરૂર બતાવી દો. તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે મોટા મોટા ગુનાહોમાં સૌથી વધારે મોટા ગુનાહ આ છે : (૧) અલ્લાહની સાથે ભાગીદાર કરવું અને (૨) મા, બાપની નાફર્માની અને તેમને તકલીફ પહોંચાડવી. આ ફર્માવતા સમયે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મસ્નદ (તકીયો) લગાડીને આડા પડેલા હતા, એકદમ બેઠા થઈ ગયા અને ફર્માવ્યું (૩) "الا وقول الزور" એટલે ખબરદાર અને જૂઠી વાત. પછી તે જ શબ્દોને એટલી વાર સુધી વારંવાર દોહરાવતા રહ્યા કે અમે લોકોએ પોતાના દિલમાં કહ્યું કે, કાશ ! હુઝૂર ﷺ આ વાતને ફર્માવવાથી ખામોશ થઈ જાય અને તેનાથી આગળ કોઈ બીજી વાત ફર્માવે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૬૫૪, ૨/૧૯૪)*

**હદીષ ૩** : હઝરત સફવાન બિન સુલૈમ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺથી કોઈએ કહ્યું કે, મો'મિન બુઝદિલ હોય છે ? તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "હા !" પછી કોઈએ અર્ઝ કરી કે, "મો'મિન "કંજૂસ" હોય છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હા !" પછી કોઈએ કહ્યું કે, શું મો'મિન જૂઠો હોય છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "નહીં !"

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૪૮૧૨, ૪/૨૦૭)*

**હદીષ ૪** : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકો સાચુ બોલવાને જરૂરથી પકડી લો, કેમ કે સાચુ નેકોકારીનો રસ્તો બતાવે છે અને નેકોકારી જન્નતની તરફ રહનુમાઈ કરે છે. માણસ હમેશાં સાચુ બોલતો રહે ત્યાં સુધી કે તે અલ્લાહ તબારક વ તઆલાની નજીક "સિદ્દીક" લખી દેવામાં આવે છે. અને તમે લોકો જૂઠુ બોલવાથી બચતા રહે ? કેમ કે જૂઠુ બોલવું

બદ્કારીનો રસ્તો બતાવે છે. અને બદ્કારી જહન્નમની તરફ રહનુમાઈ કરે છે. અને માણસ હમેશાં જૂઠુ બોલતો રહે છે ત્યાં સુધી કે તેને અલ્લાહ તઆલાની નજીક "કઝ્ઝાબ" લખી દેવામાં આવે છે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૬૦૭, પેજ : ૧૪૦૫)*

**હદીષ ૫** : હઝરત બહનર બિન હકીમ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તે શખ્સ માટે ખરાબી છે જે વાતો કરતાં કરતાં લોકોને હસાવવા માટે જૂઠુ બોલે છે, તેના માટે ખરાબી છે ! તેના માટે ખરાબી છે ! *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૪૮૩૫, ૩/૪૧, સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૩૨૨, ૪/૧૪૨)*

**હદીષ ૬** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જ્યારે બંદો જૂઠુ બોલે છે તો ફરિશ્તા તેનાથી એક માઈલ દૂર ચાલ્યા જાય છે તેના જૂઠુ બોલવાની દુર્ગંધના કારણેથી." *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૭૯, ૩/૩૯૨)*

**હદીષ ૭** : હઝરત સુફયાન બિન અસદ હઝરમી رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે, મેં રસૂલુલ્લાહ ﷺને કહેતાં સાંભળ્યા કે એ ખૂબ મોટી ખયાનત છે કે તું પોતાના ભાઈથી કોઈ વાત કહે અને તારો ભાઈ તને સાચો સમજતો રહે, જ્યારે કે તું જૂઠો છે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૯૭૧, ૪/૩૮૧)*

**મસ્અલા તથા ફાયદા** : આમ તો દરેક જૂઠી વાત હરામ તથા ગુનોહ છે. પણ જૂઠી ગવાહી ખાસ કરીને ખૂબ જ સખત ગુનાહે કબીરા અને જહન્નમમાં નાખી દેવાવાળો મહાન જુલ્મ છે. કેમ કે કુર્આન તથા હદીષમાં ખાસ કરીને જૂઠી ગવાહી ઉપર સખત ચેતવણી આવી છે. તેનું કારણ એ છે કે બીજા પ્રકારનું જૂઠુ બોલવાથી તો કેવળ જૂઠુ બોલવાવાળાની જ દુનિયા તથા આખેરત ખરાબ થાય છે, પણ જૂઠી ગવાહીથી તો ગવાહી દેવાવાળાની દુનિયા તથા આખેરત ખરાબ થવાના ઉપરાંત કોઈ બીજા મુસલમાનનો હક્ક઼ મરી જાય છે. અથવા વગર વાંકે કોઈ મુસલમાન સજા પામે છે. અને જાહેર છે કે આ બંને વાતો શરઅન કેટલા મોટા

ગુનાહના કામો છે. એટલા માટે ખૂબ જ જરૂરી છે કે મુસલમાન જૂઠી ગવાહીને જહન્નમની આગ સમજીને હમેશાં તેનાથી દૂર ભાગતો રહે.

## (૧૬) ગીબત

ગીબત પણ ગુનાહે કબીરા અને સખત હરામ છે. અને તે દોઝખમાં લઈ જવાવાળી બદ્તરીન આદત છે. કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ તે ખરાબ આદતથી મના ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

وَ لَا یَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَیُحِبُّ اَحَدُكُمْ اَنْ یَّاْكُلَ لَحْمَ اَخِیْهِ مَیْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِیْمٌ ﴿۱۲﴾

''અને એકબીજાની ગીબત ન કરો, શું તમારામાં કોઈ પસંદ રાખશે કે પોતાના મૃત્યુ પામેલા ભાઈનો ગોશ્ત ખાય ? તો આ તમને ગવારા નહીં થશે અને અલ્લાહથી ડરો. બેશક ! અલ્લાહ ખૂબ તૌબા કૂબૂલ કરવાવાળો મહેરાબાન છે.'' *(સૂરએ હુજુરાત, આ. ૧૨)*

આવી રીતે હદીષોમાં પણ ખૂબ જ અધિક પ્રમાણમાં તેની મના અને નિંદ આવી છે. એક હદીષમાં છે :–

**હદીષ ૧** : હઝરત અબૂ સઈદ તથા જાબિર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ગીબત વ્યભિચારથી મોટો ગુનાહ છે. તો લોકોએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ગીબત વ્યભિચારથી સખત ગુનાહ કેમ કરીને અને કેવી રીતે છે ? તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, વ્યક્તિ વ્યભિચાર કરે છે તો પછી તૌબા કરી લે છે તો અલ્લાહ તઆલા તેની તૌબા કૂબૂલ ફર્માવી લે છે. અને ગીબત કરવાવાળાને અલ્લાહ તઆલા તે સમય સુધી નહીં બખ્શશે જ્યાં સુધી કે તે ન માફ કરી દે જેની ગીબત કરી છે. *(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૬૭૪૧, ૫/૩૦૬)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે બે વ્યક્તિઓએ ઝોહર તથા અસરની નમાઝ પઢી અને તે બંને રોઝાદાર હતા. પછી જ્યારે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام પોતાની નમાઝ પૂર્ણ ફર્માવી

ચૂક્યા તો તે બંનેથી ફર્માવ્યું કે તમે બંને ફરીથી વુઝૂ કરીને પોતાની નમાઝોને લોટાવો (ફરીવાર પઢો) અને રોઝો પૂરો કરો, પણ કોઈ બીજા દિવસે તેની કઝા કરી લો. તો તે બંને વ્યક્તિઓએ પૂછયું, કેમ આ નમાઝોને દોહરાવીએ અને રોઝાની કઝા કરીએ ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, એટલા માટે કે તમે બંનેએ ફલાણા વ્યક્તિની ગીબત કરી છે.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૬૭૨૯, ૫/૩૦૩)*

## ★ ગીબત શું છે ? ★

કોઈનો કોઈ છુપાયેલો ઐબ બયાન કરવો અથવા પીઠ પાછળ તેને ખરાબ કહેવું આ જ ગીબત છે. મિશ્કાત શરીફમાં એક હદીષ છે કે હુઝૂર નબીએ અકરમ ﷺએ સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین થી ફર્માવ્યું, શું તમે લોકો જાણો છો કે ગીબત શું ચીજ છે ? સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعینએ અર્ઝ કરી કે અલ્લાહ તબારક વ તઆલા અને તેના રસૂલ ﷺ વધારે જાણવાવાળા છે. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારા પોતાના (દીની) ભાઈની તે વાતોને બયાન કરવું જેને તે નાપસંદ સમજતો હોય (આ જ ગીબત છે). સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعینએ અર્ઝ કરી કે એ બતાવો કે જો મારા (દીની) ભાઈમાં એ તો વાતો મૌજૂદ હોય તો શું તે વાતોનું કહેવું પણ ગીબત થશે ?! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો તેની અંદર તે વાતો હશે ત્યારે જ તો તમે તેની ગીબત કરવાવાળા કહેવાશો. અને જો તેમાં એ વાતો ન હોય ત્યારે તો તમે તેની ઉપર તોહમત લગાડવાવાળા કહેવાશો. (જે એક બીજો ગુનાહે કબીરા છે.) *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૪૮૨૯, ૩/૪૦, સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. ૨૫૮૯, પેજ : ૧૩૯૭)*

**મસ્અલા તથા ફાયદા :** ગીબત તે ગુનાહોમાંથી છે જે ખૂબ જ અધિક્તર થવાવાળો છે અને બાવજૂદ એ કે ખૂબ જ સખત ગુનાહે કબીરા છે, ત્યાં સુધી કે વ્યભિચારથી પણ બદ્તર ગુનોહ છે તેમ છતાં આ જમાનામાં ઘણા ઓછા લોકો છે જે આ ગુનાહથી મેહફૂઝ છે. આમ લોકો તો આમ લોકો મોટા મોટા ઉલમાએ કિરામ અને મુકદ્દસ પીરોનો દામન પણ આ ગુનાહની નહૂસતથી ખરડાયેલો નજર આવે છે ! ઓલમા

તથા મશાઈખની કદાચ જ કોઈ મજલિસ હશે જે આ ગુનાહની ઝુલ્મતથી ખાલી હોય. પછી ગીબત એ છે કે લોકો એવી રીતે ગીબતના આદી બની ચૂક્યા છે અને આ બલા એવી રીતે આમ થઈ ગઈ છે કે એવું લાગે છે કે ગીબત લોકોની નજીક કોઈ ગુનાહની વાત નથી. પણ સારી રીતે સમજી લો કે ગીબત, ચાહે ઓલામાની મજલિસ હોય અથવા આમ લોકોનું ટોળુ દરેક જગ્યા અને દરેક હાલતમાં હરામ તથા ગુનોહ છે, અને ગુનોહ પણ કબીરા એટલે મોટો ગુનોહ છે. એટલા માટે જ્યારે પણ ગફલતમાં કોઈ ગીબત જીભથી નીકળી જાય તો તુરંત તૌબા કરી લેવી જોઈએ અને જેની ગીબત કરી છે (જો તેને ખબર પડી ગઈ હોય) તો તેનાથી માફ કરાવી લે અને કુર્આન તથા હદીષની મુક્દ્દસ તા'લીમ ઉપર અમલ કરવો જોઈએ કે તેમાં જ મો'મિનની દીની તથા દુનિયાની કામયાબી છે અને આ જ નજાતનો રસ્તો છે.

## (૧૭) ચુગલી (ચાડી)

'ચુગલી' સખત હરામ અને ગુનાહે કબીરા છે જેની સજા આખેરતમાં જહન્નમનો અઝાબ છે. કેમ કે આ મુસલમાનોમાં દુશ્મની તથા જંગનું ખૂબ મોટુ કારણ અને ઝરીયો છે. ચુગલખોરના બારામાં હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلام નું ફર્માન છે કે :–

**હદીષ ૧** : હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે કહ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું છે કે, એટલે ચુગલખોર જન્નતમાં દાખલ નહીં થશે. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૦૫૬, ૪/૧૦૧૫)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બે કબ્રોની પાસેથી પસાર થયા. તો ફર્માવ્યું કે આ બંને કબ્રવાળાઓ યકીનન ! અઝાબમાં સપડાયેલા છે અને કોઈ એવા ગુનાહમાં તે બંનેને અઝાબ નથી દેવામાં આવી રહ્યો જેનાથી બચવું ખૂબ જ વધારે મુશ્કેલ રહ્યું હોય. તેમાંથી એકને તો એટલા માટે અઝાબ

આપવામાં આવી રહ્યો છે કે તે છુપાયને પેશાબ કરતો ન હતો અને બીજો ચાડી ખાતો હતો. પછી હુઝૂર عليه الصلوٰة والسلام એ ખજૂરની એક લીલી ડાળી લીધી અને તેને ચીરીને બે ટુકડા કર્યા પછી બંને કૃબ્રોમાં એક એક ટુકડો બેસાડી દીધો. સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપે આવું શા માટે કર્યુ ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, એટલા માટે કે જ્યાં સુધી આ બંને ડાળીઓ સૂકાઈ જશે નહીં તો બંનેના અઝાબમાં ઘટાડો થઈ જશે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૧૬, ૧/૯૫, ૯૬)*

## ★ ચુગલી કોને કહે છે ? ★

હદીષમાં શબ્દ "نمیمه" આવ્યો છે. જેનો તર્જુમો ઉર્દૂમા "ચુગલી" (ચાડી) છે. હઝરત અલ્લામા બદરુદ્દીન અયની (رحمة الله عليه)એ બુખારી શરીફની શરહમાં ફર્માવ્યું, કોઈની વાત બીજા વ્યક્તિ સુધી પહોંચાડવા અને ફસાદ (ઝઘળો) ફેલાવવા માટે લઈ જવું આ જ "ચગુલી" છે.

*(ઉમ્દતુલ કૃારી, હદીષ નં. ૨૧૬, ૨/૫૯૪)*

**મસ્અલા તથા ફાયદા :** ચુગલી ખાવુ બદ્તરીન અને ખૂબ જ બુરી આદત છે. ચુગલી ખાવાવાળાને તેની કૃબ્રમાં પણ અઝાબ થશે અને આખેરતમાં તેને જહન્નમનો અઝાબ પણ ભોગવવો પડશે. આ ખરાબ તથા ગુનાહની આદતથી મુસલમાનોમાં મોટા મોટા ઝઘડાઓ પેદા થઈ જાય છે ત્યાં સુધી કે કૃત્લ તથા ખૂન ખરાબીની નૌબત આવી જાય છે. એટલા માટે કે આ ગુનાહથી બચતા રહેવું લાઝિમ અને ખૂબ જ જરૂરી છે. અલ્લાહ તબારક વ તઆલા દરેક મુસલમાનોને આ બલાથી મહેફૂઝ રાખે. (આમીન)

# (૧૮) અમાનતમાં ખયાનત

અમાનતમાં ખયાનતમાં આ ખૂબ જ મોટો ગુનોહ અને હરામ કામ છે. અને ચોરીની જેમ આ પણ જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં ફર્માવ્યું :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَ الرَّسُوْلَ وَ تَخُوْنُوْٓا اَمٰنٰتِكُمْ وَ اَنْتُمْ تَعْلَمُوْنَ۝۲۷

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તથા રસૂલથી દગો ન કરો અને ન પોતાની અમાનતોમાં જાણી જોઈને ખયાનત (કરો)." *(સૂ. અન્ફાલ, ૮/૨૭)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰٓى اَهْلِهَا

"બેશક ! અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે કે અમાનતો જેની છે તેમને પાછી કરી દો." *(સૂરએ નિસાઅ, આ. ૫૮)*

હુઝૂરે અકરમ ﷺએ હદીષમાં ફર્માવ્યું કે :–

**હદીષ ૧** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ચાર વાતો જે શખ્સમાં જોવામાં આવશે તે ખાલિસ (નર્યો) મુનાફિક઼ હશે અને તેમાંથી જો એક વાત જોવામાં આવી તો તે શખ્સમાં નિફાક઼ની એક વાત જોવામાં આવી, ત્યાં સુધી કે તેનાથી તૌબા ન કરી લે.

**(૧)** જ્યારે અમીન બનાવવામાં આવે તો ખયાનત કરે.

**(૨)** અને જ્યારે વાત કરે તો જૂઠુ બોલે.

**(૩)** અને જ્યારે કોઈ વાયદો કરે તો વચનભંગ કરે.

**(૪)** અને જ્યારે ઝઘડો કરે તો ગાળો બોલે.

*–(સહીહ બુખારી શરીફ, હદીષ : ૩૪, ૧/૨૫)*

**મસ્અલા તથા ફાયદા :** યાદ રહે કે જેવી રીતે રૂપિયા, પૈસા અને માલ તથા સામાનની અમાનતોમાં ખયાનત હરામ છે એવી જ રીતે વાતો, કામો અને વાયદાઓની અમાનતોમાં પણ ખયાનત હરામ છે. દા.ત. કોઈએ આપને પોતાના રહસ્યની વાત કહી દીધી. આપથી એ કહી દીધું કે આ વાત અમાનત છે, કોઈને કહેશો નહીં. અને તે વાત આપે કોઈને કહી દીધી તો આ અમાનતમાં ખયાનત થઈ ગઈ. એવી જ રીતે કોઈએ આપને મજૂર રાખીને કોઈ કામ સોપ્યું પણ આપે જાણી જોઈને તે કામને બગાડી દીધું અથવા ઓછુ કામ કર્યું તો અમાનતમાં ખયાનત કરી. એવી જ રીતે હાકિમની એ જિમ્મેદારી છે કે તે પોતાની પ્રજાનું ધ્યાન રાખે અને તેમની ખબર રાખતો રહે અને અદલ તથા ઈન્સાફ કાયમ રાખે. જો તેણે પોતાના હોદ્દાની જિમ્મેદારીઓને પૂર્ણ ન કરી તો અમાનતમાં ખયાનત થઈ ગઈ. એવી જ રીતે રાતમાં પતિ, પત્ની જે કાંઈ કહે છે અથવા કરે છે તેમાં પતિ, પત્ની એકબીજાના અમીન છે. જો તે બંનેમાંથી કોઈએ તે વાતોને બીજા લોકોને કહી દીધી તો આ પણ અમાનતમાં ખયાનત થઈ ગઈ. સારાંશ કે મજૂર, કારીગર, નોકર વગેરેને જે કામ તે લોકોને સોંપવામાં આવ્યાં છે તે એ કામોમાં અમીન છે. જો લોકો પોતાના કામ અને ફર્ઝને પૂરા કરવામાં ખામી અથવા ઉણપ (સુસ્તી) કરશે તો અમાનતમાં ખયાનત કરવાવાળો થશે. યાદ રાખો ! દરેક પ્રકારની અમાનતોમાં ખયાનત હરામ છે અને દરેક ખયાનત જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. દરેક મુસલમાને દરેક પ્રકારની ખયાનતોથી બચવું ઈમાનની સલામતી અને જહન્નમથી નજાત પામવા માટે ખૂબ જ જરૂરી છે.

## (૧૯) ઓછુ માપતોલ

સામાન અને સોદાની લેવદ દેવડના સમયે માપ તોલમાં કમી કરવી એક પ્રકારની ચોરી અને ખયાનત છે જે હરામ અને સખત ગુનોહ છે, જેની સજા જહન્નમનો અઝાબ છે. કુર્આને મજીદમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَاَوْفُوا الْكَيْلَ اِذَا كِلْتُمْ وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ۭ ذٰلِكَ خَيْرٌ وَّاَحْسَنُ تَاْوِيْلًا ۝۳۵

"અને માપ તો પૂરુ માપો અને બરાબર ત્રાજવાથી તોલો એ બેહતર છે, અને એનો અંજામ સારો." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૫)*

બીજી આયતમાં ફર્માવ્યું છે કે :–

وَيْلٌ لِّلْمُطَفِّفِيْنَ ۝۱ الَّذِيْنَ اِذَا اكْتَالُوْا عَلَى النَّاسِ يَسْتَوْفُوْنَ ۝۲ وَاِذَا كَالُوْهُمْ اَوْ وَّزَنُوْهُمْ يُخْسِرُوْنَ ۝۳ اَلَا يَظُنُّ اُولٰٓئِكَ اَنَّهُمْ مَّبْعُوْثُوْنَ ۝۴ لِيَوْمٍ عَظِيْمٍ ۝۵ يَّوْمَ يَقُوْمُ النَّاسُ لِرَبِّ الْعٰلَمِيْنَ ۝۶

"ઓછુ તોલવાવાળાની ખરાબી છે કે જ્યારે બીજાઓથી માપ લે તો પૂરુ લે અને જ્યારે તેમને માપ અથવા તોલ કરી દે તો કમ કરી દે, શું તે લોકોને ગુમાન નથી કે તેમને ઉઠવાનું છે એક અઝમતવાળા દિવસ માટે જે દિવસે બધા લોકો રબ્બુલ આલમીનની સામે ઊભા હશે."

*(સૂ. મુતફ્ફિફીન, ૮૩/૧ થી ૬)*

એક બીજી આયતમાં આવી રીતે ઈર્શાદ ફર્માવ્યો :–

اَوْفُوا الْكَيْلَ وَلَا تَكُوْنُوْا مِنَ الْمُخْسِرِيْنَ ۝۱۸۱ وَزِنُوْا بِالْقِسْطَاسِ الْمُسْتَقِيْمِ ۝۱۸۲ وَلَا تَبْخَسُوا النَّاسَ اَشْيَآءَهُمْ وَلَا تَعْثَوْا فِي الْاَرْضِ مُفْسِدِيْنَ ۝۱۸۳

"માપ પૂરુ કરો અને ઓછુ કરનારાઓમાં ન થાવ અને સરખા ત્રાજવે તોલો અને લોકોની વસ્તુઓ ઓછુ કરીને ન આપો. અને જમીનમાં ફસાદ ફેલાવતા ન ફરો." *(સૂરએ શુઅરા, આ. ૧૮૧ થી ૧૮૩)*

આવી જ રીતે હદીષોમાં હુઝૂરે અક્દસ ﷺએ ઓછુ માપતોલની મના અને નિંદા વારંવાર ફર્માવી છે અને માપતોલ પૂરેપૂરું આપવાની તાક઼ીદ ફર્માવી છે.

**હદીષ ૧ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ માપતોલ કરવાવાળાઓથી ફર્માવ્યું, "બેશક ! તમે લોકો એવા કામ ઉપર લગાડવામાં આવેલા છો કે તે કામમાં તમારાથી

પહેલાં કેટલી ઉમ્મતો હલાક્ થઈ ગઈ.''

*(સુનને તિર્મિઝી શરીફ, હદીષ નં. ૧૨૨૧, ૩/૯)*

મતલબ એ છે કે માપતોલમાં કમી ન કરો. કેમ કે તમારાથી પહેલાં કેટલીક ઉમ્મતોએ માપતોલમાં કમી કરી હતી તો તેની ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ આવી ગયો અને તેમને અલ્લાહના અઝાબે હલાક કરી નાખ્યા એટલા માટે તમે લોકો માપતોલ કરવામાં કદાપિ કમી ન કરશો, નહીં તો તમારા માટે પણ અલ્લાહના અઝાબથી હલાક્ થવાનો ખતરો છે.

**હદીષ ૨** : હઝરત સુવૈદ બિન કૈસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક માણસથી જે મજૂરી લઈને તોલતો હતો ફર્માવ્યું, زن وارجح વજન કરો અને કાંઈક વધારીને તોલો, ઓછુ ન તોલો.'' *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૩૦૯, ૩/૫૬)*

**મસ્અલા તથા ફાયદા** : ખુલાસો એ છે કે માપતોલમાં ક્યારેય કમી કરવી ન જોઈએ. આ ચોરી અને ખૂબ જ બદ્તરીન ખયાનત અને ધોકેબાઝી છે, જે હરામ તથા ગુનાહનું કામ છે અને વેપારની બરકતને બર્બાદ કરવાવાળુ કામ છે. એટલા માટે દરેક મુસલમાનને તેનાથી બચવુ ખૂબ જરૂરી છે કે તે જહન્નમના ખતરાઓથી સલામત રહે.

## (૨૦) રિશ્વત (લાંચ)

રિશ્વત લેવી આપવી અને બંને દરમ્યાન દલાલી કરવી હરામ તથા ગુનોહ છે. કુર્આને મજીદમાં રિશ્વતને سُحت હરામ માલ કહેવામાં આવ્યો છે અને હદીષોમાં તેની સખત મના આવી છે.

**હદીષ ૧** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ રિશ્વત દેવાવાળા, રિશ્વત લેવાવાળા અને તેમની વચ્ચે દલાલી કરવાવાળા ઉપર લા'નત ફર્માવી છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૩૪૨, ૩/૬૬, કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૩૫૦૭૬, ૨/૪૫)*

**હદીષ ૨** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે, હરામના બે દરવાજા એવા છે કે લોકો તે બંનેવ દરવાજાઓથી ખાય છે એક રિશ્વત અને બીજો ઝાનિયાની કમાઈ.

**મસ્અલા તથા ફાયદા** : જાણવા મળ્યું રિશ્વતનો માલ હરામ છે અને રિશ્વત લેવું દેવું હરામ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. હા ! જો કોઈ મુસલમાનનો હક્ક઼ માર્યો જતો હોય અને રિશ્વત આપવાથી તે હક્ક઼ મળી જતો હોય અને રિશ્વત દીધા વગર તે હક્ક઼ ન મળી શકતો હોય તો આવી પરિસ્થિતિમાં રિશ્વત દેવું જાઈઝ છે, પણ રિશ્વત લેવું કોઈપણ હાલતમાં જાઈઝ નથી.

## (૨૧) માલે હરામ

હદીષ શરીફમાં છે કે, ''મુસલમાન માટે અલ્લાહના ફરાઈઝ એટલે નમાઝ, રોઝા અને હજ્જ તથા ઝકાતના પછી હલાલ રિઝ્ક મેળવવું પણ ફર્ઝ છે.'' *(શોઅબુલ ઈમાન, હદીષ : ૮૭૪૧, ૬/૪૨૦)*

અને મો'મિનના માટે જરૂરી છે કે હમેશાં હલાલ માલનો જ ઉપયોગ કરે અને હરામ માલથી બચતો રહે. અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં ફર્માવ્યું :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَ اشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ تَعْبُدُوْنَ ﴿۱۷۲﴾

''હે ઈમાનવાળાઓ ! ખાવ અમારી આપેલી પાક ચીજો અને અલ્લાહનો એહસાન માનો જો તમે તેને જ પૂજતા હોવ.''

*(સૂરએ બક઼રહ, આ. ૧૭૨)*

એના બારામાં નીચે જણાવેલ થોડીક હદીષો પણ પઢી લો અને તેના મહત્વને સમજો.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે લોકો ઉપર એક જમાનો એવો આવશે

કે માણસ એ પરવા નહીં કરે કે તેણે જે માલ મેળવ્યો છે તે હરામ છે કે હલાલ. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૦૫૯, ૨/૭)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે બંદો હરામ માલ કમાશે અને જો તેને સદકો કરી દેશે તો તે મક઼બૂલ થશે નહીં અને જો ખર્ચ કરશે તો તેમાં બરકત નહીં હશે, અને જો તેને પોતાની પીઠની પાછળ છોડીને મૃત્યુ પામશે તો તે તેના માટે જહન્નમનું ભાથુ બનશે." *(શરહુસ્સુન્નહ લિલ્ બગવી, હદીષ નં. ૨૦૨૩, ૪/૨૦૫)*

**હદીષ ૩** : હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "તે ગોશ્ત જન્નતમાં દાખલ નહીં થશે જે હરામ ખાણાઓથી બન્યું હશે અને દરેક તે ગોશ્ત જે હરામ ખાણાઓથી બન્યું હોય જહન્નમ તેની વધારે હક્ક઼દાર છે."

*(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. : ૨૭૭૨, ૨/૧૩૧)*

**હદીષ ૪** : હઝરત મા આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاએ કહ્યું, મારા બાપ (હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ)નો એક ગુલામ હતો. તે પોતાની કમાણી લાવીને મારા પિતાને આપતો હતો અને આપ તેની કમાઈ ખાતા હતા. એક દિવસ તે ગુલામ કોઈ વસ્તુ લાવ્યો અને મારા વાલિદે તેને ખાઈ લીધું. પછી તે ગુલામે પોતે જ પૂછયું કે આપ જાણો છો આ શું ચીજ હતી જે આપે ખાઈ લીધી ?! તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ગુલામને પૂછયું કે તમે જ કહી આપો કે તે શું ચીજ હતી ?! તો ગુલામે કહ્યું, મેં જાહિલિયતના જમાનામાં કાહિન (જ્યોતિષ) બનીને એક શખ્સને ગૈબની ખબર બતાવી હતી. જો કે હું જ્યોતિષ વિદ્યાને જાણતો ન હતો. મેં તેને ધોકો આપી દીધો હતો. હવે તેણે મારાથી મુલાકાત કરી અને તે જ જ્યોતિષપણાના વળતરમાં તેણે મને તે વસ્તુ આપી હતી જે આપે ખાઈ લીધી. આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ગળામાં આંગળી નાખીને જે કાંઈ ખાધુ હતું તે ઉલ્ટી કરી દીધું.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૩૮૪૨, ૨/૫૭૧)*

**હદીષ ૫** : હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہથી રિવાયત છે કે

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે શરીર જન્નતમાં દાખલ નહીં થશે જેને હરામથી ખોરાક આપવામાં આવ્યો હોય.

*(મિશ્કાત શરીફ, હદીષ નં. ૨૭૮૭, ૨/૧૩૪)*

**હદીષ ૬** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે ફર્માવ્યું, જે કોઈ કપડાને ૧૦ દિરહમમાં ખરીદે અને તેમાં ૧ દિરહમ પણ હરામનો હોય તો જ્યાં સુધી તે કપડુ તે વ્યક્તિના શરીર ઉપર રહેશે ત્યાં સુધી અલ્લાહ તઆલા તેની કોઈ નમાઝને કૂબૂલ નહીં ફર્માવશે. આમ કહીને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પોતાની બંને આંગળીઓને બંને કાનોમાં નાખીને એવું ફર્માવ્યું કે જો મેં આ હદીષને હુઝૂર علیہ الصلوۃ والسلامથી ન સાંભળી હોય તો મારા આ બંને કાન બહેરા થઈ જાય.

*(મિશ્કાત શરીફ, હદીષ નં. ૨૭૮૯, ૨/૧૩૪)*

**હદીષ ૭** : હઝરત અબૂ કતાદા رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમે લોકો સોદો વેચવા વખતે ખૂબ જ પ્રમાણમાં કૂસમ ખાવાથી બચો, કેમ કે કૂસમ ખાવાથી સોદો તો વેચાઈ જાય છે પણ તેની બરકત બર્બાદ થઈ જાય છે."

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૬૦૭, પેજ : ૮૬૭)*

**હદીષ ૮** : હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, (સખત ગઝબથી) અલ્લાહ તઆલા ત્રણ માણસોથી ન કલામ કરશે, ન તેની તરફ નઝર ફર્માવશે, ન તેમને ગુનાહોથી પાક કરશે અને તેમને ખૂબ જ સખત અને દર્દનાક અઝાબ દેશે.

**૦૧.** ટખનાોથી નીચે તેહબંદ અથવા પાયજામો લટકાવવાળો.

**૦૨.** એહસાન જતાવવાવાળો.

**૦૩.** ખોટી કૂસમ ખાયને સોદો વેચવાવાળો.

*(સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. ૧૦૬, પેજ : ૬૮)*

**મસ્અલા તથા ફાયદા** : હરામ માધ્યમોથી કમાયેલા માલોને ખાવુ, પીવું, પહેરવું અથવા કોઈ બીજા કામમાં ઉપયોગ કરવો હરામ

તથા ગુનોહ છે. અને તેની સજા દુનિયામાં માલની કિલ્લત (કમી) તથા ઝિલ્લત અને બે બરકતી છે અને આખેરતમાં તેની સજા જહન્નમની ભડકતી આગનો મહાન અઝાબ છે.

## (૨૨) નમાઝ છોડી દેવી

નમાઝોને છોડી દેવું ખૂબ જ સખત ગુનાહે કબીરા છે અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. કુર્આને મજીદમાં છે કે કયામતના દિવસે જ્યારે જહન્નમીઓથી જન્નતી લોકો પૂછશે કે તમે લોકોને કયો અમલ જહન્નમમાં લઈ ગયો ? તો જહન્નમી લોગ ખૂબ જ અફસોસ અને હસરતની સાથે આ જવાબ આપશે કે :–

وَلَمْ نَكُ نُطْعِمُ الْمِسْكِيْنَ ۙ وَكُنَّا نَخُوْضُ مَعَ الْخَآئِضِيْنَ ۙ وَكُنَّا نُكَذِّبُ
بِيَوْمِ الدِّيْنِ ۙ حَتّٰٓى اَتٰىنَا الْيَقِيْنُ ؕ

"અમે નમાઝ પઢતા ન હતા અને મિસ્કીનોને ખાણુ આપતા ન હતા અને બેહૂદા ફિક્રવાળાઓની સાથે બેહૂદા ફિક્ર કરતા હતા. અને અમે ઈન્સાફના દિવસને જૂઠલાવતા રહ્યા ત્યાં સુધી કે અમને મૌત આવી. *(સૂરએ મુદ્દષ્ષિર, આ. ૪૪ થી ૪૭)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :–

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ ۙ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ ۙ

"તો તે નમાઝીઓની ખરાબી છે જે પોતાની નમાઝથી ભૂલેલા બેઠેલા છે. *(પારા : ૩૦, સૂરએ માઉન, આ. ૪, ૫)*

આના સિવાય કુર્આન મજીદની ઘણી બધી આયતો અને હદીષોમાં આવેલું છે કે નમાઝ છોડી દેવું સખત ગુનોહ અને ગુનાહે કબીરા છે. હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું કે :–

**હદીષ ૧** : હઝરત બુરીદા رضى الله عنهથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તે વાયદો જે આપણી અને બીજા લોકોની

વચ્ચે છે તે નમાઝ છે. તો જેણે નમાઝ છોડી દીધી તેણે કુફ્રનું કામ કર્યું.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૬૩૦, ૪/૨૮૧)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ નમાઝનું ઝિક્ર કરતાં એક દિવસ આ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સ નમાઝ પાબંદીની સાથે પઢશે આ નમાઝ તેના માટે નૂર અને બુર્હાન અને નજાતનો ઝરીયો હશે. અને જે પાબંદીની સાથે નમાઝ નહીં પઢશે તેના માટે ન નૂર હશે, ન બુર્હાન અને ન નજાત હશે, અને તે કયામતના દિવસે કારૂન તથા ફિરઔન તથા હામાન તથા ઉબય બિન ખલફ (કાફિરો)ની સાથે હશે.

*(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૬૫૮૭, પેજ : ૫૭૪)*

**હદીષ ૩** : હઝરત અબ્દુલ્લાહ બિન શકીક رضی اللہ عنہ કહે છે કે અસ્હાબે રસૂલ (સહાબાએ કિરામ) رضوان اللہ تعالیٰ علیہم اجمعین કોઈ અમલને છોડવાને કુફ્ર સમજતા ન હતા સિવાય નમાઝને (નમાઝ છોડવાને કુફ્ર સમજતા હતા). *(સુનને તિર્મિઝી, હદીષ : ૨૬૩૧, ૪/૨૮૨)*

**હદીષ ૪** : હઝરત અબૂ દરદા رضی اللہ عنہએ કહ્યું કે મને મારા ખલીલ صلی اللہ علیہ وسلمએ આ વસિયત કરી કે તમે શિર્ક ન કરતા ભલે તમારા ટુકડા ટુકડા કરીને કાપી નાખવામાં આવે, ભલે તમને સળગાવવામાં આવે. અને જાણી જોઈને ફર્ઝ નમાઝ ન છોડતા. કેમ કે નમાઝને જાણી જોઈને છોડી દેશે તેના માટે અમાન ખતમ થઈ જશે, અને તમે શરાબ ન પીતા એટલા માટે કે તે બુરાઈની ચાવી છે. *(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૪૦૩૪, ૪/૩૭૬)*

**મસ્અલા તથા ફાયદા : (૧)** ઉપર જણાવેલ હદીષોમાંથી હદીષ નં. ૨નો આ અર્થ છે કે જેવી રીતે કારૂન તથા ફિરઔન તથા હામાન તથા ઉબય બિન ખલફ વગેરે કાફિરો જહન્નમમાં જશે એવી જ રીતે નમાઝ છોડી દેવાવાળો મુસલમાન પણ જહન્નમમાં જશે. એ અલગ વાત છે કે કાફિરો હમેશાં માટે જહન્નમમાં રહેશે અને તે લોકોને ખૂબ જ સખત અઝાબ આપવામાં આવશે અને બેનમાઝી મુસલમાન હમેશાંના માટે જહન્નમમાં નહીં રહેશે બલ્કે પોતાના ગુનાહોની જેટલો અઝાબ

ભોગવી જહન્નમથી કાઢીને જન્નતમાં મોકલી દેવામાં આવશે અને બેનમાઝીને કાફિરોની નિસ્બતમાં (પ્રમાણમાં) થોડોક હલ્કો અઝાબ આપવામાં આવશે.

**(૨)** ઘણી બધી એવી હદીષો આવી છે જેનો જાહેરી અર્થ એ છે કે જાણી જોઈને નમાઝ છોડી આપવું કુફ્ર છે અને અમુક સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین દા.ત. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ તથા હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ, અબ્દુલ્લાહ બિન મસઊદ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત મઆઝ બિન જબલ, હઝરત અબૂ હુરૈરહ્, હઝરત અબૂ દરદા (رضوان اللہ تعالٰی علیہم اجمعین)નો આ જ મઝહબ હતો. અને અમુક ફિક્હના ઈમામો દા.ત. ઈમામ અહમદ બિન હંબલ, ઈસ્હાક્ બિન રાહવિયા, અબ્દુલ્લાહ બિન મુબારક, ઈમામ નખઈ (رضوان اللہ تعالٰی علیہم اجمعین)નો પણ આ જ મઝહબ હતો. જો કે આપણા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ અને બીજા ઈમામોની નજીક ઘણા સહાબાએ કિરામ નમાઝ છોડવાવાળાને કાફિર નથી કહેતા. છતાં પણ શું એ ઓછી વાત છે કે જલીલુલ ક્દ્ર હઝરાતની નજીક જાણી જોઈને નમાઝ છોડી આપવું કાફિર છે. *(બહારે શરીઅત, ૧/૧૦)*

**(૩)** નમાઝ ફર્ઝે ઐન છે. તેના ફર્ઝ હોવાનો ઈન્કાર કરવાવાળો કાફિર છે અને જાણી જોઈને છોડી આપે એક જ સમયની (નમાઝ) તો ફાસિક્ છે. અને જે બિલ્કુલ નમાઝ ન પઢતો હોય તો કાઝીએ ઈસ્લામ તેને કૈદ કરી દેશે ત્યાં સુધી કે તૌબા ન કરે અને નમાઝ પઢવા લાગે, બલ્કે હઝરત ઈમામ માલિક તથા હઝરત શાફઈ તથા હઝરત અહમ (رضوان اللہ تعالٰی علیہم اجمعین)ની નજીક તો સુલ્તાને ઈસ્લામને એ હુકમ છે કે તે બિલ્કુલ નમાઝ ન પઢવાવાળાને કત્લ કરી દે. *(બહારે શરીઅત, ૧/૧૦)*

# (૨૩) જુમ્આ છોડી દેવું

આમ તો દરેક ફર્ઝ નમાઝને છોડવું ગુનાહે કબીરા છે અને જહન્નમમાં જવાનું કારણ છે. પણ જુમ્આને છોડી આપનાર માટે વિશેષ રીતે થોડીક ખાસ ચેતવણીઓ પણ આવેલી છે. કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ હુકમ ફર્માવ્યો કે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا نُوْدِىَ لِلصَّلٰوةِ مِنْ يَّوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا اِلٰى ذِكْرِ اللّٰهِ وَ ذَرُوا الْبَيْعَ

"હે ઈમાનવાળાઓ ! જયારે નમાઝની અઝાન થાય જુમ્આના દિવસે તો અલ્લાહના ઝિક્રની તરફ દોડો અને ખરીદ વેચાણ (વેપાર) છોડી આપો." *(સૂરએ જુમ્આ, આ. ૯)*

હદીષોમાં પણ તેણી ઘણી બધી તાકીદ અને તેને છોડવા ઉપર સખત ચેતવણીઓ આવી છે. નીચે જણાવેલ હદીષો તેની ઉપર ગવાહ છે.

**હદીષ ૧** : હઝરત ઈબ્ને ઉમર તથા હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنهما થી રિવાયત છે કે અમે બંનેએ મિમ્બર ઉપર રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ને આ ફર્માવતાં સાંભળ્યા છે કે, લોકો ! જુમ્આ છોડવાથી દૂર રહે, નહીં તો અલ્લાહ તબારક વ તઆલા તેમનાં દિલો ઉપર જરૂર એવી મોહર લગાડી દેશે કે તે યકીનન ! 'ગાફિલીન'"માંથી થઈ જશે.

*(સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. : ૮૬૫, પેજ : ૪૩૦)*

**હદીષ ૨** : હઝરત અબૂ જઅદ ઝમરી رضى الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જે શખ્સ સુસ્તી (આળસ)થી ત્રણ જુમ્આને છોડી દેશે અલ્લાહ તઆલા તેના દિલ ઉપર મહોર લગાડી દેશે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૧૦૫૨, ૧/૩૯૩)*

**હદીષ ૩** : હઝરત તારીક્ બિન શહાબ رضى الله عنه થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જુમ્આ જમાઅતની સાથે પઢવું દરેક મુસલમાન ઉપર જરૂરી છે, ચાર શખ્સો સિવાય કે તેમની ઉપર જુમ્આ

પઢવું જરૂરી નથી : (૧) ગુલામ (૨) ઔરત (૩) બાળક(૪) બીમાર *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૧૩૭૭, ૧/૩૯૫, ૩૯૬, સુનને અબૂ દાઊદ શરીફ, હદીષ નં. ૧૦૬૭, ૧/૩૯૭)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. હુઝૂર નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''જે શખ્સ કોઈપણ મજબૂરી વગર જુમ્આ છોડે અલ્લાહ તબારક વ તઆલા તેને એવી કિતાબમાં મુનાફિક઼ લખી દેશે જે ન મિટાવી શકાશે, ન બદલી શકાશે.''

*(મિશ્કાતુલ મસાબીહ, કિતાબુસ્સલાત, હદીષ નં. : ૧૩૭૯, ૧/૩૯૬)*

**હદીષ ૫** : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું છે કે મેં એ ઈરાદો કરી લીધો કે એક વ્યક્તિને જુમ્આ પઢાવવાનો હુકમ દઉં. પછી હું તે લોકોની ઉપર તેમના ઘરોને સળગાવી દઉં જે જુમ્આમાં આવ્યા નથી.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૬૫૨, પેજ : ૩૨૭)*

**હદીષ ૬** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેણે ચાર જુમ્આઓને કોઈપણ મજબૂરી વગર છોડી દીધા તો તેણે ઈસ્લામને પોતાની પીઠની પાછળ ફેંકી દીધો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૨૧૧૪૪, ૭/૩૦૦)*

## (૨૪) જમાઅત છોડવું

જમાઅત વાજિબ છે અને કોઈપણ શરઈ કારણ વગર જમાઅત છોડવાવાળો **ગુનેહગાર, ફાસિક઼** અને મુરદ્દુશ્શહાદત છે (જેની ગવાહી ક઼બૂલને પાત્ર નથી).

**હદીષ ૧** : જમાઅત છોડવાવાળાના બારામાં હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, હું તે જાતની ક઼સમ ખાઉં છું જેની કુદરતના કબજામાં મારી જાન છે. બેશક ! મેં આ ઈરાદો કરી લીધો છે કે લાકડીઓ ભેગી કરવાનો હુકમ દઉં પછી નમાઝ ક઼ાયમ કરવાનો હુકમ દઉં અને નમાઝના માટે અઝાન કહેવામાં આવે, પછી હું એક શખ્સને ઈમામત કરવાનો

હુકમ દઉં અને તે ઈમામત કરે. પછી હું જમાઅતથી અલગ રહેવાવાળાની પાસે જઈને તેમનાં ઘરોને તેમની ઉપર સળગાવી દઉં.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૪૪, ૧/૨૩૨)*

**હદીષ ૨** : હઝરત ઉબય બિન કઅ્બ رضی اللہ عنہથી રિવાયત છે કે એક દિવસ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમને લોકોને ફજરની નમાઝ પઢાવી તો સલામ ફેરવ્યા પછી આપે ફર્માવ્યું, ફલાણો હાજર છે ? તો તે લોકોએ કહ્યું, નહીં ! પછી ફર્માવ્યું, શું ફલાણો હાજર છે ? તો લોકોએ કહ્યું કે, નહીં ! તો ઈર્શાદ ફર્માવ્યો કે બંને નમાઝો (ફજર તથા ઈશા) મુનાફિકો ઉપર ખૂબ ભારી છે. જો તમે લોકોને ખબર પડી જતી કે તે બંને નમાઝોનું શું અને કેટલો સવાબ છે તો તમે લોકો પોતાના ગુઠણો ઉપર ઘસડાતા ઘસડાતા પણ બંને નમાઝોમાં આવતા. પહેલી સફ ફરિશ્તાઓની સફની મિષ્લ (જેમ) છે, જો તમને લોકોને ખબર પડી જતી કે તેની શું ફઝીલત છે તો તમે લોકો ઝપટીને જલ્દીથી જલ્દી તેમાં આવતા. અને વિશ્વાસ રાખો કે એક વ્યક્તિની નમાઝ એક વ્યક્તિની સાથે તેના એકલા નમાઝ પઢવાથી ખૂબ સારી છે. અને બે વ્યક્તિઓની સાથે એકની સાથે પઢવાથી ખૂબ સારી છે. અને જમાઅતમાં જેટલા વધારે માણસો હોય અલ્લાહ તઆલાને ખૂબ વધારે પસંદ છે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૧૦૬૬, ૧/૩૧૩, સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૫૫૪, ૧/૨૩૦)*

**હદીષ ૩** : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہماથી રિવાયત છે કે અમે લોકોએ પોતાને એ હાલમાં જોયા કે જમાઅતથી અલગ થવાવાળો ક્યાં તો મુનાફિક઼ હોતો અથવા બીમાર, અને બીમારનો એ હાલ હોતો કે બે વ્યક્તિની વચ્ચે ચાલીને નમાઝમાં આવતો હતો અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ અમને લોકોને હિદાયતની સુન્નતોની તા'લીમ આપી છે અને હિદાયતની સુન્નતોમાંથી એ પણ છે કે નમાઝ તે મસ્જિદમાં પઢવામાં આવે જેમાં અઝાન આપવામાં આવી હોય અને એક રિવાયત એ છે કે જે આ વાતથી ખુશ હોય કે તે કાલે ક઼યામતના દિવસે મુસલમાન હોવાની હાલતમાં અલ્લાહ તઆલાથી મુલાકાત કરે

તો તેના ઉપર લાઝિમ (જરૂરી) છે કે તે નમાઝોને ત્યાં પઢે જ્યાં અઝાન આપવામાં આવી હોય, કેમ કે અલ્લાહ તઆલાને તમારા નબીના માટે હિદાયતની સુન્નતો શરીઅતમાં રાખી છે અને નમાઝ બાજમાઅત હિદાયતની સુન્નતોમાંથી છે. જો તમે લોકો પોતાના ઘરોમાં નમાઝ પઢવા લાગ્યા જેવી રીતે જમાઅતથી અલગ થવાવાળો પોતાના ઘરમાં નમાઝ પઢી લે છે. તો તમે લોકો પોતાના નબીની સુન્નતને છોડવાવાળા થઈ જશો. અને જો તમે લોકોએ પોતાના નબીની સુન્નતને છોડી આપી તો વિશ્વાસની સાથે તમે લોકો ગુમરાહીમાં પડી જશો. જે વ્યક્તિ સારી રીતે વુઝૂ કરીને મસ્જિદનો ઈરાદો કરે છે તો અલ્લાહ તઆલા તેના માટે દરેક ક઼દમ ઉપર એક નેકી લખી દે છે અને દરેક ક઼દમના બદલે, એક દરજ્જો ઊંચો ફર્માવી દે છે અને એક ગુનોહ માફ કરી દે છે. અને તમે લોકો વિશ્વાસથી માનો છો કે અમે પોતાનો એ હાલમાં જોયા છે કે જમાઅતથી તે જ વ્યક્તિ અલગ થતો હતો જે એવો મુનાફિક઼ હતો કે તેના નિફાક઼ની બધાને ખબર હતી. અમુક વ્યક્તિઓને તો બે વ્યક્તિઓની વચ્ચે ચલાવીને લાવવામાં આવતા હતા ત્યાં સુધી કે તેમને સફમાં ઉભા કરી આપવામાં આવતા હતા. *(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. ૧૦૭૨, ૧/૩૧૪ થી ૩૧૫, સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. ૬૫૪, પેજ : ૩૨૮)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "જો ઘરોમાં સ્ત્રીઓ અને બાળકો ન હોત તો હું ઈશાની નમાઝ ક઼ાયમ કરતો અને જવાનોને હુકમ આપતો કે જમાઅતથી અલગ થવાવાળાઓના ઘરોને સળગાવી નાખે."

*(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. : ૮૮૦૪, પેજ : ૨૯૬)*

**હદીષ ૫** : અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી રિવાયત છે કે અઝાન મસ્જિદમાં મેળવે, પછી તે મસ્જિદમાંથી નીકળી ગયો. જો કોઈ હાજતથી પણ નથી નીકળ્યો અને પછી મસ્જિદમાં પાછો ફરીને આવવાનો ઈરાદો પણ નથી રાખતો તો તે શખ્સ **મુનાફિક઼** છે.

*(સુનને અબૂ દાઊદ શરીફ, હદીષ : ૭૩૪, પેજ : ૪૦૪)*

**હદીષ ૬ :** હઝરત અબૂબક્ર બિન સુલૈમાન رضی اللہ عنہથી મરવી છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત સુલૈમાન رضی اللہ عنہને સવારે (ફજર)ની નમાઝમાં મસ્જિદની અંદર ન જોયા. અને આપ સવારમાં જ બજારમાં ગયા. હઝરત સુલૈમાન رضی اللہ عنہનું મકાન મસ્જિદ અને બજારની વચ્ચે હતું. તો અમીરુલ મો'મિનીને હઝરત સુલૈમાન رضی اللہ عنہનાં મા હઝરત શફા رضی اللہ عنہાથી ફર્માવ્યું, મેં સવારની નમાઝમાં સુલૈમાન رضی اللہ عنہને નથી જોયા ! તો તેમણે (તેમની માએ) કહ્યું કે તે આખી રાત નમાઝ પઢતા રહ્યા પછી તેમની આંખો તેની ઉપર ગાલિબ થઈ અને તે સૂઈ ગયા. તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, મને સવારની નમાઝ જમાઅતથી પઢવું એ આખી રાત નફ્લ નમાઝ પઢવાથી વધારે મહબૂબ છે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૧૦૮૦, ૧/૩૧૬, મૌતા ઈમામ માલિક, હદીષ નં. ૩૦૦, પેજ : ૧૩૪)*

## ★ જમાઅત છોડવાના કારણો ★

નીચે જણાવેલ મજબૂરીના કારણોથી જો કોઈ જમાઅત છોડી દે તો ગુનેહગાર નહીં થશે :–

(૧) બીમાર જેને મસ્જિદ સુધી જવામાં (ખૂબ જ) તકલીફ હોય. (૨) અપંગ. (૩) જે જેનો પગ કપાઈ ગયો હોય. (૪) જેને લકવો થયો હોય.(૫) એટલો બધો વૃદ્ધ હોય કે મસ્જિદ સુધી જવાથી મજબૂર હોય. (૬) આંધળો, જો આંધળા માટે કોઈ એવો વ્યક્તિ હોય કે જે હાથ પકડીને મસ્જિદ સુધી પહોંચાડી દે. (૭) સખત વરસાદ (૮) સખત કિચડનું અવરોધ થવું. (૯) તીવ્ર ઠંડી (૧૦) ગાઢ અંધકાર. (૧૧) વાવઝોડું. (૧૨) માલ અથવા ખાણાના નષ્ટ થવાની આશંકા. (૧૩) લેણદારનો ડર છે અને તે તંગદસ્ત છે. (૧૪) જાલિમનો ડર. (૧૫) જાજરૂ. (૧૬) પેશાબ. (૧૭) ખાવાનું હાજર હોય અને નફ્સ (મન)ને તેની ઈચ્છા હોય. (૧૮) કાફલો ચાલ્યા જવાની આશંકા. (૧૯) બીમારની સેવા કે જમાઅત માટે જવાથી તેને તકલીફ થશે અને ગભરાહાટ થશે. આ બધા જમાઅત છોડવા માટે ઉઝર (કારણરૂપ) છે.

*(બહારે શરીઅત, ૭/૧૩૧)*

## (૨૫) નમાઝીની આગળથી પસાર થવું

કોઈ નમાઝ પઢવાવાળાની આગળ પસાર થવું ગુનોહ છે. હદીષોમાં તેની સખત મનાઈ આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ જહીમ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો નમાઝ પઢવાવાળાની આગળથી પસાર થવાવાળો જાણી લેતો કે તેની ઉપર કેટલો મોટો ગુનોહ છે તો તેના માટે ૪૦ સુધી રોકાવું તેનાથી સારું હોતું કે નમાઝીની આગળથી પસાર થાય. આ હદીષના રાવી અબૂન્નઝરે કહ્યું કે હું નથી જાણતો કે ૫૦ દિવસ ફર્માવ્યું કે ૪૦ મહીના કે ૫૦ વર્ષ ફર્માવ્યું.

*(સહીહ બુખારી, હદીષ નં. : ૫૧૦,૭/૧૮૯)*

**હદીષ ૨** : હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જ્યારે તમારામાંથી કોઈ વ્યક્તિ કોઈ વસ્તુને સુતરો (આડ) ન બનાવીને નમાઝ પઢે અને કોઈ તેની આગળથી પસાર થવાનો ઈરાદો કરે તો તેને કોઈએ તેને દૂર કરે. પછી પણ જો તે ન માને તો તેનાથી લડાઈ કરો કેમ કે તે શૈતાન છે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૫૦૯, ૧/૧૮૯)*

**મસ્અલા તથા ફાયદા** : નમાઝીને જોઈએ કે જો મેદાનમાં નમાઝ પઢે તો પોતાની આગળ કોઈ વસ્તુને સુતરો (આડ) બનાવીને નમાઝ પઢે અને પસાર થવાવાળાએ જોઈએ કે બહારથી પસાર થાય અને જો મેદાન અથવા મસ્જિદમાં સુતરા વગર નમાઝ પઢી રહ્યો હોય અને કોઈ આગળથી પસાર થવા લાગે તો ઈશારાથી તેને મના કરે, અને મના કરવાથી પણ તે ન માને તો સખ્તીની સાથે તેને ધક્કો દઈને દૂર કરે. હુઝૂર ﷺએ તેને શૈતાન એટલા માટે ફર્માવ્યું કે તે જો કે મુસલમાન છે પણ શૈતાનનું કામ કરી રહ્યો છે કે નમાઝીની આગળથી પસાર થઈને નમાઝીનું ધ્યાન ભંગ કરી રહ્યો છે.

## (૨૬) નમાઝમાં આકાશની તરફ જોવું

નમાઝમાં આકાશની તરફ માથુ ઉઠાવવું નાજાઈઝ અને ગુનોહ છે. હદીષમાં તેની સખત મના આવી છે.

**હદીષ ૧ :** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે લોકોનો શું હાલ છે કે તે પોતાની નજરોને પોતાની નમાઝમાં આસમાનની તરફ ઉઠાવે છે. (રાવી કહે છે) હુઝૂર صلی اللہ علیہ وسلمએ તે બારામાં ખૂબ જ સખત વાત ફર્માવી ત્યાં સુધી ફર્માવ્યું કે, લોકો આવુ કરવાથી દૂર રહે, નહીં તો જરૂર તેની નજરો ઊંચકી લેવામાં આવશે (મસ્અલાઓ તથા ફાયદાઓ) *(સહીહ બુખારી, હદીષ નં. ૭૫૦, ૧/૨૬૫)*

**મસ્અલા તથા ફાયદા :** નમાઝમાં કયામની હાલતમાં નજર સજદાની જગ્યા ઉપર જામી રહેલી હોવી જોઈએ અને રુકૂઅમાં નજર પગના બંને અંગૂઠાઓ ઉપર અને સજદામાં નજર નાક ઉપર અને બેઠવામાં નજર સીના ઉપર અને સલામ ફેરવવામાં બંને ખભાઓ ઉપર રહેવી જોઈએ.

## (૨૭) ઈમામથી પહેલા માથુ ઊંચુ કરવું

નમાઝમાં ઈમામથી પહેલા માથુ ઊંચુ કરવું મના અને ગુનોહ છે. હદીષમાં તેની સખત મના અને સખત વઈદ (ચેતવણી) આવી છે.

**હદીષ ૧ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, તે શખ્સ જે ઈમામથી પહેલાં માથુ ઊંચુ કરી લે છે તે શું એ વાતથી નથી ડરતો કે અલ્લાહ તઆલા તેના માથાને ગધેડાનું માથુ બનાવી દે અથવા તેનો ચહેરો ગધેડાનો ચહેરો બનાવી દે.

*(સહીહ બુખારી, હદીષ નં. ૬૯૧, ૧/૨૪૯)*

# (૨૮) ઝકાત અદા ન કરવી

નમાઝની જેમ ઝકાત પણ ફર્ઝ છે અને જેવી રીતે નમાઝ છોડી દેવું ગુનાહે કબીરા છે એવી જ રીતે ઝકાત ન દેવું પણ ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળો અમલ છે. કુર્આને મજીદ અને હદીષોમાં ઝકાત છોડવાવાળા (ન) આપનારા માટે ખૂબ જ અધિક પ્રમાણમાં જહન્નમની ચેતવણીઓ આવી છે. કુર્આને મજીદમાં ઈર્શાદ છે :–

وَ الَّذِيْنَ يَكْنِزُوْنَ الذَّهَبَ وَ الْفِضَّةَ وَ لَا يُنْفِقُوْنَهَا فِيْ سَبِيْلِ اللّٰهِ ۙ فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِيْمٍ ﴿٣٤﴾ يَّوْمَ يُحْمٰى عَلَيْهَا فِيْ نَارِ جَهَنَّمَ فَتُكْوٰى بِهَا جِبَاهُهُمْ وَ جُنُوْبُهُمْ وَ ظُهُوْرُهُمْ ؕ هٰذَا مَا كَنَزْتُمْ لِاَنْفُسِكُمْ فَذُوْقُوْا مَا كُنْتُمْ تَكْنِزُوْنَ ﴿٣٥﴾

"જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવો ! જે દિવસે જહન્નમની આગમાં તેઓ તપાવવામાં આવશે અને તેનાથી તેમના કપાળ અને પાસાંઓ અને પીઠો ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તેઓએ પોતાના નફ્સ માટે ભેગુ કર્યું હતું. તો હવે (તેનો સ્વાદ) ચાખો, જે ભેગુ કરતા હતા." *(સૂરએ તૌબા, આ. ૩૪, ૩૫)*

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે :–

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને અલ્લાહ તઆલાએ માલ અતા ફર્માવ્યો અને તેણે તેની ઝકાત ન અદા કરી તો કયામતના દિવસે તેના માલને એક ગંજા (વાળ વિનાના) સાપની શક્કલ બનાવી આપવામાં આવશે કે તે સાપની બે નિશાનીઓ હશે (જે તેના ખૂબ જ ઝહેરીલા હોવાની નિશાની છે) અને તે સાપ તેના ગળાનો તોક બનાવી દેવામાં

આવશે જે પોતાના જડબાંઓથી તેને પકડશે અને કહેશે હું છું તારો માલ ! તારો ખજાનો ! *(સહીહ બુખારી, હદીષ નં. ૧૪૦૩, ૧/૪૭૪)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે જે ઊંટોની ઝકાત નથી આપવામાં આવી તે દુનિયામાં જેટલા જાડાં અને ભરાવદાર હતાં તેનાથી વધીને જાડાં અને ભરાવદાર થઈને કયામતના દિવસે આવશે અને પોતાના માલિકોને પોતાના પગોથી કચડી નાખશે. અને જે બકરીઓની ઝકાત નથી આપવામાં આવી તે બકરીઓ દુનિયામાં જેટલી જાડી અને ભરાવદાર હતી તેનાથી વધારે જાડી અને ભરાવદાર થઈને આવશે અને પોતાના માલિકોને પગોથી કચડશે અને શિંગડાઓથી મારશે.

**હદીષ ૩** : હઝરત અહનફ બિન કૈસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ખજાનો ભેગો કરવાવાળાને (જે ઝકાત નથી આપતા) ખુશખબરી સંભળાવી આપો કે તેમના ખજાનાને કયામતના દિવસે પથ્થર બનાવીને જહન્નમની આગમાં ગરમ કરવામાં આવશે. પછી તેને તેમના માલિકોની છાતીઓના ઉપસેલા ભાગ ઉપર રાખવામાં આવશે તો તે તેમના ખભાઓની પાછલી નરમ હાડકીએથી બહાર નીકળી જશે અને પછી તેમના ખભાઓની કર્રી ઉપર રાખવામાં આવશે તો તે તેમની છાતીઓની ઘંટીથી બહાર નીકળી જશે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૧૪૦૭, ૭/૪૭૫)*

**મસ્અલા તથા ફાયદા** : જાણવા મળ્યું કે દરેક તે માલ જેમાં ઝકાત ફર્ઝ છે જો તેની ઝકાત આપવામાં આવશે નહીં તો કયામતના દિવસે તે જ માલ તેમના માલિકો માટે અઝાબનું કારણ બનશે અને તે જહન્નમમાં અલગ અલગ અઝાબોમાં સપડાઈ જશે.

## (૨૯) રોઝો છોડી આપવો

રોઝા ફર્ઝ છે અને ઈસ્લામના અરકાનમાંથી એક રૂકન છે. શરીઅત પ્રમાણે કોઈ મજબૂરી વિના તેનું છોડી આપવુ ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. અને રોઝો રાખીને જો શરીઅત પ્રમાણેની કોઈ મજબૂરી વગર જાણી જોઈને તોડી દે તો કફ્ફારો જરૂરી છે. અને તેનો કફ્ફારો એ છે કે એક ગુલામ આઝાદ કરે અથવા ૬૦ લગાતાર રોઝા રાખે અથવા ૬૦ મિસ્કીનોને (બે સમય) ખાવાનું ખવડાવે.

કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۸۳﴾

"હે ઈમાનવાળાઓ ! તમારી ઉપર રોઝા ફર્ઝ કરવામાં આવ્યા જેવા આગળના (આગલી ઉમ્મતો)ઓ ઉપર ફર્ઝ કર્યા હતા."

*(સૂરએ બક઼રહ, આ. ૧૮૩)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :–

فَمَنْ شَهِدَ مِنْكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ ؕ

"તો તમારામાં જે કોઈ આ મહીનો પામે જરૂર તેના રોઝા રાખે."

*(સૂરએ બક઼રહ, આ. ૧૮૫)*

**હદીષ ૧** : હાકિમે હઝરત કઅબ બિન અજરા رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બધા લોકો મિમ્બરની પાસે હાજર થાવ ! અમે બધા હાજર થયા. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم પહેલા પગથિયા ઉપર ચઢયા તો કહ્યું, "આમીન". બીજા પગથિયા ઉપર ચઢયા તો કહ્યું, "આમીન". અને ત્રીજા પગથિયા ઉપર ચઢયા તો કહ્યું, "આમીન". જ્યારે મિમ્બર શરીફથી તશરીફ લાવ્યા અને અમે અર્ઝ કરી, આજે અમે

હુઝૂર ﷺથી એવી વાત સાંભળી કે ક્યારેય ન સાંભળી હતી ! તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે હું પ્રથમ પગથિયા પર ચઢયો તો જિબ્રઈલ (علیہ السلام)એ અર્ઝ કરી, તે શખ્સ દૂર થાય જેણે રમઝાન પામ્યો અને પોતાની મગફેરત ન કરાવી. મેં કહ્યું, ''આમીન''. જ્યારે બીજા પગથિયા ઉપર ચઢયો તો જિબ્રઈલ (علیہ السلام)એ કહ્યું, તે શખ્સ દૂર થાય જેની પાસે આપનો ઝિક્ર થાય અને આપ ઉપર દુરૂદ ન મોકલે. મેં કહ્યું, ''આમીન''. જ્યારે હું ત્રીજા પગથિયા ઉપર ચઢયો તો કહ્યું, તે શખ્સ દૂર થાય જેનાં મા બાપ અથવા એકને બુઢાપો આવે અને તેની ખિદમત કરીને જન્નતમાં ન જાય તો મેં કહ્યું, ''આમીન''.

*(અલ મુસ્તદરક, અલહાકિમ, હદીષ નં. ૭૩૩૮, ૫/૨૧૨)*

**હદીષ ૨** : હઝરત અબૂ ઉમામા બાહલી رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા, હું સૂઈ રહ્યો હતો તો ખ્વાબમાં બે વ્યક્તિઓ મારી પાસે આવ્યા અને મારા હાથોને પકડીને મને એક મુશ્કેલીથી પસાર થવાવાળા પહાડ ઉપર ચઢાવ્યો તો જ્યારે હું પહાડની વચ્ચે પહોંચ્યો તો ત્યાં સખત મોટા અવાજો આવી રહ્યા હતા. તો મેં કહ્યું કે આ કેવા અવાજો છે ? તો લોકોએ બતાવ્યું કે આ જહન્નમીઓના અવાજો છે. પછી મને વધારે આગળ લઈ જવામાં આવ્યો તો હું કેટલાક એવા લોકોની પાસેથી પસાર થયો કે તેમને તેમની ઘૂંટીઓની રગમાં બાંધીને લટકાવવામાં આવ્યા હતા અને તે લોકોનાં ગળાઓ ફાડી નાખવામાં આવ્યાં હતાં અને તેમના ગળામાંથી લોહી વહી રહ્યું હતું. તો મેં પૂછયું, આ કોણ લોકો છે ? તો કોઈ કહેવાવાળાએ કહ્યું કે આ લોકો રોઝો ઈફતાર કરતા હતા તેના પહેલાં કે રોઝો ઈફતાર કરવો હલાલ થાય. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૨, પેજ : ૬૬)*

**મસ્અલા તથા ફાયદા** : રોઝો શરીઅતની ભાષામાં મુસલમાનનો ઈબાદતની નિય્યતથી સુબ્હ સાદિક઼થી ગુરૂબે આફતાબ સુધી પોતાને જાણી જોઈને ખાવા, પીવા, સંભોગથી દૂર રાખવાનું નામ છે. સ્ત્રીનું હૈઝ (માસિક) સ્ત્રાવ) તથા નિફાસ (પ્રસૂતિ પછીનું લોહી)થી

ખાલી હોવું શર્ત છે. શરીઅત પ્રમાણે મજબૂરી વગર રોઝો છોડી આપવો ઘણો સખત ગુનોહ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

## (30) હજ્જ છોડી આપવું

જે શખ્સ પર હજ્જ ફર્ઝ છે તેને જરૂરી છે કે તુરંત હજ્જ માટે જાય. હજ્જ ઉપર શક્તિમાન હોવા છતાં હજ્જને છોડી આપવું ગુનાહે કબીરા છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

وَلِلّٰهِ عَلَى النَّاسِ حِجُّ الْبَيْتِ مَنِ اسْتَطَاعَ اِلَيْهِ سَبِيْلًا ؕ وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ ﴿۹۷﴾

"અને અલ્લાહ માટે લોકો ઉપર તે ઘરનો હજ્જ કરવું છે જે તેના સુધી ચાલી શકે અને જે મુન્કર હોય તો અલ્લાહ બધા જહાનથી બે પરવા છે. *(સૂરએ આલે ઈમરાન, આ. ૯૭)*

બીજી આયતમાં ઈર્શાદ થયો :–

وَاَتِمُّوا الْحَجَّ وَالْعُمْرَةَ لِلّٰهِ ؕ

"અને હજ્જ અને ઉમરાહ અલ્લાહ માટે પૂરા કરો."

*(સૂરએ બકરહ, આ. ૧૯૬)*

**હદીષ ૧** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે શખ્સ સવારી અને એટલા માલનો માલિક થઈ ગયો કે તેને બૈતુલ્લાહ સુધી પહોંચાડી દે, છતાં તેણે હજ્જ ન કરી તો કાંઈ ફર્ક નથી કે તે યહૂદી થઈને મરે અથવા નસરાની થઈને. અને આ એટલા માટે કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે કે અલ્લાહ માટે તે લોકો ઉપર બૈતુલ્લાહનો હજ્જ છે જે બૈતુલ્લાહ સુધી સત્તાની તાકત રાખે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૮૧૨, ૨/૨૧૯)*

**મસ્અલા તથા ફાયદા** : હજ્જ ઈસ્લામનો પાચમો રૂકન અને ખૂબ જ મહત્વનો ફર્ઝ છે. અને જ્યારે હજ્જ ફર્ઝ થઈ જાય તો તુરંત જ

હજ્જ કરી લેવી જરૂરી છે જેટલી વાર લગાડશે દરેક સમયે ગુનેહગાર થતો રહેશે.

## (૩૧) હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો) અદા ન કરવા

બંદાઓના હક્કોને અદા કરવા પણ દરેક મુસલમાન ઉપર ફર્ઝ છે. અને બંદાઓના વાજિબ હક્કો અદા ન કરવા ગુનાહે કબીરા છે, જે કેવળ તૌબા કરવાથી માફ નથી થઈ શક્તા, બલ્કે જરૂરી છે કે તૌબા કરવાની સાથે સાથે ક્યાં તો હક્કો અદા કરી આપે અથવા જેના હક્કો છે તેનાથી હક્કો માફ કરાવી લે. કેમ કે જ્યાં સુધી બંદાઓ માફ ન કરી દે ત્યાં સુધી અલ્લાહ તબારક વ તઆલા તેને માફ નહીં ફર્માવશે.

હદીષ શરીફમાં છે કે, ''એટલે દરેક હક્કવાળાઓનો હક્ક અદા કરો.'' *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. : ૧૯૬૮, ૧/૬૪૭)*

આજકાલ ઘણા બધા મુસલમાનો બીજાઓના માલસામાન તથા જમીન ઉપર કબ્જો કરી લે છે અને બીજાઓના હક્કો મારી ખાય છે. ઘણા બધા લોકો કર્ઝ લઈને તેને અદા નથી કરતા. અમુક લોકો મજૂરોની મજૂરી, નોકરી કરવાવાળાનો પગાર દબાવીને બેસી રહે છે. આ બધા હુકૂકુલ ઈબાદત છે જે આ હક્કોને અદા નહીં કરશે અથવા માફ નહીં કરાવશે આ ખૈરાતમાં તેમનું ઠેકાણું જહન્નમ છે.

આવી જ રીતે મુસલમાન ઉપર તેના મા, બાપ, ભાઈઓ, બહેનો, બીવી બચ્ચા, રિશ્તેદારો અને પડોશીઓ વગેરેના હક્કો છે કે બધાની સાથે સારો વર્તાવ કરે. જો તે લોકોના હક્કો અદા નહીં કરશે તો કયામતના દિવસે હુકૂકુલ ઈબાદમાં પકડાયેલો અને જહન્નમના અઝાબમાં પકડાયેલો હશે.

**નોંધ** : હુકૂકુલ ઈબાદનું વિસ્તૃતથી બયાન અમારી કિતાબ ''જન્નતી ઝેવર''માં વાંચો જે ખૂબ જ જામેઅ તથા ઈમાન અફરોઝ કિતાબ છે અને તેમાં સંપૂર્ણપણે સમાજની ઈસ્લાહ માટે ઘણુ બધું લખવામાં આવ્યું છે.

# (૩૨) રિશ્તેદારીને કાપી નાખવી

અલ્લાહ તબારક વ તઆલાએ ખાનદાની તથા સાસરી પક્ષની રિશ્તેદારી (સગાઈ)ઓને પોતાની નેઅમત બતાવી છે. જેનાથી ઈન્સાનોને નવાઝયા છે અને આ હુકમ આપ્યો છે કે તમે રિશ્તેદારીઓને જાણો ઓળખો અને તે રિશ્તેદારોની સાથે સારો વ્યવહાર અને નેક વર્તાવ કરતા રહો. અને અલ્લાહ તઆલાએ તે રિશ્તેદારોથી બગાડ કરવાને અને રિશ્તો તોડવાને હરામ ફર્માવ્યું છે, અને હુકમ આપ્યો કે તે સગાઈ સંબંધોને ન કાપો, એટલે એવું ન કરો કે ભાઈઓ, અને બહેનો, કાકાઓ, ફોઈઓ, ભત્રીજાઓ, ભાણજો અને નવાસાઓ વગેરેથી એવી રીતે બગાડવું કે એવું કહી દો કે તું મારી બહેન નથી ! અને હું તારો ભાઈ નથી ! અને આમ કહીને એકદમ રિશ્તેદારીનો સંબંધ ખતમ કરી લો. આવું કરવાને "કતએ રહમ" અને "રિશ્તો કાપવું' કહે છે. આ શરીઅતમાં હરામ અને સખત મોટા ગુનાહનું કામ છે અને તેની સજા જહન્નમનો દર્દનાક અઝાબ છે. અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :–

فَهَلْ عَسَيْتُمْ اِنْ تَوَلَّيْتُمْ اَنْ تُفْسِدُوْا فِى الْاَرْضِ وَ تُقَطِّعُوْٓا اَرْحَامَكُمْ ۝٢٢
اُولٰٓئِكَ الَّذِيْنَ لَعَنَهُمُ اللّٰهُ فَاَصَمَّهُمْ وَ اَعْمٰٓى اَبْصَارَهُمْ ۝٢٣

"તો શું તમારાં આ કામો નજર આવે છે કે જો તમને હુકૂમત મળે તો જમીનમાં ફસાદ ફેલાવો અને પોતાના રિશ્તાઓ કાપી નાખો. આ છે તે લોકો જેની ઉપર અલ્લાહે લઅનત કરી અને તેમને હક્કથી બહાર કરી દીધા અને તેમની આંખો ફોડી નાખી." *(સૂરએ મુહમ્મદ, આ. ૨૨, ૨૩)*

આ જ પ્રમાણે હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**હદીષ ૧** : હઝરત અબ્દુલ્લાહ બિન અબી ઔફ رضی اللہ عنہએ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, "તે કૌમ પર રહ્મત નાઝિલ નથી થતી જે કૌમમાં કોઈ રિશ્તેદારીઓને કાપવાવાળો હાજર હોય છે."

*(મિશ્કાત શરીફ, હદીષ નં. : ૪૯૩૧, ૩/૬૧, શોઅબુલ ઈમાન, હદીષ નં. ૭૯૬૨, ૬/૨૨૩)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણ શખ્સ જન્નતમાં દાખલ નહીં થશે : (૧) એહસાન કરીને એહસાન જતાવવાવાળો (૨) પોતાની માની નાફર્માની કરનાર અને (તેને) તકલીફ આપવાવાળો (૩) હમેશાં શરાબ પીવાવાળો. *(સુનને નિસાઈ, ૮/૩૧૮)*

**હદીષ ૩** : હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضي الله عنهએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે, હું અલ્લાહ છું ! અને હું રહમાન છું ! મેં ફરિશ્તાઓને પેદા કર્યા છે અને પોતાના નામથી તેના નામને મુશ્તક (કાઢયું) કર્યું છે. તો જે શખ્સ રિશ્તા (સગાઈ)ને મિલાવશે હું તેને મિલાવીશ અને જે તેને કાપી નાખશે હું તેને કાપી નાખીશ !

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૧૪, ૩/૩૬૩)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنهથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકો પોતાના પેઢીનામાને જાણી લો કે જેથી તમે પોતાના રિશ્તેદારોની સાથે નેક વર્તાવ કરો. યક઼ીન જાણો છે કે રિશ્તેદારોની સાથે નેક વર્તાવ કરવો એ ઘરવાળાઓમાં મહ઼ોબ્બત તથા માલમાં વધારો અને ઉમરમાં વધારાનો સબબ છે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૮૬, ૩૧૩૯૪)*

## (૩૩) પડોસીઓની સાથે ખરાબ વર્તન

અલ્લાહ તઆલાએ સગાં સંબંધીઓ ઉપરાંત પડોસીઓ અને દોસ્તોની સાથે પણ નેક અને સારુ વર્તન કરવાનો હુકમ આપ્યો છે. તે લોકોની સાથે સારુ વર્તન કરવું એ જન્નતમાં લઈ જવાવાળો અમલ છે અને તે લોકોની સાથે ખરાબ વર્તન કરવા તથા તેમને તકલીફ આપવી હરામ તથા ગુનોહ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَّ بِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّ بِذِی الْقُرْبٰی وَ الْيَتٰمٰی وَ الْمَسٰكِيْنِ وَ الْجَارِ ذِی الْقُرْبٰی وَ الْجَارِ الْجُنُبِ وَ الصَّاحِبِ بِالْجَنْۢبِ وَ ابْنِ السَّبِيْلِ ۙ وَ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرَا

''મા બાપથી ભલાઈ કરો અને સંબંધીઓ તથા યતીમો અને મોહતાજો તથા પાસેના પડોસીઓ અને દૂરના પડોસીઓ અને કરવટ (પાસેના)ના સાથી અને રાહગીર (મુસાફર) અને પોતાની બાંદી, ગુલામથી. બેશક ! અલ્લાહને ખુશ નથી આવતુ કોઈ ઘમંડી બડાઈ મારવાવાળો.'' *(સૂરએ નિસાઅ્, આ. ૩૬)*

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, ખુદાની કસમ ! તે મો'મિન નહીં હશે ! ખુદાની કસમ ! તે મો'મિન નહીં હશે ! ખુદાની કસમ ! તે મો'મિન નહીં હશે ! તો કોઈએ કહ્યું, કોણ યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું, તે શખ્સ જેનો પડોસી તેની શરારતોથી બેખૌફ ન હોય.

*(સહીહ બુખારી, હદીષ નં. ૬૦૧૬, ૪/૧૦૪)*

**હદીષ ૨** : હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું, હઝરત જિબ્રઈલ علیہ السلام હમેશાં પડોસીના બારામાં મને વસિયત કરતા રહ્યા ત્યાં સુધી કે મને એ ગુમાન થવા લાગ્યું કે નજીકમાં જ તેઓ પડોસીને વારસદાર ઠરાવી દેશે. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૬૦૧૫, ૬૦૧૪, ૪/૧૦૪)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમામ સાથીઓમાં અલ્લાહ તબારક વ તઆલાની નજીક સૌથી બેહતર સાથી તે છે જે પોતાના દોસ્તોની સાથે બેહતરીન હોય, અને તમામ પડોસીઓમાં અલ્લાહ તઆલાની નજીક તે પડોસી બેહતર છે જે પોતાના પડોસીઓ માટે બેહતરીન હોય.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૫૧, ૩/૩૭૯)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે મેં

રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે તે મો'મિન નથી જે પોતે પેટ ભરીને ખાઈ લે અને તેનો પડોસી તેની બાજુમાં ભૂખ્યો રહી જાય.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૫૬૬૦, ૫/૩૧)*

**હદીષ ૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે એક વ્યક્તિએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ફલાણી સ્ત્રીની નમાઝ તથા રોઝા અને સદક઼ાની ખૂબ ચર્ચા થતી રહે છે પણ તે પોતાના પડોસીઓને પોતાની જીભથી તકલીફ દેતી રહે છે. તો ઈર્શાદ ફર્માવ્યો કે તે સ્ત્રી જહન્નમી છે. તો તે વ્યક્તિએ કહ્યું કે ફલાણી સ્ત્રીની રોઝા તથા નમાઝ અને સદક઼ામાં ઓછી ચર્ચા છે પણ તે કેવળ પનીરની ટીકડીઓ સદક઼ામાં આપ્યા કરે છે અને તે પોતાના પડોસીઓને નથી સતાવતી. તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે તે સ્ત્રી જન્નતી છે.

*(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. : ૯૬૮૧, ૩/૪૪૧)*

## (૩૪) જાનવરોને સતાવવું

જાનવરોને જરૂરત વગર મારવું, અને તેની પાસેથી શક્તિથી વધારે મહેનત લેવી, જરૂરત વગર તેને ક઼ત્લ કરવું અથવા આગમાં સળગાવવું અથવા ભૂખ્યુ, તરસ્યું રાખવું હરામ તથા ગુનોહ છે. નીચે જણાવેલ હદીષોમાં ખાસ કરીને તેની મનાઈ આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે એક કીડીએ એક નબીને કરડી લીધું તો તેમણે કિડીઓના રહેઠાણને સળગાવી દેવાનો હુકમ આપી દીધો અને તે સળગાવી દેવામાં આવ્યું, તો અલ્લાહ તઆલાએ તે નબી ઉપર આ વહી ઉતારી કે તમને તો એક કીડીએ કરડયું હતું, પણ તમે તો એક એવી ઉમ્મતને સળગાવી દીધી જે ખુદાની તસ્બીહ પઢતી હતી. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૩૦૧૯, ૨/૩૧૫)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, એક સ્ત્રીને એક બિલાડીના મામલામાં જહન્નમની અંદર દાખલ કરવામાં આવી. તેણીએ એક બિલાડીને બાંધીને

રાખી હતી. ન તેને કાંઈ ખવડાવ્યું પીવડાવ્યું, ન તેને છોડી કે તે કીડા, મકોડાઓને ખાતી ત્યાં સુધી કે તે મૃત્યુ પામી.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. : ૩૩૧૮, ૨/૪૦૮)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺથી મેં સાંભળ્યું છે કે જે કોઈ જાનદાર (પ્રાણી)ને લટકાવીને તેની ઉપર નિશાનો લગાડે (ડામ દે) તે મલ્ઊન છે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૯૫૮, પેજ : ૧૦૮૧)*

**હદીષ ૪** : હઝરત શદ્દાદ બિન ઔસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ દરેક વસ્તુમાં ભલાઈ કરવાનો હુકમ ફર્માવ્યો છે. એટલા માટે તમે જ્યારે કોઈને કત્લ કરો તો સારા તરીકાથી કત્લ કરો અને જ્યારે તમે કોઈ જાનવરને ઝબહ કરો તો સારા તરીકાથી ઝબહ કરો. છરી તેજ કરો અને ઝબહ થવાવાળા જાનવરને રાહત પહોંચાડો. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૯૫૫, પેજ : ૧૦૮૦)*

**હદીષ ૫** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ જાનવરોને તેમના ચહેરાઓ ઉપર મારવા અને ડામ લગાડવાથી મના ફર્માવ્યું છે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૧૧૬, પેજ : ૧૧૭૧)*

**હદીષ ૬** : હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે એકવાર એક ગધેડો રસૂલુલ્લાહ ﷺની સામેથી પસાર થયો જેના ચહેરા ઉપર ડામ લગાડવામાં આવ્યો હતો. તો આપ ﷺએ ફર્માવ્યું કે તે શખ્સ ઉપર અલ્લાહની લા'નત થાય જેણે તેના ચહેરા ઉપર ડામ લગાડયો છે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૬૧૧૭, પેજ : ૧૧૭૨)*

**હદીષ ૭** : હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ એક ચકલીને અથવા તેનાથી મોટા પક્ષીને નાહક્ક કત્લ કરી દે તો અલ્લાહ તઆલા તેનાથી તેના કત્લના બારામાં પૂછતાછ ફર્માવશે. તો કોઈએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ તેનો હક્ક શું છે ? તો ફર્માવ્યું, એ છે કે તેને ઝબહ કરે અને ખાય, ન એ કે તેનું માથુ કાપીને ફેંકી દે.

*(મિશ્કાત શરીફ, હદીષ નં. : ૪૦૯૪, ૨/૪૨૯, સુનને નિસાઈ, ૭/૨૩૯)*

**હદીષ ૮ :** હઝરત સહલ બિન હન્ઝલિયા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક એવા ઊંટની પાસેથી પસાર થયા જેની પીઠ તેના પેટથી (ભૂખના કારણે) મળી ગઈ હતી. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમે લોકો તે બેઝબાન જાનવરોના બારામાં અલ્લાહ તબારક વ તઆલાથી ડરો ! તેની ઉપર તે સમયે સવાર થયા કરો જ્યારે કે તે સારી હાલતમાં હોય અને જ્યારે તેમને છોડો તો તે સમયે પણ તેમને સારી હાલતમાં છોડો. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૩૩૭૦, ૨/૨૬૬, સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૨૫૪૮, ૩/૩૨)*

**મસ્અલા તથા ફાયદા :** કોઈ જાનવરને પક્ષી હોય કે પ્રાણી, કોઈ પણ કારણ વગર સતાવવું અને તકલીફ આપવી શરીઅતમાં હરામ છે. કેવળ તે જાનવરોને મારી નાખવું જાઈઝ છે જે મારી નાખવાવાળા અથવા મુઝી હોય (તકલીફ આપનાર).

## (૩૫) જુલ્મ (અત્યાચાર)

દરેક પ્રકારનો જુલ્મ હરામ તથા ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. કુર્આને મજીદ અને હદીષોમાં જુલ્મ કરવાની મનાઈ અને તેની નિંદા ખૂબ જ પ્રમાણમાં કરવામાં આવી છે બલ્કે ઘણા બધા જાલિમોની વસ્તીઓ તેમના જુલ્મની નહૂસતના કારણે હલાક઼ તથા બરબાદ કરી દેવામાં આવી.

કુર્આને મજીદમાં ઈર્શાદે રબ્બાની છે :–

وَكَمْ قَصَمْنَا مِنْ قَرْيَةٍ كَانَتْ ظَالِمَةً وَّاَنْشَاْنَا بَعْدَهَا قَوْمًا اٰخَرِيْنَ ﴿۱۱﴾

"અને કેટલીય વસ્તીઓ અમે તબાહ કરી આપી છે કે તે અત્યાચારી હતી અને તેમના પછી બીજી કૌમ જન્માવી." *(સૂ. અંબિયા, ૧૧)*

બીજી આયતમાં ઈર્શાદ થયો કે :–

وَكَاَيِّنْ مِّنْ قَرْيَةٍ اَمْلَيْتُ لَهَا وَهِيَ ظَالِمَةٌ ثُمَّ اَخَذْتُهَا ۚ وَاِلَيَّ الْمَصِيْرُ ﴿۴۸﴾

"અને કેટલીય વસ્તીઓ કે અમે તેમને ઢીલ આપી એ હાલમાં કે તે સિતમગાર હતી. પછી મેં તેમને પકડી, અને મારી તરફ જ પલ્ટીને આવવાનું છે." *(સૂરએ હજ્જ, આ. ૪૮)*

આ વિશેની ઘણી બધી કુર્આની આયતોમાં છે જે એલાન કરી રહી છે કે જુલ્મ કરવાવાળા માટે દુનિયામાં પણ હલાકત તથા બરબાદી છે અને આખેરતમાં પણ તેમના માટે દર્દનાક અઝાબ છે. ઘણી બધી આયતોમાં વારંવાર ઈર્શાદ ફર્માવ્યો :–

وَاِنَّ الظّٰلِمِیْنَ لَهُمْ عَذَابٌ اَلِیْمٌ "બેશક ! જાલિમોના માટે દર્દનાક અઝાબ છે." *(સૂરએ શૂરા, આ. ૨૧)*

اَلَآ اِنَّ الظّٰلِمِیْنَ فِیْ عَذَابٍ مُّقِیْمٍ

"સાંભળો છો બેશક ! જાલિમ હમેશાંના અઝાબમાં છે."

*(સૂરએ શૂરા, આ. ૪૫)*

આવી જ રીતે હદીષોમાં પણ જુલ્મની નિંદા તથા મના ખૂબ જ પ્રમાણમાં બયાન કરવામાં આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તબારક વ તઆલા જાલિમને મોહલત આપે છે ત્યાં સુધી કે જયારે તેને પોતાની પકડમાં લઈ લે છે તો પછી તેને છૂટકારો નથી આપતો. પછી હુઝૂર ﷺએ આયત ઈર્શાદ ફર્માવી :

وَكَذٰلِكَ اَخْذُ رَبِّكَ اِذَآ اَخَذَ الْقُرٰى وَهِیَ ظَالِمَةٌ

"અને આવી જ પકડ છે તારા રબની જયારે વસ્તીઓને પકડે છે તેમના જુલ્મ પર."

*(સૂરએ હૂદ, આ. ૧૦૨, સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૪૬૮૬, ૩/૨૪૭)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે જયારે હુઝૂર ﷺ મકામે હજર એટલે કૌમે આદ તથા ષમૂદની વસ્તીઓમાંથી

પસાર થયા તો ફર્માવ્યું, હે લોકો ! આ જાલિમોના ઘરોમાં રડતા રડતા દાખલ થજો. કેમ કે એ ડર છે કે ક્યાંક તમને પણ તે જ અઝાબ ન પહોંચી જાય જે તે જાલિમોને પહોંચ્યો હતો. આવું ફર્માવ્યું, પછી પોતાના (મુબારક) માથા ઉપર કપડુ નાખીને ખૂબ જ જલ્દીની સાથે ચાલ્યા અને તે વાદીમાંથી પસાર થઈ ગયા. *(સહીહ બુખારી શરીફ, હદીષ : ૪૪૧૯, ૩/૧૪૯)*

**હદીષ ૩** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકો જુલ્મ કરવાથી બચતા રહો કેમ કે જુલ્મ કયામતના દિવસે અંધારામાં રહેવાનું કારણ છે. અને કંજૂસીથી પણ બચતા રહો એટલા માટે કે કંજૂસી એ તમારાથી પહેલાઓને હલાક કરી દીધા છે. તેમની કંજૂસીએ જ તેમને આ વાત માટે ઉશ્કેર્યા હતા કે તેમણે પોતાના લોહી ને વહાવ્યું અને હરામ વસ્તુને હલાલ ઠરાવી.

**હદીષ ૪** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે પોતાને મઝલૂમો (જેના ઉપર અત્યાચાર થયો છે તે)ની બદ્દુઆથી બચાવો. એટલા માટે કે તે અલ્લાહ તબારક વ તઆલાથી પોતાના હક્કનો સવાલ કરશે અને અલ્લાહ તઆલા કોઈ હક્કવાળાના હક્કને રોકતો નથી.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. : ૭૪૬૪, ૬/૪૯)*

**હદીષ ૫** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે જે શખ્સ કોઈ મુકદમામાં (કેસમાં) કોઈ જાલિમની મદદ કરે તો તે હમેશાં અલ્લાહ તઆલાના ગઝબમાં રહેશે ત્યાં સુધી કે તેનાથી અલગ થઈ જાય.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૭૫૯૧, ૨/૨૦૦)*

**હદીષ ૬** : હઝરત અવસ બિન શરજીલ رضی اللہ عنہથી રિવાયત છે કે જે શખ્સ જાલિમની સાથે તેને જાલિમ જાણતો હોવા છતાં તેની મદદ માટે નીકળ્યો તો તે (કામિલ) ઈસ્લામથી નીકળી ગયો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૭૫૯૩, ૨/૨૦૦)*

**મસ્અલા તથા ફાયદા** : કોઈ શખ્સની સાથે જુલ્મ કરવો અને કોઈ પણ પ્રકારનો જુલ્મ કરવો ખૂબ સખત ગુનાહે કબીરા તથા

જહન્નમમના અઝાબમાં પડવાવાળુ કામ છે. એટલા માટે દરેક મુસલમાન માટે જરૂરી છે કે જહન્નમના તે ખતરાને પોતાની પાસે ન આવવા દે, નહીં તો દુનિયા તથા આખેરતમાં હલાકૃત તથા બરબાદી એટલી જ યકીની છે જેટલું કે આગનો અંગારો હાથમાં લીધા પછી સળગવું યકીની છે.

## (૩૬) ઈસ્લામના દુશ્મનોથી દોસ્તી

ઈસ્લામના દુશ્મનો એટલે કાફિરો, મુશ્રિકો, મુર્તદો અને બદ્‌મઝહબો (તબ્લીગીઓ, વહાબી, શીઆ, અહલે હદીષ, દેવબંદી....વગેરે)થી દોસ્તી કરવી અને તેમનાથી મેળ મિલાપ રાખવું સખત હરામ તથા ગુનાહ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. આ વિશે કુર્આને મજીદની ઘણી બધી આયતો નાઝિલ થઈ છે અને રસૂલુલ્લાહ ﷺએ પોતાની મુકૃદસ હદીષોમાં ખૂબ સખ્તીની સાથે તેની મનાઈ ફર્માવી છે. કુર્આને કરીમની નીચે જણાવેલી થોડીક આયતોને સારી રીતે વાંચો અને તેનાથી હિદાયતનું નૂર હાંસલ કરો :–

لَا يَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ ۚ وَ مَنْ يَّفْعَلْ ذٰلِكَ
فَلَيْسَ مِنَ اللّٰهِ فِيْ شَيْءٍ اِلَّآ اَنْ تَتَّقُوْا مِنْهُمْ تُقٰىةً ۭ

''મુસલમાન કાફિરોને પોતાના મિત્ર ન બનાવી લો મુસલમાન સિવાય, અને જે એવું કરશે તેને અલ્લાહ સાથે કોઈ સંબંધ ન રહ્યો.''

*(સૂરએ આલે ઈમરાન, આ. ૨૮)*

બીજી આયતમાં ઈર્શાદ ફર્માવ્યો :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِكُمْ لَا يَاْلُوْنَكُمْ خَبَالًا ۭ وَدُّوْا مَا
عَنِتُّمْ ۚ قَدْ بَدَتِ الْبَغْضَآءُ مِنْ اَفْوَاهِهِمْ ۖۚ وَ مَا تُخْفِيْ صُدُوْرُهُمْ اَكْبَرُ ۭ

''હે ઈમાનવાળાઓ ! પારકાઓને પોતાના રાઝદાર (જાણભેદુ) ન બનાવો. તેઓ તમારી બુરાઈમાં કમી નથી કરતા. તેમની તમન્ના છે

જે કાંઈ દુ:ખ તમને પહોંચે, અને તેમની વાતોથી અદેખાઈ છલકાઈ ઉઠી, અને તે જે છાતીમાં (તેમણે) સંતાડયું છે (તે તો) વધારે મોટુ છે.

*(સૂરએ આલે ઈમરાન, આ. ૧૧૮)*

અને બીજી આયતમાં આવી રીતે ઈર્શાદ ફર્માવ્યો :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَكُمْ هُزُوًا وَّ لَعِبًا مِّنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ مِنْ قَبْلِكُمْ وَ الْكُفَّارَ اَوْلِيَآءَ

"હે ઈમાનવાળાઓ ! જેમણે તમારા ધર્મને ગમ્મત અને ખેલ બનાવી લીધો છે તેઓ જેઓને તમારાથી પહેલાં કિતાબ આપવામાં આવી, અને કાફિર, એમાંથી કોઈને પોતાના મિત્ર ન બનાવો."

*(સૂરએ માઈદહ્, આ. ૫૭)*

અને બીજી આયતમાં આ પ્રમાણે ફર્માવ્યું :–

وَ قَدْ نَزَّلَ عَلَيْكُمْ فِي الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَ يُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ

"અને બેશક ! અલ્લાહ તમારી ઉપર કિતાબમાં ઉતારી ચૂક્યો કે જ્યારે તમે અલ્લાહની આયતોને સાંભળો કે તેનો ઈન્કાર કરવામાં આવે છે અને તેની હંસી ઉડાવવામાં આવે છે તો તે લોકોની સાથે ન બેસો જ્યાં સુધી તે બીજી વાતમાં વ્યસ્ત ન હોય, નહીં તો તમે પણ તેમની જેવા છો.

*(સૂરએ નિસાઅ, આ. ૧૪૦)*

તે આયતોના પછી આ વિષયની થોડીક હદીષો પણ પઢી લો :–

**હદીષ ૧** : હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે તમે મુસલમાન સિવાય બીજાને સાથી ન બનાવો અને પરહેઝગારના સિવાય કોઈ તમારું ખાવાનું ન ખાય." *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૮૩૨, ૪/૩૪૧)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આખરી જમાનામાં કેટલાક એવા

જૂઠા પ્રપંચી લોકો હશે જે તમારી પાસે એવી વાતો લાવશે કે તે વાતને ન તમે સાંભળી હશે ન તમારા બાપ દાદાઓએ, તો એવા લોકોથી તમે પોતાને અને તેને પોતાનાથી બચાવો કે તે તમને ગુમરાહ ન કરે અને તમને ફિત્નામાં ન નાખી દે. *(સહીહ મુસ્લિમ, હદીષ : ૮, પેજ : ૯)*

*(નોંધ : આ હદીષ બદ્‌મઝબહના બારામાં છે. જેમ કે વર્તમાન સમયના તબ્લીગી જમાઅત, દેવબંદી, અહલે હદીષ, વહાબી વગેરે કે એવી એવી વાતો કરે છે જે આપણા બાપ દાદાઓએ પણ સાંભળી ન હોય.)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, 'ક઼દરિયા ફિર્કો' આ ઉમ્મતના મજૂસી છે, જો તે બીમાર થઈ જાય તો તમે લોકો તેની બીમારપુર્સી (ખબર કાઢવા) ન કરો અને જો તે મૃત્યુ પામી જાય તો તે તેમના જનાઝા પર હાજર ન થાવ. *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૬૯૧, ૪/૨૯૪)*

**હદીષ ૪** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તમે લોકો ક઼દરિયા ફિર્ક઼ાની સોહબતમાં ન બેસો અને તેમનાથી સલામ તથા કલામની શરૂઆત ન કરો." *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૭૧૦, ૪/૩૦૨)*

**હદીષ ૫** : હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, છ વ્યક્તિઓ ઉપર મેં લા'નત કરી છે અને અલ્લાહે લા'નત કરી છે અને નબી ﷺએ લા'નત કરી છે તે ૬ વ્યક્તિઓ આ છે :–

(૧) અલ્લાહ તબારક વ તઆલાની કિતાબમાં કાંઈક વધારવાવાળો. (૨) અલ્લાહની તક઼દીરને જૂઠલાવવાવાળો. (૩) જબરદસ્તી, પ્રભુત્વ હાંસલ કરવાવાળો કે એ તે લોકોને ઈજ્જત આપે જેને અલ્લાહ તબારક વ તઆલાએ બેઈજ્જત કરી દીધો છે. (૪) અલ્લાહના હરામ (કરેલા)ને હલાલ ઠરાવે. (૫) મારી ઔલાદોથી તે વર્તન હલાલ સમજવાવાળો જે અલ્લાહ તઆલાએ હરામ કર્યું છે. (૬) મારી સુન્નતને છોડી દેવાવાળો.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૧૬૧, ૪/૬૧)*

**હદીષ ૬ :** હઝરત નાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે કે એક વ્યક્તિ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہની પાસે આવ્યો અને કહ્યું કે ફલાણા વ્યક્તિએ આપને સલામ કહ્યા છે. તો આપે ફર્માવ્યું, બેશક ! મને ખબર પહોંચી છે કે તે બિદઅતી (એટલે કદરિયા) થઈ ગયો છે, તો જો આ ખબર સત્ય હોય કે તે બિદઅતી થઈ ગયો છે તો તેનાથી મારા સલામ ન કહેજો. કેમ કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા છે કે મારી ઉમ્મતમાં જમીનમાં ધસી જવું, અને ચહેરા મસ્ખ (બેડોળ) થઈ જવા, પથ્થરો વરસવા "કદરિયા ફિર્કા"વાળાઓમાં હશે.

*(સુનને ઈબ્ને માજહ, હદીષ નં. ૪૦૬૧, ૪/૩૯૧)*

**મસ્અલા તથા ફાયદા :** ઉપર જણાવેલ આયતો અને હદીષોથી સાબિત થાય છે કે કાફિરો તથા મુશ્રિકો તથા બિદઅતીઓ, બદ્મઝહબોથી મેળ મિલાપ તથા મહોબ્બત કરવી, અને તે લોકોને પોતાના રાઝદાર (સ્વભેદોના જાણનાર) બનાવવા નાજાઈઝ તથા હરામ, સખત ગુનાહે કબીરા અને જહન્નમનું કામ છે. યાદ રાખશો કે દુનિયાવી મામલાઓમાં સોદો વેચવો, ખરીદવો, માલની લેણદેણ અને મામલાઓની વાતચીત, કાફિરો તથા મુશ્રિકો અને બિદઅતીઓ, બદ્મઝહબોથી શરીઅતમાં મના નથી પણ મુવાલાત અને એવી દોસ્તી તથા મહોબ્બત કે તેના કુફ્ર અને બદ્મઝહબિયતથી નફરત ખતમ થઈ જાય, આ યકીનન ! હરામ તથા ગુનોહ અને જહન્નમનું કામ છે. આ જમાનામાં ઘણા બધા મુસલમાન આ બલામાં સપડાયેલા છે. તેમણે આ ગુનાહના કામથી તૌબા કરીને પોતાની સુધારણા કરી લેવી જોઈએ. અલ્લાહ તબારક વ તઆલા બધાને ભલાઈની તૌફીક અતા ફર્માવે. (આમીન)

# (૩૮) બોહતાન (આક્ષેપ)

કોઈ બેકુસૂર શખ્સ ઉપર પોતાના તરફથી ઘડીને કોઈ ઐબનો ઈલ્ઝામ લગાડવો આ બોહતાન છે, જે સખત હરામ અને ગુનાહે કબીરા અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે. અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને મજીદમાં પોતાના હબીબ ﷺને હુકમ ફર્માવ્યો કે મુસલમાન સ્ત્રીઓથી થોડીક વાતોની બયઅત લે. તે વાતોમાં આ પણ છે કે તે આક્ષેપ ન લગાડે. કુર્આને કરીમમાં છે :–

وَلَا يَأْتِيْنَ بِبُهْتَانٍ يَّفْتَرِيْنَهٗ بَيْنَ اَيْدِيْهِنَّ وَ اَرْجُلِهِنَّ

"અને ન તે બોહતાન લગાડશે જેને પોતાના હાથો અને પગોની વચ્ચે એટલે જન્મ આપવાની જગામાં ઉઠાવે." *(સૂરએ મુમ્તહિના, આ. ૧૨)*

હદીષ શરીફમાં આને ગુનાહે કબીરા ફર્માવવામાં આવ્યું છે. હુઝૂર ﷺએ ગુનાહે કબીરાનું લિસ્ટ બયાન ફર્માવતા ઈર્શાદ ફર્માવ્યો કે, "وقذ المحصنات المومنات الغفلات" એટલે પાક દામન મો'મિન અજનબી સ્ત્રીઓને તોહમત લગાડવી."

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૭૬૬, ૨/૨૪૨, ૨૪૩)*

**હદીષ ૧** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે. આપ ﷺએ ફર્માવ્યું, "કોઈ બેકુસૂર ઉપર આક્ષેપ લગાડવો એ આસ્માનોથી પણ વધારે ભારી ગુનોહ છે."

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૮૮૦૬, ૩/૩૨૨)*

**હદીષ ૨** : હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે **કોઈ પાક દામન સ્ત્રી ઉપર વ્યભિચારનો આક્ષેપ લગાડવો ૧૦૦ વર્ષના સાલેહ અમલો ગારત તથા બરબાદ કરી દે છે.**

**મસ્અલા તથા ફાયદા** : વ્યભિચારની સિવાય કોઈ બીજા ઐબ (દા.ત.) કોઈની ઉપર ચોરી અથવા લૂટનો અથવા કત્લ વગેરેનો પોતાની

તરફથી ઘડીને આક્ષેપ લગાડી આપવો, આ પણ બોહતાન છે જે ગુનાહે કબીરા છે. એટલા માટે દરેક પ્રકારના બોહતાનોથી બચવું ખૂબ જ જરૂરી છે.

## (૩૮) વાદાખિલાફી (વાયદો પૂરો ન કરવો)

વાદા ખિલાફી અને વચનભંગ પણ હરામ અને ગુનાહે કબીરા છે. કેમ કે પોતાના અહદ તથા વાયદાને પૂર્ણ કરવામાં મુસલમાનો ઉપર શરીઅતની રૂએ વાજિબ તથા જરૂરી છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં ફર્માવે છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اَوْفُوْا بِالْعُقُوْدِ

"હે ઈમાનવાળાઓ ! પોતાના કૌલ (વાયદા) પૂરા કરો."

*(સૂરએ માઈદહ્, આ. ૧)*

બીજી આયતમાં આમ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا "બેશક ! અહદ (વચન)થી સવાલ થવાનો છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૪)*

**હદીષ ૧** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે મુસલમાને વચનભંગ અને વાદાખિલાફી કરી તેની ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ ઈન્સાનોની લા'નત છે, અને તેનો ન કોઈ ફર્ઝ કૂબૂલ થશે, ન કોઈ નફ્લ. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૩૧૭૯, ૨/૩૭૦)*

**હદીષ ૨** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે ચાર વાતો જે શખ્સમાં હોય તે ખાલિસ (નર્યો) મુનાફિક઼ હશે :–

**(૧)** જ્યારે તે વાત કરે તો જૂઠુ બોલે.

**(૨)** અને જ્યારે વાયદો કરે તો વાયદા ખિલાફી કરે.

**(૩)** અને જ્યારે કોઈ કરાર (સુલેહ સંધી) કરે તો કરારભંગ કરે.

**(૪)** અને જ્યારે ઝઘડો કરે તો ગાળો બોલે.

*(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૩૧૭૮, ૨/૩૭૦)*

**હદીષ ૩ :** હઝરત અનસ رضي الله عنهથી મરવી છે કે દરેક વચનભંગ કરવાવાળાની સીટની પાસે કયામતમાં તેનો એક ઝંડો હશે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૭૩૮, પેજ : ૯૫૫)*

**હદીષ ૪ :** હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهથી રિવાયત છે કે જ્યારે અવ્વલીન તથા આખિરીનને અલ્લાહ તઆલા (કયામતના દિવસે) ભેગા ફર્માવશે તો દરેક અહદ (વચન) તોડવાવાળા માટે એક ઝંડો ઊંચો કરવામાં આવશે કે આ ફલાણા બિન ફલાણાનો વચનભંગ છે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૭૩૫, પેજ : ૯૫૫)*

**હદીષ ૫ :** એક સહાબી رضي الله عنهથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લોકો ! તે સમય સુધી હલાક જ્યાં સુધી કે તેઓ પોતાના લોકોથી વચનભંગ નહીં કરશે.

*(સુનને અબૂ દાઊદ શરીફ, હદીષ નં. ૪૩૪૭, ૪/૧૬૬)*

**મસ્અલા તથા ફાયદા :** દરેક અહદ અને વાયદાને પૂર્ણ કરવો મુસલમાન માટે લાઝિમ તથા જરૂરી છે. અને અહદને તોડી આપવું અને વાદાખિલાફી કરવું જો શરીઅત પ્રમાણેની કોઈ મજબૂરી વગર હોય તો તે હરામ તથા ગુનોહ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

## (૩૯) અજાણી સ્ત્રીઓની સાથે એકાંત

અજાણી સ્ત્રીઓની સાથે એકલા તથા એકાંતમાં મળવું હરામ તથા ગુનોહ છે. આ મસ્અલામાં થોડીક હદીષો લખવામાં આવે છે કે લોકો તેનાથી હિદાયત નસીબ થાય.

**હદીષ ૧ :** હઝરત અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضي الله عنهએ ફર્માવ્યું, તે સ્ત્રીઓના ઘરે જેમના પતિ ગાયબ હોય તેણીઓના મેહરમો સિવાય કોઈ બીજા દાખલ ન થાય અને જો કોઈ કહે કે સ્ત્રીનો દેવર ? તો સાંભળી લો કે દેવર મૌત છે (એટલે તેનાથી તો ખૂબ વધારે ખતરો છે.) એટલા માટે સ્ત્રીઓને દેવરથી એવી રીતે ભાગવું જોઈએ કે જેમ કે મૌતથી. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૩૬૧૪, ૩/૧૮૩)*

**હદીષ ૨ :** હઝરત અબ્દુર્રહમાન સલ્મી رضی اللہ عنہથી રિવાયત છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, જે સ્ત્રીઓના પતિ ગાયબ હોય કોઈ શખ્સ તેમનાં ઘરોમાં દાખલ ન થાય. તો અબ્દુર્રહમાન સલ્મીએ કહ્યું કે મારો એક ભાઈ કે ભત્રીજો જેહાદમાં ચાલ્યો ગયો છે અને તેણે મને આ વસિયત કરી આપી છે કે હું તેના ઘરમાં આવતો જતો રહું. તો અમીરુલ મો'મિનીન હઝરત رضی اللہ عنہએ તેને દુર્રો (કોરડો) માર્યો અને ફર્માવ્યું કે ઘરમાં દાખલ ન થયા કરો બલ્કે દરવાજા પર ઉભા રહીને પૂછી લીધા કરો કે શું તમને લોકોને કોઈ જરૂરત છે ? શું તમને લોકોને કાંઈ જોઈએ છે ?! *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૩૬૧૫, ૩/૧૮૩)*

**હદીષ ૩ :** હઝરત અતાઅ رضی اللہ عنہથી મરવી છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ એક એવા વ્યક્તિની પાસેથી પસાર થયા કે તે પોતાની સ્ત્રીથી વાતચીત કરી રહ્યો હતો. તો હઝરત અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہએ તેને કોરડા મારતાં મારતાં તેની ઉપર ચઢી બેઠા. તો તે ગિળગિળાવીને કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! رضی اللہ عنہ આ સ્ત્રી તો મારી પત્ની છે. તો અમીરુલ મો'મિનીન શર્મિંદા થઈ ગયા અને ફર્માવ્યું (મારાથી ગેરસમજ થઈ ગઈ અને તમને મેં ખોટી સજા આપી) લો તમે આ કોરડો મારીને પોતાનો બદલો મારાથી લો. તો તેણે કહ્યું, અમીરુલ મો'મિનીન ! મેં આપને માફ કરી દીધા. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, તેની મગફેરત તમારા હાથમાં નથી પણ જો તમે ચાહો તો માફ કરી આપો. તો તેણે કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! رضی اللہ عنہ મેં આપને માફ કરી આપ્યા. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૩૬૧૯, ૩/૧૮૩)*

**મસ્અલા તથા ફાયદા :** એકાંતમાં કોઈ ગેરમહરમ સ્ત્રી સાથે વાતચીત કરવું શરીઅતથી જાઈઝ નથી. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہને ભ્રમ થયો એટલા માટે તેને કોરડા મારવાની સજા આપી. પણ અમીરુલ મો'મિનીનની સામે જ્યારે તેણે પોતાની સફાઈ પેશ કરી આપી તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہનો ઈખ્લાસ તો જુઓ કે આપે એક સામાન્ય ઈન્સાનની સામે ખુદ પોતાનો કોરડો બદલો લેવા

માટે પેશ કરી દીધો. આ તો ખૈરિયત થઈ ગઈ કે તેણે આપને માફ કરી આપ્યા, નહીં તો અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ તો તેના હાથથી કોરડાનો માર ખાવા માટે તૈયાર થઈ ગયા.

અલ્લાહુ અકબર ! આ છે જાનશીને પૈગંબર હઝરત ઉમર رضی اللہ عنہનો અદલ તથા ઈન્સાફનો તે શાહકાર કે આજે આ લોકશાહીના સમયમાં પણ કોઈ તેને વિચારી પણ નથી શકતું. સુબ્હાનલ્લાહ ! સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ઈખ્લાસ તથા લિલ્લાહિયતનું ઉદાહરણ નથી મળી શકતું.

## (૪૦) પર્દા વગરની સ્ત્રી

સ્ત્રીઓનું પર્દા વગર આવવુ, જવું અને ગૈર મરહમ પુરૂષોથી મળવું **હરામ** તથા **ગુનાહે કબીરા** છે. કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ علیہ الصلوٰۃ والسلامની અઝવાજે મુતહ્હરાતને સંબોધતાં ઈર્શાદ ફર્માવ્યો :–

وَقَرْنَ فِیْ بُیُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِیَّةِ الْاُوْلٰی

"અને પોતાના ઘરોમાં રોકાયેલી રહો અને પર્દા વગર ન રહો જેવી આગળની જાહિલિયતની બેપર્દગી." *(સૂરએ અહઝાબ, આ. ૩૩)*

આ બારામાં હદીષોની અંદર પણ ઘણી સખત મનાઈ આવી છે અને ચેતવણીઓ પણ આપવામાં આવી છે.

**હદીષ ૧** : હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સ્ત્રીઓની પાસે જવાથી પોતાને બચાવો. તો એક શખ્સે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم દેવરના બારામાં આપનો શું ઈર્શાદ છે ? તો ફર્માવ્યું, દેવર તો મૌત છે !

*(સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. ૨૧૭૨, પેજ નં. : ૧૧૯૮)*

**હદીષ ૨** : હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સ્ત્રી શૈતાનના ચહેરામાં આગળ આવે છે અને શૈતાનના

ચહેરામાં પાછળ જાય છે. જ્યારે તમારામાંથી કોઈને કોઈ સ્ત્રી સારી લાગે અને દિલમાં વસી જાય તો તેણે જોઈએ કે પોતાની પત્નીની પાસે જઈને તેનાથી સંભોગ કરી લે, તો આવું કરવાથી તેના દિલનો ખયાલ દૂર થઈ જશે. *(મિશ્કાત શરીફ, હદીષ નં. ૩૧૦૫, ૨/૨૦૬, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૪૦૩)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, સ્ત્રી છુપાવવાના લાયક છે. (એટલા માટે તેને પર્દામાં રહેવું જોઈએ) જ્યારે કોઈ સ્ત્રી બહાર નીકળે છે તો શૈતાન તેને ઝાંકી ઝાંકીને જુએ છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૧૭૬, ૨/૩૯૨)*

**હદીષ ૪** : હઝરત અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہ નબી ﷺથી રિવાયત કરે છે કે જ્યારે પણ કોઈ પુરૂષ સ્ત્રીની સાથે એકાંતમાં હોય છે તો તે બંનેની દરમ્યાન ત્રીજો શૈતાન હોય છે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૧૭૨, ૪/૬૭)*

**હદીષ ૫** : હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا થી રિવાયત છે. તેમણે કહ્યું કે હું અને હઝરત મૈમૂના رضی اللہ عنہا બંનેવ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર હતાં કે અચાનક ઈબ્ને ઉમ્મે મકતૂમ આવી ગયા. આ તે સમયની વાત છે જ્યારે કે પર્દાની આયત નાઝિલ થઈ ચૂકી હતી, તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ અમને બંનેથી ઈર્શાદ ફર્માવ્યો, તમે બંનેવ તેનાથી પર્દો કરો. તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તે આંધળા નથી ?! તેઓ તો અમને જોઈ શકતા જ નથી ! પછી તેમનાથી પર્દો શા માટે કરીએ ?! તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, શું તમે બંને આંધળી છો ?! શું તમે બંનેવ તેને જોઈ શકતી નથી ?!

મતલબ એ છે કે પુરૂષ અજનબી સ્ત્રીને જુએ એ પણ હરામ છે અને સ્ત્રીઓ પુરૂષોને જુએ એ પણ હરામ છે અને દરેક હરામ કામથી બચવું ફર્ઝ છે અને હરામ કામને કરવું જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

# (૪૧) પેશાબથી ન બચવું

દરેક મુસલમાન પુરૂષ અને સ્ત્રી ઉપર શરીઅતની દષ્ટિએ જરૂરી છે કે તે પોતાના શરીર અને કપડાંઓને પેશાબથી બચાવે અને જે પોતાના શરીર અને કપડાંઓને પેશાબથી ન બચાવે તે ગુનેહગાર અને અઝાબનો હક્કદાર છે. એક હદીષ શરીફમાં છે કે :–

**હદીષ ૧** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام બે કબ્રોની નઝદીકથી પસાર થયા તો આપ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, બંને પુરૂષોને અઝાબ આપવામાં આવી રહ્યો છે. અને કોઈ એવા ગુનાહમાં તે બંનેને અઝાબ નથી આપવામાં આવી રહ્યો જેનાથી બચવું ખૂબ જ મુશ્કેલ રહ્યું હોય. એક તો છુપાઈને પેશાબ કરતો ન હતો. અને મુસ્લિમની એક રિવાયતમાં છે કે પેશાબથી બચતો ન હતો, અને બીજો ચાડી ખાતો હતો. પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ખજૂરની એક લીલી ડાળી લીધી અને તેને ચીરીને બે ટુકડા કરીને એક એક ટુકડો બંને કબ્રોમાં લગાડી આપ્યો. તો લોકોએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ આપે આવું શા માટે કર્યું ? તો આપ ﷺ એ ફર્માવ્યું, એટલા માટે કે જ્યાં સુધી આ બંને ડાળીઓના ટુકડા લીલા રહેશે ઉમ્મીદ છે કે તે બંનેવના અઝાબમાં ઘટાડો થઈ જશે. *(સહીહ બુખારી શરીફ, હદીષ નં. ૨૧૮, ૧/૯૬, સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. ૨૯૨, પેજ નં. : ૧૬૭)*

**મસ્અલા તથા ફાયદા** : **(૧)** આ હદીષથી તે મુસલમાનોએ સબક હાંસલ કરવો જોઈએ કે જે સામાન્ય રીતે ઊભા ઊભા પેશાબ કરે છે અને બૂટ, સૂટ અને ખુદ પોતે પેશાબથી લતપત થઈ જાય છે. અને પેશાબ કર્યા પછી ન ઢેલો લે છે, ન પાણીથી ધૂએ છે. અને પેશાબને પોતાના શરીર અને કપડાંઓમાં સૂકાવી લે છે. તેમણે સમજી લેવું જોઈએ કે કયામતથી પહેલાં જ તેમને કબ્રોમાં જરૂર અઝાબનો સામનો કરવો પડશે.

**(૨)** આ હદીષથી સાબિત થાય છે કે કૃબ્ર પર ફૂલો, પાંદડાંઓ અથવા લીલુ ઘાસ નાખવાથી મુડદાંઓને નફો પહોંચે છે કે જો તે અઝાબના કાબિલ હશે તો તેના અઝાબમાં ઘટાડો થઈ જશે અને જો તે અઝાબના લાયક નહીં હશે તો તેમને લીલી ડાળીઓની તસ્બીહથી હિસ્સો (દરજામાં વધારો) અને ખુશી પ્રાપ્ત થશે.

## (૪૨) હૈઝ (માસિક)માં સંભોગ

હૈઝ તથા નિફાસની હાલતમાં પોતાની પત્નીથી સંભોગ કરવો હરામ છે. અને સ્ત્રીઓની ડૂંટીથી નીચે ઘુટણો સુધી શરીરના કોઈપણ ભાગ ઉપર હાથ લગાડવો અથવા પોતાના શરીરના કોઈ ભાગથી તેને અડવું હરામ છે. કુર્આને મજીદમાં છે :–

وَيَسْـَٔلُوْنَكَ عَنِ الْمَحِيْضِ ؕ قُلْ هُوَ اَذًى ۙ فَاعْتَزِلُوا النِّسَآءَ فِى الْمَحِيْضِ ۙ وَلَا تَقْرَبُوْهُنَّ حَتّٰى يَطْهُرْنَ ۚ

''અને તમારાથી પૂછે છે હૈઝનો હુકમ તમે ફર્માવો તે નાપાકી છે તો સ્ત્રીઓથી અલગ રહો હૈઝના દિવસોમાં અને તેમનાથી નજીક ન થાવ જ્યાં સુધી પાક ન થઈ જાય.'' *(સૂરએ બક્રહ, આ. ૨૨૨)*

એ જ પ્રમાણે હદીષોમાં પણ ખૂબ અધિક પ્રમાણમાં તેની હુર્મત તથા મનાઈ આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જે શખ્સ હૈઝવાળી સ્ત્રીઓથી સંભોગ કરે અથવા સ્ત્રીઓના પાછળના સ્થળમાં સંભોગ કરે અથવા કાહિન (જ્યોતિષ)ની પાસે જાય તો તેણે નબી ﷺ પર નાઝિલ થયેલી શરીઅતની સાથે કુફ્ર કર્યું. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૩૫, ૧/૧૮૫)*

મતલબ એ છે કે જો તે કામોને હલાલ જાણીને કર્યું તો યકીનન ! કુફ્ર થઈ ગયું. કેમ કે અલ્લાહ તબારક વ તઆલાના હરામ (કરેલા)ને હલાલ જાણવું કુફ્ર છે અને જો તે કામોને હરામ માનતા કરી લીધું તો

સખત ગુનેહગાર અને મુસલમાન હોવા છતાં કુફ્રનું કામ કર્યું.

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે હૈઝ (માસિક)ની હાલતમાં સ્ત્રીઓથી સંભોગ કરે તો એક દીનાર અથવા અડધો દીનાર કફ્ફારાના તૌર પર સદકો આપે. *(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૬૪૦, ૧/૩૫૪)*

**હદીષ ૩** : હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે હબીબા رضی اللہ عنہاથી હઝરત સાલિમએ પૂછયું કે તમે બધી ઉમ્મહાતુલ મો'મિનીન (હુઝૂર صلی اللہ علیہ وسلمની પાક પવિત્ર પત્નીઓ) رضی اللہ تعالیٰ عنہن હૈઝ (માસિક)ની હાલતમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે શું કરતી હતી ? તો તેમણે ફર્માવ્યું, અમે બધી હુઝૂર صلی اللہ علیہ وسلمની પત્નીઓ તેહબંધ બાંધીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સાથે સૂઈ રહેતી હતી. *(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૨૩૮, ૧/૩૫૩)*

**મસ્અલા તથા ફાયદા** : હૈઝ તથા નિફાસની હાલતમાં સ્ત્રીની સાથે ખાવુ, પીવું, અને સૂવું જાઈઝ છે, પરંતુ સંભોગ કરવું અને ડૂંટીથી લઈને ઘૂટણો સુધીના શરીરને સ્પર્શ કરવું હરામ તથા નાજાઈઝ છે.

## (૪૩) જનાબતનું ગુસ્લ ન કરવું

સ્ત્રીની સાથે સંભોગ કર્યો હોય અથવા કોઈ બીજી રીતેથી ખ્વાહિશની સાથે વિર્ય નીકળી ગયું હોય તો ગુસ્લ કરવું વાજિબ છે અને તેને "જનાબતનું ગુસ્લ" કહે છે. જનાબતનું ગુસ્લ ન કરવું ગુનોહ છે. તેના બારામાં નીચે જણાવેલ હદીષો વાંચી લો :–

**હદીષ ૧** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, તે ઘરમાં રહ્મતના ફરિશ્તા દાખલ નથી થતા જે ઘરમાં તસ્વીર અથવા કૂતરો અથવા જુનૂબી (જેની ઉપર ગુસ્લ વાજિબ છે) હાજર હોય. *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૨૨૭, ૧/૧૦૯)*

**હદીષ ૨** : હઝરત અમ્માર યાસર رضی اللہ عنہથી રિવાયત છે કે ત્રણ વ્યક્તિઓ એવી છે કે રહ્મતના ફરિશ્તા તેની નજીક આવતા નથી :–

(૧) કાફિરનું મુડદુ (૨) ખલૂક (સ્ત્રીઓની ખુશ્બૂ લગાડવાવળો) (૩) જુનુબ (ગુસ્લ વગરનો શખ્સ).

*(સુનને અબૂ દાઊદ શરીફ, હદીષ નં. ૪૧૮૦, ૪/૧૦૯)*

**મસ્અલા તથા ફાયદા :** જુનુબ (ગુસ્લની હાજતવાળો) જ્યાં સુધી ગુસ્લ ન કરી લે તેના માટે મસ્જિદમાં દાખલ થવું અને કુર્આન શરીફને સ્પર્શ કરવું અને પઢવું હરામ છે. જનાબતની હાલતમાં ગુસ્લ કર્યા વગર ખાવું, પીવું, લોકોથી મુસાફો કરવો જાઈઝ છે પણ બેહતર એ છે કે જો કોઈ કારણથી ગુસ્લ ન કરી શક્યો તો ખાવા, પીવાથી પહેલાં વુઝૂ કરી લે.

## (૪૪) ખુદકશી (આત્મહત્યા)

ખુદકશી એટલે ખુદ પોતાના હાથોથી પોતાને મારી નાખવું હરામ અને ગુનાહે કબીરા છે. અલ્લાહ તબારક વ તઆલાએ આવા શખ્સ ઉપર જન્નતને હરામ ફર્માવી આપી છે. આ વિષયમાં આ થોડીક હદીષો ખૂબ જ ધ્રુજાવી આપનાર તથા ઈબ્રતવાળી છે.

**હદીષ ૧ :** હઝરત ષાબિત બિન ઝહ્હાક رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ પોતાની જાતને કોઈ વસ્તુથી કત્લ કરી આપે તો અલ્લાહ તબારક વ તઆલા તેને જહન્નમમાં તે જ વસ્તુથી અઝાબ આપશે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૭૭, પેજ : ૬૯)*

**હદીષ ૨ :** હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું, અમે લોકો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે "જંગે હુનૈન"માં હાજર હતા તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ એક એવા શખ્સને જે મુસલમાન હોવાનો દાવો કરતો હતો એના વિશે આપે કહી આપ્યું કે તે શખ્સ જહન્નમી છે. પછી જ્યારે અમે લોકો લડાઈમાં હાજર થયા તો તે શખ્સે કાફિરોની સાથે ખૂબ જ સખત જંગ કરી અને તેને ખૂબ વધારે ઝખ્મ લાગી ગયા તો કોઈએ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે વ્યક્તિ જેને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ

જહન્નમી ફર્માવી આપ્યો છે તેણે તો આજે કાફિરોથી ખૂબ જ સખત જંગ કરી છે અને તે મૃત્યુ પામ્યો છે. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે જહન્નમમાં ગયો ! આ સાંભળીને ઘણા બધા લોકો આશ્ચર્યમય થઈ ગયા. તો તે જ હાલતમાં અચાનક કોઈએ કહ્યું કે તે મૃત્યુ પામ્યો ન હતો પણ તેને ખૂબ જ સખત ઝખમ લાગ્યા હતા તો રાતમાં તે સબ્ર ન કરી શક્યો અને આત્મહત્યા કરી લીધી. જ્યારે હુઝૂર ﷺને આની ખબર આપવામાં આવી તો આપ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહુ કબર ! હું ગવાહી આપું છું કે હું અલ્લાહનો રસૂલ અને તેનો બંદો છું. પછી હુઝૂર ﷺએ હઝરત બિલાલ رضی اللہ عنہને હુકમ આપ્યો કે તે લોકોમાં આ એલાન કરી દે કે જન્નતમાં મુસલમાનોના સિવાય કોઈ દાખલ થશે નહીં, અને **બેશક ! અલ્લાહ તઆલા આ દીનની મદદ કોઈ બદ્કાર વ્યક્તિના દ્વારા પણ ફર્માવી દે છે.** *(સહીહ મુસ્લિમ શરીફ, હદીષ નં. : ૧૭૮, પેજ : ૭૦)*

**મસ્અલા તથા ફાયદા :** આત્મહત્યા કરવાવાળો મુસલમાન જો કે આત્મહત્યા કરવાથી કાફિર નથી થતો પણ સખત ગુનેહગાર અને જહન્નમનો સજાવાર થઈ જાય છે. તે દુનિયામાં જે હથિયારથી આત્મહત્યા કરશે જહન્નમમાં તે જ હથિયારના દ્વારા અઝાબ આપવામાં આવશે અને આત્મહત્યા કરવાવાળાઓ કેમ કે મુસલમાન રહે છે એટલા માટે તેની જનાઝાની નમાઝ પઢવામાં આવશે અને તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવશે.

## (૪૫) ઈહતિકાર (સંગ્રહખોરી)

દુકાળ તથા ચીજ વસ્તુની કમીના જમાનામાં અનાજનો જથ્થો અથવા જાનવરનો ચારો ખરીદીને એવી નિય્યતથી સંગ્રહ કરે કે જ્યારે ખૂબ વધારે મોંઘુ થઈ જાય તો વેચીશ. કેમ કે આવું કરવાથી ભાવ વધી જાય છે અને લોકો મુસીબતમાં ફસાઈ જાય છે. એટલા માટે શરીઅતે તેને નાજાઈઝ અને ગુનાહનું કામ ઠરાવી દીધું છે. તેની ખરાબી તથા મનાઈના બારામાં નીચે જણાવેલ થોડીક હદીષો દિલ હલાવી દે તેવી આવી છે :–

**હદીષ ૧** : હઝરત મુઅમ્મર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સંગ્રહખોરી કરવાવાળો ગુનેહગાર છે.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૬૦૫, પેજ : ૮૬૭)*

**હદીષ ૨** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે કે બજારમાં અનાજ લાવીને વેચવાવાળાને અલ્લાહ તબારક વ તઆલાની તરફથી રોજી આપવામાં આવશે અને સંગ્રહખોરી કરવાવાળો લા'નતમાં પકડાશે.

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૨૧૫૩, ૩/૧૩)*

**હદીષ ૩** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા કે જે ખાવાની ચીજ વસ્તુઓનો સંગ્રહ (કૃત્રિમ તેજી, ભાવવધારા માટે સંગ્રહ) કરીને મુસલમાનોને તકલીફ આપશે તો **અલ્લાહ તબારક વ તઆલા તેને કોઢની બીમારી તથા મુફલિસીમાં સપડાવી આપશે.**

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૨૧૫૫, ૩/૧૪)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ભાવ ઊંચો લાવવાની નિય્યતથી ૪૦ દિવસ સુધી સંગ્રહ કરશે તો અલ્લાહ તબારક વ તઆલાથી બેતઅલ્લુક઼ અને અલ્લાહ તઆલા તેનાથી નારાજ છે.

*(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. : ૨૮૯૬, ૨/૧૫૭)*

**હદીષ ૫** : હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે ૫૦ દિવસ સંગ્રહ કરે પછી તે બધો અનાજનો જથ્થો સદક઼ો કરી આપે, છતાં પણ આ સંગ્રહખોરીના ગુનાહનો કફ્ફારો નહીં થશે. *(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. ૨૮૯૮, ૨/૧૦૮)*

**હદીષ ૬** : હઝરત મુઆઝ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સંગ્રહખોરી કરવાવાળો ખૂબ જ ખરાબ બંદો છે કે જો અલ્લાહ તબારક વ તઆલા ભાવ સસ્તો કરી દે છે તો તે ગમગીન થઈ જાય છે અને જો ભાવ મોંઘો કરી આપે છે તો ખુશી મનાવે છે.

*(મિશ્ક઼ાત શરીફ, હદીષ નં. ૧૧૨૧૫, ૭/૫૨૫)*

**હદીષ ૭** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે **જે એક જ રાત મારી ઉમ્મત પર ભાવ મોંઘો થવાની તમન્ના કરે તો અલ્લાહ તબારક વ તઆલા તેના ૫૦ વર્ષના નેક અમલોને ગારત તથા બરબાદ કરી આપશે.** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૯૭૧૭, ૨/૪૦)*

**હદીષ ૮** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે **જે આ નિય્યતથી સંગ્રહખોરી કરે કે મુસલમાનો પર ભાવ મોંઘો કરી આપે તો તે શખ્સ અલ્લાહ અને તેના રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)ની જિમ્મેદારીથી નીકળી ગયો.** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૯૭૧૫, ૨/૪૦)*

## (૪૬) તસ્વીર (ફોટો)

કોઈ જાનદારની તસ્વીર બનાવવી, તેને ઈજ્જત તથા એહતરામની સાથે રાખવી, તેને વેચવી ખરીદવી, આ બધુ હરામ છે. અને હદીષોમાં ખૂબ જ સખ્તીની સાથે તેની હુર્મત (હરામ હોવું) તથા મનાઈને બયાન કરવામાં આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ જહીફા رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوۃ والسلامએ તસ્વીર બનાવવાવાળા પર લા'નત ફર્માવી છે.

*(સહીહ બુખારી, હદીષ નં. ૨૦૮૬, ૨/૧૫)*

**હદીષ ૨** : હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, (રહ્‌મતના) ફરિશ્તા તે ઘરમાં દાખલ નથી થતા જે ઘરમાં કૂતરો અથવા તસ્વીર હોય.

*(સહીહ બુખારી, હદીષ નં. : ૫૯૪૯, ૪/૮૭)*

**હદીષ 3** : હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہماએ કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે તમામ લોકોમાં સૌથી વધારે સખત અઝાબ તસ્વીર બનાવવાવાળાને આપવામાં આવશે.

*(સહીહ બુખારી, હદીષ નં. ૫૯૫, ૪/૮૭)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને આ ફર્માવતાં સાંભળ્યા કે દરેક તસ્વીર બનાવવાવાળો

જહન્નમમાં છે. તેણે જેટલી તસ્વીરો બનાવી છે દરેક તસ્વીરના બદલામાં અલ્લાહ તઆલા તેના માટે એક જાન (જીવ) પૈદા ફર્માવશે અને તેને જહન્નમમાં અઝાબ દેશે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જો તમારા માટે તસ્વીર બનાવવું જરૂરી જ છે તો વૃક્ષ અથવા તે વસ્તુની તસ્વીરો બનાવો જેમાં રૂહ ન હોય. *(મિશ્કાત, હદીષ નં. ૪૪૯૮, ૨/૪૯૯, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૧૧, પેજ : ૧૧૭)*

**હદીષ ૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કયામતના દિવસે જહન્નમની અંદરથી એક ગરદન નીકળશે કે તેની બે આંખો હશે અને બે કાન હશે અને એક બોલતી જીભ હશે. તે કહેશો કે ત્રણ શખ્સોને અઝાબ આપવું મને સોંપવામાં આવ્યું છે : (૧) સરકશ જાલિમ (૨) જે અલ્લાહ તઆલાની સાથે કોઈ બીજા મઅબૂદની ઈબાદત કરે (૩) તસ્વીર બનાવવાવાળો (ફોટો ગ્રાફર). *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૮૩, ૪/૨૫૯)*

**હદીષ ૬** : હઝરત સઈદ બિન અબુલ હસન رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની પાસે હાજર હતો તો અચાનક એક વ્યક્તિ આવ્યો અને કહેવા લાગ્યો કે, હે ઈબ્ને અબ્બાસ ! رضی اللہ عنہما હું એક એવો વ્યક્તિ છું કે મારો રોઝીનો ઝરીયો મારા હાથની કારીગરી છે અને તે એ છે કે હું તસ્વીરો બનાવ્યા કરું છું. તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, હું તમારાથી તે જ હદીષ બયાન કરું છું જેને ખુદ મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળી છે કે **જે શખ્સ કોઈ તસ્વીર બનાવશે તો અલ્લાહ તઆલા તેને તે સમય સુધી અઝાબ આપતો રહેશે જ્યાં સુધી કે તે તસ્વીરોમાં રૂહ ન ફૂંકી દે અને તે તેમાં ક્યારેય પણ રૂહ નહીં ફૂંકી શકશે.** આ હદીષ સાંભળીને તે વ્યક્તિ સખત રીતે ધ્રુજવા લાગ્યો અને તેનો ચહેરો પીળો પડી ગયો. તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું, તારી ઉપર અફસોસ છે ! જો તસ્વીર બનાવવું છોડી નથી શક્તો તો તે વૃક્ષ અને એવી વસ્તુની તસ્વીરો બનાવ જેમાં રૂહ નથી.

*(સહીહ બુખારી, હદીષ નં. ૨૨૨૫, ૨/૫૧)*

**હદીષ ૭ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા છે કે જે જોયા વગરનું સ્વપ્ન (ખોટુ સ્વપ્ન)ને બયાન કરશે તો કયામતના દિવસે તેને એ તકલીફ આપવામાં આવશે કે તે બે જવની વચ્ચે ગાંઠ લગાડે, અને તે ક્યારેય તેને કરી શકશે નહીં. અને જે કોઈ એવી કૌમની વાતને કાન માંડીને સાંભળશે, જે તેને પોતાની વાત સંભળાવવું નાપસંદ કરે છે તો કયામતના દિવસે તેના કાનોમાં પીગળાવેલું સીસુ નાખવામાં આવશે. અને જે કોઈ તસ્વીર બનાવશે તો તેને અઝાબ આપવામાં આવશે અને તેને કહેવામાં આવશે કે આ તસ્વીરમાં રૂહ ફૂંક ! અને તે તેમાં ક્યારેય પણ રૂહ નહીં ફૂંકી શકશે. *(સહીહ બુખારી, હદીષ નં. ૭૦૪૨, ૪/૪૨૨)*

**હદીષ ૮ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે. તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કયામતના દિવસે તમામ લોકોમાં સૌથી વધારે સખત અઝાબ પાંચ વ્યક્તિઓને આપવામાં આવશે :–

(૧) જેણે કોઈ નબીને કત્લ કરી આપ્યા (૨) જેને નબીએ કત્લ કર્યો (૩) જેણે પોતાના મા, બાપમાંથી કોઈને કત્લ કર્યું (૪) તસ્વીર બનાવવાવાળો (૫) તે આલિમ જેણે પોતાના ઈલ્મથી કોઈ નફો ન ઉઠાવ્યો. *(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૭૮૮૮, ૬/૧૯૭)*

**મસ્અલા તથા ફાયદા :** જાનદારની તસ્વીરોને કલમથી બનાવવી અથવા કેમેરાથી ફોટો પાડવો અથવા પથ્થર કે લાકડા પર કોતરીને બનાવવો હરામ તથા નાજાઈઝ છે. એ જ પ્રમાણે તે તસ્વીરોને વેચવું અને ખરીદવું અથવા ઈજ્જતની સાથે પોતાની પાસે રાખવું પણ હરામ તથા ગુનોહ છે. અમુક લોકો પોતાના પીરોની તસ્વીરોને તા'ઝીમની સાથે ફ્રેમમાં લગાડીને મકાનોમાં રાખે છે અને તેના પર ફૂલોની માળા ચઢાવે છે અને અગરબત્તી સળગાવે છે, આ અધિક વધારે હરામ અને સખત ગુનોહ છે. બલ્કે આ મૂર્તિપૂજાની જેમ મુશ્રિકોનો અમલ છે. જેની સજા આખેરતમાં જહન્નમનો દર્દનાક અઝાબ છે.

# (૪૭) કહેવું કાંઈ અને કરવું કાંઈ

બીજાઓને સારી સારી વાતોનો હુકમ આપવો અને પોતે તેની ઉપર અમલ ન કરવો આ પણ ગુનાહનું કામ છે. કુર્આને મજીદની આયતો અને હદીષોમાં તેની બુરાઈ તથા મનાઈ ખૂબ જ પ્રમાણમાં આવેલી છે. અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِمَ تَقُوْلُوْنَ مَا لَا تَفْعَلُوْنَ ﴿٢﴾ كَبُرَ مَقْتًا عِنْدَ اللّٰهِ اَنْ تَقُوْلُوْا مَا لَا تَفْعَلُوْنَ ﴿٣﴾

"હે ઈમાનવાળાઓ ! કેમ કહો છો તે જે નથી કરતા ?! કેટલી સખત નાપસંદ છે અલ્લાહને તે વાત કે તે કહો જે ન કરો."

*(સૂરએ સફ્ફ, આ. ૨, ૩)*

બીજી આયતમાં ખોટા શાયરોની બુરાઈ વર્ણવતાં કરતા અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું કે :–

وَ الشُّعَرَآءُ يَتَّبِعُهُمُ الْغَاوٗنَ ﴿٢٢٤﴾ اَلَمْ تَرَ اَنَّهُمْ فِيْ كُلِّ وَادٍ يَّهِيْمُوْنَ ﴿٢٢٥﴾ وَ اَنَّهُمْ يَقُوْلُوْنَ مَا لَا يَفْعَلُوْنَ ﴿٢٢٦﴾

"અને શાયરોની પૈરવી ગુમરાહ કરે છે. શું તમે જોયું નહીં કે તેઓ દરેક નાળામાં ગાંડાની જેમ રખડે છે ? અને તેઓ કહે છે જે કરતા નથી." *(સૂરએ શોઅરા, આ. ૨૨૪ થી ૨૨૬)*

આ બારામાં નીચે જણાવેલ હદીષોને પણ પઢીએ જેનાથી હિદાયતનાં ઝરણાં નીકળી રહ્યાં છે :–

**હદીષ ૧** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મેઅરાજની રાત્રે મેં થોડાક વ્યક્તિઓને જોયા કે તેમના હોટ આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યા છે. તો મેં કહ્યું, હે જિબ્રઈલ ! (علیہ السلام) આ કોણ લોકો છે ? હઝરત જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, આપની ઉમ્મતના તે વાએઝીન (વાઅઝ કરવાવાળા) છે જે લોકોને નેકોકારી

(નેક કામ)નો હુકમ આપે છે અને પોતાની જાતોને ભૂલી જાય છે. અને એક રિવાયતમાં આમ છે કે આ લોકો આપ ﷺની ઉમ્મતના વાઈઝીન છે, તે વાત કહે છે જેને પોતે નથી કરતા અને કુર્આન પઢે છે અને તેની ઉપર અમલ નથી કરતા. *( શરહુસ્સુન્નહ લિલ્ બગવી, હદીષ નં. ૪૦૫૪, ૭/૩૬૨, શોઅબુલ ઈમાન, હદીષ નં. ૧૭૭૩, ૨/૨૮૩)*

**હદીષ ૨** : હઝરત ઓસામા બિન ઝૈદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કયામતના દિવસે એક વ્યક્તિને હાજર કરવામાં આવશે અને તેને દોઝખમાં નાખી આપવામાં આવશે. તો તેના આંતરડાંઓ જહન્નમમાં નીકળી પડશે તો તે પોતાના આંતરડાંઓની આજુબાજુ એવી રીતે ચક્કર લગાડશે જેવી રીતે ગધેડો પોતાની ચક્કીની આજુબાજુ ચક્કર લગાડતો રહે છે. તો બધા દોઝખી તેની પાસે ભેગા થઈ જશે અને કહેશે, હે ફલાણા ! તારો શું હાલ છે ? શું તું અમને સારી વાતોનો હુકમ અને ખરાબ વાતોથી મના કરતો ન હતો ?! તો તે કહેશે, હું તમને સારી વાતોનો હુકમ આપતો હતો પણ ખુદ તેની ઉપર અમલ કરતો ન હતો. અને હું તમને લોકોને ખરાબ વાતોથી મના કરતો હતો પણ ખુદ તેને કર્યા કરતો હતો.

*(મિશ્કાત, હદીષ નં. : ૫૧૩૯, ૩/૯૮, સહીહ બુખારી, હદીષ નં. ૩૨૬, ૨/૩૯૬)*

**મસ્અલા તથા ફાયદા** : ઉપરોક્ત જણાવેલ આયતો અને હદીષોથી સાબિત થાય છે કે બીજાઓને ''અમ્ર બિલ મઅરૂફ'' (સારી વાતોનો હુકમ આપવો) અને ''નહી અનિલ મુન્કર'' (ખરાબ વાતોથી રોકવું) અને પોતે તેના ઉપર અમલ ન કરવું ગુનાહ અને જહન્નમનો સબબ છે. એટલા માટે બધા મુસલમાનોને સામાન્ય રીતે અને વાઈઝીન તથા મુકર્રિરોએ ખાસ રીતે આ ધ્યાનમાં રાખવું ખૂબ જ જરૂરી છે કે તે જે કાંઈ બીજાઓથી કહે છે પોતે પણ તેની ઉપર અમલ કરે અને ''કહેવું કાંઈક બીજુ અને કરવું કાંઈક બીજુ'' આ ગુનાહનું કામ છે અને જહન્નમમાં લઈ જવાનો સબબ છે.

# (૪૮) ગાળો આપવી

ગાળો આપવી ખૂબ જ નીચ અને ખૂબ જ ખરાબ આદત છે. તેનાથી લોકોને તકલીફ થાય છે અને અમુકવાર આ ખરાબ ભાષાથી જંગ તથા ઝઘડા, બલ્કે કત્લ સુધી મામલો પહોંચાડી આપે છે. એટલા માટે રસૂલે કરીમ ﷺએ તેને ગુનોહ ઠરાવીને તેની બુરાઈ વર્ણવી તથા મનાઈ ફર્માવી. નીચે જણાવેલ હદીષો તેની ઉપર દલીલ છે.

**હદીષ ૧** : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુસલમાનને ગાળો આપવી ફિસ્ક઼ અને તેનાથી જંગ કરવી કુફ્ર છે. *(સહીહ બુખારી, હદીષ નં. : ૬૦૪૪, ૪/૧૧૧)*

મતલબ એ છે કે મુસલમાનોથી તેના મુસલમાન હોવાના આધારે જંગ કરવી અથવા મુસલમાનથી જંગને હલાલ જાણી જંગ કરવું કુફ્ર છે.

**હદીષ ૨** : હઝરત અનસ તથા અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગાળાગાળી કરવાવાળા બે વ્યક્તિઓએ જે કાંઈ કહ્યું તેનો ગુનોહ ગાળો આપવામાં પહેલ કરવાવાળા પર છે, જ્યાં સુધી કે મઝલૂમ (જેની ઉપર અત્યાચાર થયો હોય) હદથી વધી ગયો ન હોય.

મતલબ એ છે કે જેણે ગાળો આપી બધા ગુનાહ તેના માથે છે. જ્યારે કે બીજો હદથી વધી ન જાય, પણ તે હદથી વધી ગયો તો પછી ગાળાગાળીનો ગુનોહ બંનેના માથા ઉપર હશે.

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, ફુહશગોઈ કરવાવાળા (ગંદી ભાષા વાપરનાર) ઉપર હરામ છે કે તે જન્નતમાં દાખલ થાય. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૮૦૮૨, ૨/૨૩૯)*

**હદીષ ૪** : હઝરત ઉબય رضی اللہ عنہથી રિવાયત છે કે, હવાને ગાળો ન આપો કેમ કે હવા અલ્લાહ તબારક વ તઆલાની રહમતોમાંથી એક

રહ્મત છે અને તમે લોકો તેના સારાપણા અને તે વસ્તુના સારાપણાની દુઆ માગો જે હવામાં હોય, અને હવાની બુરાઈથી અને તે વસ્તુની બુરાઈથી જે તે હવામાં છે, અલ્લાહ તઆલાની પનાહ માગો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૮૧૦૬, ૨/૨૪૦)*

**હદીષ ૫ :** હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે, મો'મિન ટોણો મારવાવાળો, લાનત કરવાવાળો, ગંદી વાણી બોલનારો, બેહયાઈની વાતો બોલવાવાળો નથી હોતો.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૮૪, ૩/૩૯૩)*

**મસ્અલા તથા ફાયદા :** ગાળો આપવી ગુનોહ છે અને ગાળો આપવાવાળો પ્રારંભથી જન્નતમાં દાખલ નહીં થશે, બલ્કે પોતાના ગુનાહના બરાબર જહન્નમનો અઝાબ ચાખીને જહન્નમથી નીકળીને જન્નતમાં દાખલ કરવામાં આવશે.

## (૪૯) જૂઠુ સ્વપ્ન (ખ્વાબ) બયાન કરવું

પોતાના તરફથી ઘડી કાઢીને જૂઠુ સ્વપ્ન બયાન કરવું સખત હરામ અને ગુનાહનું કામ છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઘણી બધી હદીષોમાં તેની બુરાઈ વર્ણવી છે.

**હદીષ ૧ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બધી ખોટી તોહમતોમાં સૌથી મોટી તોહમત એ છે કે વ્યક્તિ પોતાની આંખોને તે દેખાડે જે તેની આંખોએ નથી જોયું (એટલે જે સ્વપ્નું જોયું નથી અને ખોટુ કહે છે કે મેં આ સ્વપ્ન જોયું છે). *(હદીષ બુખારી, હદીષ નં. ૭૦૪૩, ૪/૪૨૩)*

**હદીષ ૨ :** અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریمથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે જૂઠુ સ્વપ્ન બયાન કરે તેને કયામતના દિવસે એવી રીતે અઝાબ આપવામાં આવશે કે બે જવની વચ્ચે ગાંઠ લગાડવાની તકલીફ આપવામાં આવશે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૨૭૭, ૪/૧૨૫)*

**મસ્અલા તથા ફાયદા :** આ અઝાબ તે સમય સુધી લગાતાર આપવામાં આવશે ત્યાં સુધી કે તેના ગુનાહોના બરાબર અઝાબ પૂર્ણ ન થઈ જાય. પછી તે મુસલમાન છે એટલા માટે હમેશાંના માટે જહન્નમમાં રહેશે નહીં, બલ્કે અલ્લાહ તબારક વ તઆલા તેને જહન્નમમાંથી કાઢીને જન્નતમાં દાખલ કરશે.

## (૫૦) દાઢી કપાવવી (મૂડાવવી)

દાઢી મૂડાવવી અથવા દાઢી કાપીને એક મુટ્ઠીથી ઓછી નાની કરવી સખત હરામ તથા ગુનોહ છે. અને જે આવું કરે તે ફાસિક઼ તથા જહન્નમના પાત્ર છે. હદીષ શરીફમાં છે :–

**હદીષ ૧ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મૂછોને જડથી કાપો અને દાઢીઓને વધારો.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૨૭૭૨, ૪/૩૫૦)*

**હદીષ ૨ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મૂછોને જડથી કાપવાનો અને દાઢીઓને વધારવાનો હુકમ આપ્યો છે.

**હદીષ ૩ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મુશ્રિકોની મુખાલિફત કરો અને દાઢીઓ વધારો અને મૂછોને જડથી કાપો.

*(સહીહ, મુસ્લિમ, હદીષ નં. : ૨૫૯, પેજ : ૧૫૩)*

**હદીષ ૪ :** હઝરત ઝૈદ બિન અરકમ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યુ, મૂછોમાંથી કાંઈ પણ ન કપાવે તે અમારામાંથી નથી. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૭૦, ૪/૩૪૯)*

**મસ્અલા તથા ફાયદા :** દાઢી એક મુટ્ઠીથી વધારે થઈ જવા પર જો ખરાબ લાગતી હોય અને ચહેરાના હુસ્ન તથા જમાલને ખરાબ કરતી હોય તો ચહેરાને હસીન બનાવવા માટે અથવા દાઢીને બરાબર કરવા માટે દાઢીનો થોડોક હિસ્સો કાપવો જાઈઝ છે. શરત એ છે કે એક મુટ્ઠીથી ઓછી ન થવા પામે.

# (૫૧) પુરૂષ જેવી સ્ત્રી, સ્ત્રી જેવા પુરૂષો

સ્ત્રીઓએ પુરૂષોના (જેવાં) કપડાં પહેરીને પુરૂષો જેવો ચહેરો બનાવવો અને પુરૂષોએ સ્ત્રીઓના (જેવાં) કપડાં પહેરીને સ્ત્રીઓ જેવા ચહેરામાં પોતાને જાહેર કરવું હરામ અને ગુનોહ છે. તે બંને ઉપર રસૂલુલ્લાહ ﷺએ લા'નત ફર્માવી છે.

**હદીષ ૧** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તે સ્ત્રીઓ પર લા'નત ફર્માવી છે જે પુરૂષોની મુશાબેહત (મળતાપણુ) અપનાવે છે અને તે પુરૂષો પર લા'નત ફર્માવી છે જે સ્ત્રીઓની મુશાબેહત (મળતાપણુ) અપનાવે છે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૯૩, ૪/૩૬૦)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ મુખન્નસ (હિજડા) પર લા'નત ફર્માવી અને તે સ્ત્રીઓ ઉપર પણ લા'નત ફર્માવી જે સ્ત્રીઓ પોતાનો ચહેરો પુરૂષો જેમ બનાવી રાખે છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૭૯૪, ૪/૩૬૦)*

**મસ્અલા તથા ફાયદા** : આજકાલ નવયુવાનો પર જે હિપ્પી કટ વાળની વબા ફૂટી છે અને છોકરાઓ સામાન્ય રીતે હિપ્પી કટ વાળની સાથે કલરવાળા બુશર્ટ અને કમીસો પહેરીને નીકળે છે તો તેમની ઉપર છોકરી હોવાનું ગુમાન થવા લાગે છે. એવી જ રીતે ઘણી બધી છોકરીઓ પુરૂષોની જેમ સૂટ અને કોટ પહેરીને નીકળે છે તો તે છોકરો હોવાની શંકા થવા લાગે છે. એટલા માટે આવાં અલગ અલગ પ્રકારનાં કપડાં પહેરવાં સ્ત્રીઓ અને પુરૂષો બંનેવ માટે મના અને લા'નતનું કારણ છે. પુરૂષોને પુરૂષોનાં કપડાં પહેરવાં જોઈએ અને તેનો ચહેરો, શક્કલ પુરૂષો જેવી હોવી જોઈએ અને સ્ત્રીઓએ સ્ત્રીઓનાં કપડાં પહેરવાં જોઈએ અને તેમને તેમનો ચેહરો, શક્કલ સ્ત્રીઓની જેવી રાખવી જોઈએ.

# (પર) મના કરેલાં કપડાં પહેરવાં

જે કપડાંઓને પહેરવાં અને ઓઢવાં શરીઅતમાં મના છે, તેનો ઉપયોગ કરવો સખત હરામ અને ગુનાહનું કામ છે એટલા માટે તેનો ઉપયોગ કરવો ન જોઈએ. આ બારામાં નીચે જણાવેલ હદીષોને ખૂબ ધ્યાનથી વાંચો અને હિદાયતનું નૂર પ્રાપ્ત કરો.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા તે શખ્સની તરફ રહ્‌મતની નજર નહીં ફર્માવશે જે ઘમંડથી પોતાનું તેહબંદ (લુંગી) ઘૂંટીની નીચે ઘસડશે. *(સહીહ બુખારી, હદીષ નં. ૫૭૮૮, ૪/૪૬)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ علیہ السلامએ ઈર્શાદ ફર્માવ્યો, જે ઘમંડથી પોતાનાં કપડાંને જમીન ઉપર ઘસડતો ચાલશે એને અલ્લાહ તબારક વ તઆલા પોતાની રહ્‌મતની નજરથી જોશે નહીં. *(સહીહ બુખારી, હદીષ નં. ૫૮૭૪, ૪/૪૫)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એક શખ્સ ઘમંડથી પોતાનું તેહબંદ ઘસડતો ચાલતો જઈ રહ્યો હતો તો તે જમીનમાં ધસાઈ ગયો અને તે એ જ પ્રમાણે કયામત સુધી જમીનમાં ધસતો ચાલતો જશે.

*(સહીહ બુખારી, હદીષ નં. : ૩૪૮૫, ૨/૪૭૧)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે કપડુ ઘૂંટીઓની નીચે છે તે જહન્નમમાં છે. *(સહીહ બુખારી, હદીષ નં. : ૫૭૮૪, ૪/૪૬)*

**હદીષ ૫** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર તથા હઝરત અનસ તથા ઈબ્ને ઝુબૈર તથા હઝરત અબૂ ઉમામા رضوان اللہ تعالیٰ علیہم اجمعین હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامથી રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ

ફર્માવ્યું, જે રેશમી કપડુ દુનિયામાં પહેરશે તે આખેરતમાં તે કપડાને નહીં પહેરશે. *(સહીહ બુખારી, હદીષ નં. : ૫૮૩૪, ૪/૫૯)*

**હદીષ ૬** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસે કોઈકે રેશમી કપડુ હદિયાના તૌર પર મોકલાવી દીધું તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ તેને મારી પાસે મોકલી દીધુ અને મેં તેને પહેરી લીધું તો મેં હુઝૂર صلی اللہ علیہ وسلمના મુબારક ચહેરા પર ગઝબના આષારને ઓળખ્યા. પછી હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેં તે કપડાને તમારી પાસે એટલા માટે મોકલ્યું ન હતું કે તેને પહેરો બલ્કે એટલા માટે મોકલ્યું હતું કે તમે તેને ફાડીને સ્ત્રીઓની ઓઢણી બનાવી લો. *(સહીહ બુખારી, હદીષ નં. ૨૦૭૧, ૨/૧૧૪૯)*

**હદીષ ૭** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ૧૦ વસ્તુઓથી મના ફર્માવી : (૧) દાંતોને ઘસવાના સાધનથી ઘસીને પાતળા કરવાથી (૨) ગૂદના ગુદવાથી (ચામડી પર છુંદણા–ટેટૂ પડાવવાથી) (૩) ભવાં અને ચહેરાના વાળ નોચવા (ઉખેડવા)થી. (૪) કપડાં વગરના શરીરે પુરૂષે પુરૂષની સાથે લેટીને (આડા પડીને) સૂવાથી. (૬) પોતાના કપડાની નીચે રેશમી કપડુ એવી રીતે રાખવાથી જેમ અજમી લોકો રાખે છે. (૭) પોતાના ખભાઓ પર રેશમી કપડુ રાખવાથી જેમ અજમી લોકો રાખે છે. (૭) લૂટમારથી (૯) ચિત્તાની ખાલ પર બેસવાથી અને સવાર થવાથી. (૧૦) વિંટી પહેરવાથી પણ હાકિમના માટે. *(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૦૪૪, ૪/૬૮)*

**હદીષ ૮** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સ સુર્ખ (લાલ) રંગનાં કપડાં પહેરીને હુઝૂર صلی اللہ علیہ وسلمની પાસેથી પસાર થયો અને સલામ કરી તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેના સલામનો જવાબ આપ્યો નહીં. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૮૧૬, ૪/૩૬૮)*

**હદીષ ૯** : હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેં સોનુ અને રેશમી કપડાં પોતાની ઉમ્મતની સ્ત્રીઓ માટે હલાલ કર્યા અને પોતાની ઉમ્મતના પુરૂષો પર

તે બંનેવ હરામ કર્યાં છે. *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૧૯૫૨, ૭/૧૨૬)*

**હદીષ ૧૦** : હઝરત ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ કોઈ કૌમથી મુશાબેહત (મળતાપણુ) રાખશે તેની તે જ કૌમમાં ગણના થશે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૪૦૩૧, ૪/૬૨)*

**મસ્અલા તથા ફાયદા** : ઉપરોક્ત જણાવેલી હદીષોથી નીચે જણાવેલા મસ્અલાઓ સાબિત થાય છે :–

૧. ઘમંડથી ટખનાઓની નીચે પાયજામો, લુંગી કે કુર્તો લટકાવવો મના અને હરામ છે.

૨. પુરૂષોને રેશમી કપડાં અને સોનુ પહેરવું હરામ છે અને સ્ત્રીઓ માટે બંનેવ જાઈઝ છે.

૩. ટોપી વગર અમામો બાંધવો મના છે.

૪. લાલ રંગનાં કપડાં જેમાં કોઈ બીજા રંગની ધારી ન હોય તે પુરૂષો માટે મકરૂહ છે. અને સ્ત્રીઓ માટે કોઈ વાંધો નથી.

૫. દાંતને સાધનથી (રેતરડાથી) ઘસાવીને પાતળા અને ખૂબસૂરત બનાવવા, એ જ પ્રમાણે ભવાંના વાળને ઉખેડીને ભવાંને પાતળાં અને ખૂબસૂરત બનાવવાં, એ જ પ્રમાણે ચામડી પર છુંદણાં–ટેટૂ પડવવા, એ જ પ્રમાણે કપડાં વગરના શરીરે પુરૂષોને પુરૂષથી ગળે લગાડવુ, અથવા એક સાથે સૂઈ જવુ મના છે. એવી જ રીતે લૂટમાર કરવું હરામ છે અને ચિત્તા, સિંહ વગેરે જંગલી જાનવરોનાં ચામડા પર બેસવું અને સવાર થવુ મના છે. કેમ કે હિંસક ફાડી ખાનાર જાનવરોના ચામડા ઉપર બેસવું ઘમંડીઓનો તરીકો છે અને તેનાથી દિલમાં ક્રૂરતા પેદા થાય છે.

૬. જે કપડાં કોઈ ધર્મનાં ધાર્મિક કપડાં હોય તો મુસલમાન માટે તે કપડાં પહેરવાં સખત મના અને નાજાઈઝ છે.

## (૫૩) ક઼બ્રો પર પેશાબ, પાખાના કરવું

ક઼બ્રો પર પેશાબ કરવું અથવા કોઈ ગંદકી નાખવી હરામ અને ગુનોહ છે. હદીષ શરીફમાં રસૂલુલ્લાહ ﷺએ તેની બુરાઈ વર્ણવી છે.

**હદીષ ૧:** હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે જે શખ્સ ક઼બ્ર પર પેશાબ, પાખાના કરવા માટે બેઠો તો જાણે કે તે જહન્નમના અંગારા પર બેઠો. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૨૬૪૭૯, પેજ નં. : ૧૫૯)*

**હદીષ ૨ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે તમે લોકો ક઼બ્રો પર પેશાબ કરવાથી બચો. કેમ કે આ સફેદ ડાઘ (કોઢ)ની બીમારી પેદા કરે છે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૨૬૪૭૮, પેજ નં. : ૧૫૯)*

**હદીષ ૩ :** હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہથી મરવી છે કે તમારામાંથી કોઈ આગના અંગારા ઉપર બેસે અને તે તમારા કપડાંઓને સળગાવીને તમારી ચામડી સુધી પહોંચી જાય એ તેનાથી ઘણુ સારું છે કે તમારામાંથી કોઈ ક઼બ્ર પર બેસે.

**હદીષ ૪ :** હઝરત અબૂ મરષદ ગનવી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક઼બ્રો પર ન બેસો અને ક઼બ્રોની તરફ મોઢુ કરીને નમાઝ ન પઢો. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૯૭૨, પેજ નં. : ૪૮૩)*

**હદીષ ૫ :** હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મુડદાના હાડકાને તોડવુ એવો જ ગુનોહ છે જેવો કે જીવંત માણસના હાડકાને તોડી નાખવું ગુનોહ છે.

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. ૧૬૧૬, ૨/૧૭૮)*

**હદીષ ૬ :** હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું અંગારો અથવા તલવાર પર ચાલુ અથવા પોતાના પગની ચામડીને કાપીને તેના બૂટ, ચપ્પલ બનાવું એ મને તે વાતથી કેટલુય વધારે પસંદ છે કે હું કોઈ મુસલમાનની ક઼બ્ર પર

ચાલુ. અને હું તે વાતમાં કોઈ ફર્ક નથી સમજતો કે હું ક઼બ્રોની વચ્ચે પેશાબ પાખાના કરું અથવા બજારની વચમાં.

*(સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૧૫૬૭, ૨/૨૪૯)*

**હદીષ ૭** : હઝરત અમ્મારા બિન હઝમ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મને એક ક઼બ્ર પર બેસેલો જોયો તો ફર્માવ્યું, તમે ક઼બ્રથી ઉતરી જાવ અને ક઼બ્રવાળાને તકલીફ ન આપો અને તે તમને તકલીફ ન આપે ! *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૪, ૪/૨૦૨)*

**મસ્અલા તથા ફાયદા** : આ એકમતવાળો મસ્અલો છે કે જે વસ્તુઓથી જીવતાઓને તકલીફ અને ઈજાઓ પહોંચે છે તે વસ્તુઓથી મરેલાઓને પણ તકલીફ અને ઈજાઓ પહોંચે છે. એટલા માટે ક઼બ્ર પર પેશાબ, પાખાના કરવું અથવા કોઈ ગંદી વસ્તુ નાખવી અથવા ક઼બ્રોને તોડી ફોડીને મિસ્માર કરી દેવું અથવા ક઼બ્રોને કડચવું અથવા ક઼બ્રો પર મકાન બનાવવું અથવા ક઼બ્રો પર બેસવું અથવા સૂવું, કેમ કે તે વાતોથી મૃત્યુ પામેલાઓને તકલીફ અને ઈજાઓ પહોંચે છે એટલા માટે આ બધાં કામ મના તથા નાજાઈઝ છે. મુસલમાનો પર જરૂરી છે કે મુસલમાનોના ક઼બ્રસ્તાનનો એહતેરામ કરે અને દરેક તે વાતોથી દૂર રહે જેનાથી ક઼બ્રોની તૌહીન અને ક઼બ્રોને ઈજાઓ પહોંચે છે.

## (૫૪) કાળો ખિઝાબ (ડાય)

વાળોમાં કાળો ખિઝાબ લગાડવો ગુનોહ અને નાજાઈઝ છે. આ વિશે નીચે મુજબની હદીષો વાંચો :–

**હદીષ ૧** : હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે ફત્હે મક્કાના દિવસે અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના વાલિદ હઝરત અબૂ કહાફા رضی اللہ عنہને બારગાહે નબુવ્વતમાં લાવવામાં આવ્યા તો તેમની દાઢી અને માથાના વાળ ષગામા ઘાસની જેમ એકદમ સફેદ હતો તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, વાળોની તે સફેદીને કોઈ રંગથી બદલી નાખો અને કાળા કરવાથી બચો. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૧૦૨, પેજ નં. ૧૧૬૪)*

**હદીષ ૨** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આખરી જમાનામાં એક એવી કૌમ હશે જે કાળા રંગનો ખિઝાબ લગાડશે જે કબૂતરની છાતીની જેમ એકદમ કાળો હશે. આ લોકો જન્નતની ખૂશ્બુ પણ નહીં પામશે. *(મિશ્કાતુલ મસાબીહ, હદીષ : ૪૪૫૨, ૨/૪૯૧, મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૨૪૭૦, ૧/૫૮૬)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم કુરૂમના ચંપલ પહેરતા હતા અને પોતાની મુબારક દાઢીને વર્સ ઘાસ અને ઝઅફરાન (જાફરાનથી) પીળી રંગતા હતા. અને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ પણ આ જ પ્રમાણે કરતા હતા.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૨૧૦, ૪/૧૧૭)*

**હદીષ ૪** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે તેમણે કહ્યું, એક શખ્સ મેંદીનો ખિઝાબ લગાડીને હુઝૂર صلی اللہ علیہ وسلمની સામેથી પસાર થયો તો હુઝૂર علیہ السلامએ ફર્માવ્યું કે આ કેવો સરસ ખિઝાબ છે ! પછી બીજો વ્યક્તિ પસાર થયો જે મહેદી અને કતમ (એક ઘાસ)નો ખિઝાબ લગાડેલો હતો તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ તેનાથી (પહેલાથી) વધારે સારો છે ! પછી એક ત્રીજો વ્યક્તિ પસાર થયો જે પીળા (રંગનો) ખિઝાબ લગાવેલો હતો તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આ તે બધા ખિઝાબોથી વધારે સારો ખિઝાબ છે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૨૧૧, ૪/૧૧૭)*

**હદીષ ૫** : હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે સૌથી પહેલાં મહેદી અને વસ્માનો ખિઝાબ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ લગાડયો અને **સૌથી પહેલાં કાળો ખિઝાબ ફિરઔને લગાડયો.**

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૭૩૦૯, પેજ : ૨૮૩)*

**હદીષ ૬** : હઝરત આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે બેશક ! અલ્લાહ તબારક વ તઆલા તે વ્યક્તિની તરફ કયામતના દિવસે રહમતની નઝર નહીં ફર્માવે જે કાળો ખિઝાબ લગાડશે.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૧૭૩૨૭, પેજ : ૨૮૩)*

**હદીષ ૭ :** હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે જે શખ્સ કાળો ખિઝાબ લગાડશે અલ્લાહ તબારક વ તઆલા ક઼યામતના દિવસે તેનો ચહેરો કાળો કરશે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. ૧૭૩૨૯, પેજ નં. : ૨૮૪)*

**મસ્અલા તથા ફાયદા :** હઝરત અલ્લામા નવવી "શારેહે મુસ્લિમ" رحمۃ اللہ علیہ ફર્માવે છે કે વાળની સફેદી બદલવા માટે લાલ અથવા પીળો ખિઝાબ લગાડવો પુરૂષ અને સ્ત્રી બંનેવ માટે મુસ્તહબ છે અને કાળા રંગના ખિઝાબના વિશે પસંદીદા મઝહબ એ છે કે મકરૂહે તહરીમી છે. કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, واجتنبوا السواد, એટલે કાળા ખિઝાબથી બચો. *(શરહે નવવી, ૨/૧૯૯)*

## (૫૫) સોના, ચાંદીના વાસણ

સોના, ચાંદીના વાસણોમાં ખાવુ, પીવુ અથવા તે વાસણોમાં તેલ રાખીને તે તેલને માથામાં લગાડવુ અથવા શરીર ઉપર માલિશ કરવુ, મતલબ કે કોઈપણ રીતે તે વાસણોનો ઉપયોગ કરવો શરીઅતમાં મના તથા હરામ અને ગુનોહ છે. હદીષોમાં ખૂબ જ પ્રમાણમાં તેની મનાઈ આવી છે.

**હદીષ ૧ :** હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ ચાંદીના વાસણોમાં કાંઈક પીવે છે તો તે પોતાના પેટમાં જહન્નમની આગ ઘૂંટડે ઘૂંટડે દાખલ કરે છે. ?

*(સહીહ મુસ્લિમ, હદીષ : ૨૦૬૫, પેજ : ૧૧૪૨)*

**હદીષ ૨ :** હઝરત હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને આ ફર્માવતાં સાંભળ્યા કે તમે લોકો બારીક તથા જાડાં રેશમી કપડાં ન પહેરો અને સોના, ચાંદીના વાસણોમાં કાંઈ ન પીવો અને સોના, ચાંદીની થાળીઓમાં કાંઈ ન ખાવ. કેમ કે દુનિયામાં આ વાસણો કાફિરો માટે છે અને આને આખેરતમાં તમારા મુસલમાનો માટે છે. *(સહીહ બુખારી, હદીષ નં. ૫૪૨૬, ૩/૫૩૫)*

**હદીષ ૩ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ

કરીમ ﷺએ ફર્માવ્યું, જે વ્યક્તિ સોના, ચાંદીના વાસણોમાં અથવા તે વાસણોમાં જેમાં કાંઈક સોનુ, ચાંદી લાગેલું હોય તેમાંથી પીવે છે તો તે ઘૂંટડે ઘૂંટડે પોતાના પેટમાં જહન્નમની આગ દાખલ કરે છે.

*(સુનને દારકુત્ની, હદીષ નં. : ૯૩, ૧/૫૮)*

**હદીષ ૪** : હઝરત હકમે ઈબ્ને અબી લૈલાથી સાંભળ્યું છે કે હઝરત હુઝૈફા رضی اللہ عنہએ પાણી માંગ્યુ તો એક વ્યક્તિ તેમની પાસે ચાંદીના વાસણમાં પાણી લાવ્યો તો હઝરત હુઝૈફા رضی اللہ عنہએ તે વાસણને ફેંકી દીધું અને ફર્માવ્યું, મેં એને તે (ચાંદીના) વાસણના ઉપયોગથી મના કરી હતી પણ એ નથી માનતો. બેશક ! રસૂલુલ્લાહ ﷺએ સોના, ચાંદીના વાસણોમાં કાંઈક ખાવા, પીવા અને હરીર તથા દીબાજ (રેશમી કપડાંઓ)ને પહેરવાથી મના ફર્માવ્યું છે અને આ ઈર્શાદ ફર્માવ્યો, આ બધી વસ્તુઓઓ દુનિયામાં કાફિરોના માટે છે અને આખેરતમાં તમારા મુસલમાનો માટે છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૧૮૮૫, ૩/૩૪૯)*

**મસ્અલા તથા ફાયદા** : સોના, ચાંદીના વાસણોમાં ખાવુ, પીવું અને કોઈપણ રીતથી તેનો ઉપયોગ કરવો હરામ તથા નાજાઈઝ અને ગુનાહનું કામ છે, જેની સજા જહન્નમનો અઝાબ છે. તે ગ્લાસ અને વાટકો જેમાં બીજી ધાતુની સાથે કાંઈક ચાંદી અથવા સોનુ લગાડી બનવવામાં આવ્યું હોય તેમાં પણ ખાવુ, પીવુ હરામ છે. હા ! જો ધાતુના વાસણ પર ચાંદીની ખાલી કલાઈ કરી હોય તો એવા વાસણમાં ખાવા, પીવાની મનાઈ નથી.

## (૫૬) રિયાકારી (દેખાડો)

કોઈપણ નેક અમલ તથા ઈબાદત હોય એને અલ્લાહ તબારક વ તઆલાની રઝા ચાહતાં અને ઈખ્લાસની નિય્યતથી કરવું ખૂબ જરૂરી છે. નામના તથા વાહ વાહ અને ખ્યાતિ પામવાનો અથવા કોઈ બીજો નફ્સાની મકસદ હોય તો તે "રિયાકારી" છે. અને રિયાકારી તે ગુનાહે

કબીરા છે જેને શિર્કની એક શાખ (બ્રાન્ચ) કહેવામાં આવ્યું છે. અને અલ્લાહ તબારક વ તઆલાએ રિયકારી કરવાવાળાને શૈતાનના સાથી બતાવ્યા છે.

કુર્આને કરીમનો ઈર્શાદ છે :–

وَ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ رِئَآءَ النَّاسِ وَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ لَا بِالْيَوْمِ الْاٰخِرِ ؕ وَمَنْ يَّكُنِ الشَّيْطٰنُ لَهٗ قَرِيْنًا فَسَآءَ قَرِيْنًا

"અને તેઓ જે પોતાના માલ લોકોને દેખાડવા ખર્ચે છે અને અલ્લાહ પર ઈમાન નથી લાવતા, અને ન ક્યામત પર, અને જેનો સાથીદાર શૈતાન થયો, તો કેટલા ખરાબ સાથીદાર છે !"

*(સૂરએ નિસાઅ, આ. ૩૮)*

બીજી આયતમાં આ જ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો :–

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ ۙ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ ۙ الَّذِيْنَ هُمْ يُرَآءُوْنَ ۙ وَيَمْنَعُوْنَ الْمَاعُوْنَ

"તો તે નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝને ભૂલી બેઠા છે. તેઓ જે દેખાવ કરે છે અને વાપરવાની વસ્તુ માગવા છતાં આપતા નથી." *(સૂ. માઊન, ૧૦૭/૪ થી ૭)*

આ જ પ્રમાણે રિયાકારીની બુરાઈ અને મનાઈમાં ઘણી બધી હદીષો પણ આવેલી છે.

**હદીષ ૧ :** હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી મરવી છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા ફર્માવે છે કે હું તમામ શરીકોથી વધારે શિર્કથી બેનિયાઝ છું. જે શખ્સ કોઈ એવો અમલ કરે કે તે અમલમાં મારી સાથે મારા ગૈરને શરીક કરે તો હું (અલ્લાહ તઆલા) તેને તેના શિર્ક (અલ્લાહ સિવાય બીજા માટે અમલ કરવાના કારણે)ની સાથે છોડી દઈશ. અને એક રિવાયતમાં આ મુજબ છે કે હું તેનાથી બેઝાર છું ! તે અમલ તેના માટે છે જેના માટે તેણે કર્યો છે. *(મિશ્કાત, હદીષ નં. : ૫૩૧૫, ૩/૧૩૭, સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૪૨૦૨, ૪/૪૬૯)*

**હદીષ ૨** : હઝરત જુન્દુબ رضي الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શોહરત (નામના પામવા) માટે કોઈ અમલ કરશે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના ઐબને મશ્હૂર કરશે અને જે રિયાકારી કરશે તો અલ્લાહ તઆલા તેની રિયાકારીનો તેને બદલો આપશે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૨૯૮૭, પેજ : ૧૫૯૪)*

**હદીષ ૩** : હઝરત અબૂ સઈદ અબૂ ફઝાલા رضي الله عنه થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જયારે અલ્લાહ તઆલા કયામતના દિવસે બધા લોકોને ભેગા ફર્માવશે તો એક અવાજ આપવાવાળો એલાન કરશે કે જેણે પોતાના તે અમલમાં જે અલ્લાહ તઆલા માટે કર્યા છે તેમાં કોઈ બીજાને શરીક કરી લીધો છે તો તેણે જોઈએ કે તેનો સવાબ અલ્લાહ તઆલાના ગૈર (બીજા)થી તલબ કરે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૩૧૬૫, ૫/૧૦૫)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **આખરી જમાનામાં અમુક એવા લોકો નીકળશે જે દુનિયાને દીનના દ્વારા તલબ કરશે.** તે લોકોને દેખાડવા ઘેટાની ખાલ પહેરશે, પોતાની નર્મદિલી જાહેર કરવા માટે તેમની ઝબાનો ખાંડથી વધારે મીઠી હશે અને તેમનાં દિલ વરૂઓનાં દિલ હશે. અલ્લાહ તઆલા (તે રિયાકારોથી) ફર્માવશે કે, શું આ લોકો મારી મુદ્દત આપવાથી બેખૌફ થઈ ગયા છે ? શું આ લોકો મારી ઉપર નીડર થઈ ગયા છે ? તો મને મારી જ કસમ છે કે હું જરૂર જરૂર તે લોકો ઉપર એવો ફિત્નો મોકલીશ જે બુદ્ધિશાળી વ્યક્તિઓને આશ્ચર્યમાં નાખી આપશે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૪૧૨, ૪/૧૮૧)*

**હદીષ ૫** : હઝરત સદ્દાદ બિન ઔસ رضي الله عنه થી રિવાયત છે, જેણે રિયાકારી કરતાં નમાઝ પઢી તો યકીનન ! તેણે શિર્કનું કામ કર્યું, અને જેણે રિયાકારી કરતાં રોઝો રાખ્યો તેણે બેશક ! શિર્કનું કામ કર્યું, અને જેણે રિયાકારી કરતાં સદકો આપ્યો તેણે કોઈ શક વગર શિર્કનું કામ કર્યું. *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૧૭૧૪૦, ૬/૮૧)*

**હદીષ ૬** : હઝરત શદ્દાદ બિન ઔસ رضي الله عنهથી મરવી છે કે તે રડવા લાગ્યા તો લોકોએ તેમનાથી કહ્યું, કઈ વાત આપને રડાવે છે ? તો તેમણે ફર્માવ્યું, રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને એક વાત ફર્માવતાં સાંભળ્યા હતા તેને યાદ કરીને રડી રહ્યો છું. મેં રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને આ ફર્માવતાં સાંભળ્યા છે કે મને મારી ઉમ્મત પર શિર્ક અને છુપાયેલી ખ્વાહિશોનો ખૌફ છે. તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم શું આપની ઉમ્મત આપના પછી શિર્ક કરશે ?! તો આપ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, હા ! પણ સાંભળી લો કે તે સૂરજ, ચાંદ અને પથ્થર અને મૂર્તિની ઈબાદત નહીં કરશે પણ તે પોતાના અમલોમાં રિયાકારી કરશે અને છુપાયેલી ખ્વાહિશો એ છે કે તેમાંથી એક વ્યક્તિ સવારે રોઝો રાખશે અને પછી તેની ખ્વાહિશોમાંથી કોઈ ખ્વાહિશ તેની સાથે આવી જશે તો તે રોઝાને છોડી આપશે.

*(મિશ્કાત, હદીષ : ૫૩૩૨, ૩/૧૪૦, શોઅબુલ ઈમાન, હદીષ નં. ૬૮૭, ૫/૫૩૩૩)*

**હદીષ ૭** : હઝરત મહમૂદ બિન લબીદ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلمએ ફર્માવ્યું, મને સૌથી વધારે જે વાતનો તમારા લોકો પર ડર છે કે તે નાનુ શિર્ક છે. તો લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم નાનુ શિર્ક શું છે ? તો ફર્માવ્યું, રિયાકારી ! અને બયહકીમાં એ પણ છે કે જે દિવસે અલ્લાહ તબારક વ તઆલા લોકોને તેમના અમલોનો બદલો આપશે તો રિયાકારોથી ફર્માવશે કે તમે લોકો તેની પાસે જાવ જેને તમે દુનિયામાં પોતાનો અમલ દેખાડયા કરતા હતા. પછી તમે જોઈ લો કે શું તમે તેની પાસે કોઈ જઝા અને ભલાઈ પામો છો. *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. : ૨૩૬૯૨, ૯/૧૬૦, શોઅબુલ ઈમાન, હદીષ નં. : ૬૮૩૧, ૫/૩૩૩)*

**હદીષ ૮** : હઝરત અબૂ સઈદ ખુદરી رضي الله عنهથી મરવી છે કે તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم અમારી પાસે એ હાલમાં તશરીફ લાવ્યા કે અમે લોકો દજ્જાલનું વર્ણન કરી રહ્યા હતા. તો આપે ફર્માવ્યું, શું હું તમને લોકોને તે વાતની ખબર ન આપું કે જે મારી નજીક દજ્જાલથી પણ વધારે ખૌફનાક છે ! તો અમે લોકોએ અર્ઝ કરી, કેમ નહીં યા

રસૂલલ્લાહ ?! ﷺ જરૂર અમને લોકોને ખબર આપો. તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **તે છુપાયેલુ શિર્ક છે અને તે એ છે કે માણસ નમાઝ પઢવા ઊભો થાય તો તે આ જોઈને પોતાની નમાઝને વધારે લાંબી કરી કરી આપે કે કોઈ વ્યક્તિ તેને જોઈ રહ્યો છે.** *(મિશ્કાત, હદીષ નં. : ૫૩૩૩, ૩/૧૪૦, સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૪૨૦૪, ૪/૪૭૦)*

**મસ્અલા તથા ફાયદા :** જાણવા મળ્યું, 'રિયાકારી' સખત હરામ અને ગુનાહે કબીરા છે. રિયાકારી કરવાથી ઈબાદતોનો અજર તથા સવાબ ન કેવળ ગારત તથા બેકાર થઈ જાય છે બલ્કે તે ઈબાદત ગુનાહે અઝીમ બની જાય છે. જેનાથી જો સાચી તૌબા ન કરો તો તેનું ઠેકાણુ જહન્નમ છે.

## (૫૭) તકબ્બુર (ઘમંડ)

ઘમંડ તે ખરાબ તથા બુરી વસ્તુ છે જે સખત હરામ અને ગુનોહ છે અને આ તે જ જુર્મ છે કે દુનિયા તથા આખેરત બંને જગ્યામાં તેનો અંજામ ઝિલ્લત તથા બેઈજ્જતી છે. આ જ તે ગુનોહ છે જેણે હમેશાંના માટે ઈબ્લીસના ગળામાં લા'નતનો તૌક નાખી દીધો અને તેને મરદૂદ તથા મતરૂદ થઈને જન્નતથી કાઢી નાખવામાં આવ્યો અને કયામત સુધી તમામ ફરિશ્તાઓ અને જિન્નાત તથા ઈન્સાન તેની પર લા'નત મોકલતા રહેશે અને કયામતના દિવસે તે અને તેના માનવાવાળા જહન્નમનું ઈંધણ બનશે.

તકબ્બુરે અઝાઝીલને ઝલીલો ખ્વાર કરી દીધો અને લા'નતના કૈદખાનામાં ગિરફતાર કરી દીધો. "અઝાઝીલ" ફરિશ્તાઓનો મુઅલ્લિમ (ઉસ્તાદ) અને ખૂબ મોટો આબિદ તથા ઝાહિદ હતો પણ તેણે તકબ્બુરથી હઝરત આદમ علیہ السلامને પોતાનાથી કમતર (નીચા) બતાવ્યા અને સજદો ન કર્યો તો તે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહનો મરદૂદ થઈને જન્નતમાંથી કાઢવામાં આવ્યો અને તમામ મખ્લૂકની લા'નત તથા મલામતમાં ગિરફતાર થયો. કુર્આન મજીદે વારંવાર એલાન ફર્માવ્યું :–

فَبِئۡسَ مَثۡوَی الۡمُتَکَبِّرِیۡنَ۝

"અભિમાનીનું ઠેકાણુ કેટલું ખરાબ !" *(સૂરએ ઝુમર, આ. ૭૨)*

એ જ પ્રમાણે તકબ્બુરવાળી ચાલને હરામ ફર્માવતાં અલ્લાહ તબારક વ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

وَ لَا تَمۡشِ فِی الۡاَرۡضِ مَرَحًا ۚ اِنَّکَ لَنۡ تَخۡرِقَ الۡاَرۡضَ وَ لَنۡ تَبۡلُغَ الۡجِبَالَ طُوۡلًا ۝ کُلُّ ذٰلِکَ کَانَ سَیِّئُہٗ عِنۡدَ رَبِّکَ مَکۡرُوۡہًا ۝

"અને ધરતીમાં ઈતરાઈ (ઘમંડભેર)ને ચાલ નહીં, બેશક ! (તું) કદાપિ જમીન ચીરી નાખવાનો નથી અને કદાપિ ઊંચાઈમાં પર્વતોને પહોંચવાનો નથી. આ જે કાંઈ થયું તેમાંથી ખરાબ વાત તારા રબને ગમતી નથી." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૭, ૩૮)*

હદીષોમાં પણ ખૂબ જ પ્રમાણમાં તકબ્બુરની ખરાબી તથા બુરાઈ બયાન કરવામાં આવી છે.

**હદીષ ૧** : હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન હશે તે જહન્નમમાં દાખલ નહીં થશે અને જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર પણ તકબ્બુર હશે તે જન્નતમાં દાખલ નહીં થશે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૯૧, પેજ : ૬૧)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. બે વ્યક્તિઓથી (ગઝબના કારણે) અલ્લાહ તઆલા ન કલામ ફર્માવશે ન તેમની તરફ (રહ્‌મતની નજરથી) જોશે, ન તેમને ગુનાહોથી પાક ફર્માવશે અને તેમના માટે દર્દનાક અઝાબ છે.

(૧) વ્યભિચારી વૃદ્ધ (૨) જૂઠો બાદશાહ (૩) ઘમંડી ફકીર. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૦૭, પેજ નં. ૬૭)*

**હદીષ 3** : હઝરત અમ્ર બિન શોઅબ رضی اللہ عنہ રાવી છે. રસૂલુલ્લાહ علیہ السلامએ ફર્માવ્યું, તકબ્બુર કરવાવાળાઓને કયામતના દિવસે મેહશ્રના મેદાનમાં કીડીઓની જેમ બનાવીને લાવવામાં આવશે પણ તેમના

ચહેરાઓ મનુષ્યના હશે અને દરેક બાજુથી તેમની ઉપર ઝિલ્લત ઘેરાયેલી હશે અને તેમને ઘસડીને જહન્નમના તે કેદખાનામાં નાખવામાં આવશે જેનું નામ "બૂલસ" (નાઉમ્મીદીની જગ્યા) હશે. તેમની ઉપર જહન્નમની આગ હશે જેને નારુલ અન્યાર કહેવામાં આવે છે. અને તેમને જહન્નમીઓના શરીરનું પરુ પીવડાવવામાં આવશે જેનું નામ "તીનતુલ ખબાલ" (પરુંનું કીચડ) છે.

*(સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૫૦૦, ૪/૨૨૧)*

**હદીષ ૪** : અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہથી મરવી છે કે તેમણે મિમ્બર પર ફર્માવ્યું, હે લોકો ! તવાઝોઅ કરો એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺને એવું ફર્માવતા સાંભળ્યા છે કે, જે અલ્લાહ તઆલા માટે તવાઝોઅ કરશે અલ્લાહ તબારક વ તઆલા તેને બુલંદ ફર્માવી આપશે તો તે પોતાની નજરમાં નાનો હશે પણ લોકોની નજરમાં ખૂબ મોટો હશે. અને જે તકબ્બુર કરશે અલ્લાહ તબારક વ તઆલા તેને પસ્ત કરી આપશે તો તે પોતાની દષ્ટિએ મોટો હશે પણ લોકોની નજરમાં એટલો નાનો હશે કે કૂતરા અને સુવ્વરથી પણ બદ્તર હશે.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. ૮૧૪, ૬/૨૭૬)*

**હદીષ ૫** : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેના દિલમાં રજમાત્ર તકબ્બુર હશે તે જન્નતમાં દાખલ થશે નહીં. તો એક વ્યક્તિએ અર્ઝ કરી કે માણસ તેને પસંદ કરે છે કે તેનાં કપડાં સારા હોય, તેના બૂટ સારા હોય (તો શું આ પણ તકબ્બુર છે ?) તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહ તબારક વ તઆલા જમાલવાળો છે અને તે જમાલવાળાને પસંદ ફર્માવે છે (આ તકબ્બુર નથી). બલ્કે તકબ્બુર એ છે કે વ્યક્તિ હક્કથી સરકશી કરે અને બીજા લોકોને ઝલીલ સમજે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. ૯૧, પેજ : ૬૦)*

**હદીષ ૬** : હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે તમે લોકો તકબ્બુરથી બચો એટલા માટે કે માણસ તકબ્બુર કરતો રહે છે ત્યાં સુધી કે અલ્લાહ તઆલા (ફરિશ્તાઓને) હુકમ આપે છે કે મારા તે બંદાને

''જબ્બારીન'' (જાલિમો)માં લખી આપો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૭૨૬, પેજ : ૨૧૦)*

**મસ્અલા તથા ફાયદા :** સારાં કપડાં, સારું મકાન તથા સામાન રાખવું આ તકબ્બુર નથી બલ્કે તકબ્બુર એ છે કે હક્કથી સરકશી કરે, પોતાને મોટો તથા ઈજ્જતવાળો સમજે અને બીજાઓને પોતાનાથી કમતર (નાનો) અને ઝલીલ સમજે. હકીકતમાં આ તે તકબ્બુર છે જે દુનિયા તથા આખેરતમાં માણસને ઝિલ્લતના ખાડામાં પાડવાવાળો અને જહન્નમમાં પહોંચાડવાવાળો ગુનોહ છે.

## (૫૮) બખીલી (કંજૂસાઈ)

કંજૂસાઈ ખૂબ ઝલીલ આદત અને બદ્તરીન ગુનોહ છે. કુર્આન તથા હદીષમાં કંજૂસો માટે જહન્નમની ચેતવણી આવી છે. કુર્આને કરીમમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَ لَا يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَاۤ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ؕ بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ؕ سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ؕ

''અને જે બુખ્લ કરે છે તે વસ્તુમાં જે અલ્લાહે તેમને પોતાના ફઝલથી આપી, ક્યારેય તેને પોતાના માટે સારુ ન સમજે. બલ્કે તે તેમના માટે ખરાબ છે, નઝદીકમાં જ તે જેણે બુખ્લ કર્યું કયામતના દિવસે તેમના ગળાનો તોક હશે.'' *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮૦)*

બીજી આયતમાં આ જ પ્રમાણે ઈર્શાદ થયો કે :–

اِنَّ اللّٰهَ لَا يُحِبُّ مَنْ كَانَ مُخْتَالًا فَخُوْرَا ۙ الَّذِيْنَ يَبْخَلُوْنَ وَ يَاْمُرُوْنَ النَّاسَ بِالْبُخْلِ وَ يَكْتُمُوْنَ مَاۤ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ؕ وَ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ۚ

''બેશક ! અલ્લાહને ખુશ નથી આવતો (પસંદ નથી) કોઈ ઘમંડ કરનારો, બડાઈ મારવાવાળો જે પોતે કંજૂસાઈ કરે અને બીજાઓને

કંજૂસીના માટે કહે. અને અલ્લાહે જે તેમને પોતાના ફઝ્લથી આપ્યું છે તેને છુપાવે. અને કાફિરો માટે અમે ઝિલ્લતનો અઝાબ તૈયાર કરી રાખ્યો છે. *(સૂરએ નિસાઅ્, આ. ૩૬, ૩૭)*

એ જ પ્રમાણે હદીષોમાં પણ કષરતની સાથે કંજૂસાઈની બુરાઈ અને તેની ઉપર ચેતવણીઓ આવી છે.

**હદીષ ૧** : અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ધોકો આપવાવાળો અને બખીલ અને એહસાન જતાવવાવાળો (શરૂથી) જન્નતમાં દાખલ થશે નહીં, બલ્કે થોડાક દિવસ જહન્નમનો અઝાબ ચાખી લીધા પછી જન્નતમાં જશે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૯૭૦, ૩/૩૮૮, મુસ્નદે ઈમામ અહમદ, હદીષ : ૩૨, ૧/૨૬)*

**હદીષ ૨** : હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બે આદતો મો'મિનમાં ભેગી નહીં હોય : બખીલી અને બદ્અખ્લાક઼ી. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૧૯૬૯, ૩/૩૮૭)*

મતલબ એ છે કે જે મો'મિન હશે તે જો કંજૂસ હશે તો બદ્અખ્લાક઼ નહીં હશે અને જો બદ્અખ્લાક઼ હશે તો કંજૂસ નહીં હોય. આ બંનેવ ખરાબ આદતો એક સાથે મો'મિનમાં નહીં જોવામાં આવશે.

**હદીષ ૩** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સખી અલ્લાહથી નજીક છે, જન્નતથી નજીક છે, લોકોથી નજીક છે પણ જહન્નમથી દૂર છે. અને કંજૂસ અલ્લાહ તઆલાથી દૂર છે, જન્નતથી દૂર છે, લોકોથી દૂર છે પણ જહન્નમથી નજીક. અને જાહિલ સખી, કંજૂસ આબિદથી અલ્લાહ તઆલાને વધારે પસંદ છે. *(સુનને તિર્મિઝી, હદીષ : ૧૯૬૮, ૩/૩૮૭)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મનુષ્યમાં બે આદતો બદ્તરીન છે : પ્રથમ લાલચવાળી કંજૂસી, બીજી સખ્ત બુઝદિલી. *(સુનને અબૂ દાઊદ, હદીષ : ૨૫૧૧, ૩/૧૮)*

**હદીષ ૫ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. આ ઉમ્મતના આગલા લોકો યક઼ીન અને ઝોહદના કારણે નજાત પામી ગયા અને આ ઉમ્મતના પાછલા (આવનારા) લોકો કંજૂસી અને લાલચના કારણે હલાક઼ થશે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૩૮૫, ૩/૧૮૧)*

**મસ્અલા તથા ફાયદા :** લખાણનો ટૂંકસાર એ છે કે કંજૂસી બદ્‌તરીન ગુનાહવાળી આદત છે. જે હજારો નેકીઓથી મહેરૂમ કરી આપવાવાળી આદત છે અને દુનિયામાં તેનો અંજામ ઝિલ્લત તથા બેઈજ્જતી છે અને વિવિધ પ્રકારની તકલીફમાં સપડાવું છે, અને આખેરતમાં તે ગુનાહની સજા જહન્નમનો દર્દનાક અઝાબ છે.

## (૫૯) લોભ તથા લાલચ

આ પણ ખૂબ જ ખબીષ (ગંદી) તથા કબીહ (બુરી) આદત છે. આ ચોરી, લૂટ, હડપ કરવું, ખયાનત, ખૂનામરકી વગેરે સેંકડો આવા બદ્‌તરીન ગુનાહોનું મૂળ છે, જે જહન્નમમાં લઈ જવાવાળો ગુનાહે કબીરા છે. એટલા માટે હદીષોમાં અતિ પ્રમાણમાં તેની ખરાબી તથા બુરાઈનું વર્ણન તથા ખરાબી તથા બુરાઈનું વર્ણન આવ્યું છે.

**હદીષ ૧ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, માણસ વૃદ્ધ થઈ જાય છે પણ તેની બે આદતો હમેશાં જવાન રહે છે : પ્રથમ માલની લાલચ અને બીજી ઉમરની લાલચ (જિંદગી જીવવાની). *(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૦૪૭, પેજ : ૫૨૧, સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૪૨૩૪, ૪/૩૮૩)*

**હદીષ ૨ :** હઝરત અમ્ર બિન શોએબથી તેમની સનદની સાથે રિવાયત છે કે આ ઉમ્મતની સૌથી પહેલી ભલાઈ યક઼ીન તથા ઝોહદ છે અને આ ઉમ્મતનો સૌથી પહેલો ફસાદ કંજૂસી અને ઉમ્મીદ છે.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. : ૧૦૮૩૩, ૭/૪૨૭)*

**હદીષ ૩ :** હઝરત વાષિલા رضی اللہ عنہથી મરવી છે કે લાલચી એવી

કમાઈ તલબ કરે છે જે હલાલ ન હોય.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૩૦, પેજ : ૧૮૫)*

**હદીષ ૪** : હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે **લાલચ ઓલમાનાં દિલમાંથી ઈલ્મે શરીઅતને દૂર કરી આપે છે.**

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૫૭૩, પેજ : ૧૯૮)*

**હદીષ ૫** : હઝરત અનસ رضی اللہ عنہથી હદીષે મુરસલ મરવી છે કે તે ચીકણી અને ફોસલાવી આપવાવળી વસ્તુ છે કે જેની ઉપર ઓલમાના પગ ઠહેરી નથી શકતા તે લાલચ છે.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૫૭૬, પેજ : ૧૯૮)*

## (૬૦) હસદ (ઈર્ષા)

ઈર્ષા એ છે કે કોઈની નેઅમતોના ઝવાલ તથા બરબાદીની તમન્ના કરવી. આ પણ હલાક કરવાવાળી અને ખૂબ જ મૂઝી દિલની બીમારી છે અને લાલચની જેમ જ આ પણ મોટા મોટા ગુનાહોનું ઝરણુ છે. એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ صلی اللہ علیہ وسلمને ઈર્ષાથી અલ્લાહની પનાહ માગવાનો હુકમ ફર્માવ્યો અને કુર્આને મજીદમાં નાઝિલ ફર્માવ્યું :–

وَمِنْ شَرِّ حَاسِدٍ اِذَا حَسَدَ ''હસદવાળાની બુરાઈ શરથી જ્યારે તે મારાથી જલે (ઈર્ષા કરે). *(સૂરએ ફલક, આ. : ૫)*

અને હદીષમાં પણ તેની તબાહી ખૂબ જ ઈબ્રતઅંગેઝ શબ્દોમાં વર્ણવવામાં આવી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એકબીજાથી ઈર્ષા ન કરો અને એકબીજાથી બુગ્ઝ (દુશ્મની, નફરત) ન રાખો અને એકબીજાથી સગાઈ સંબંધ કટ ન કરો અને હે અલ્લાહના બંદાઓ ! તમે આપસમાં એકબીજાના ભાઈ ભાઈ બનીને રહો.

*(સહીહ બુખારી, હદીષ નં. : ૬૦૬૬, ૪/૧૧૭, સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૨૫૬૩, પેજ : ૧૩૮૬)*

**હદીષ ૨ :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે ઈર્ષા નેકીઓને એવી રીતે ખાય જાય છે જેવી રીતે આગ લાકડીને ખાય જાય છે. અને સદક઼ો ગુનાહોને એવી રીતે બુઝાવી આપે છે જેવી રીતે પાણી આગને બુઝાવી આપે છે. અને નમાઝ મો'મિનનુ નૂર છે, અને રોઝા જહન્નમની ઢાલ છે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૩૫, પેજ : ૧૮૫)*

**હદીષ ૩ :** હઝરત જુબૈર બિન અવ્વામ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ધીમે ધીમે તમારી અંદર આગલી ઉમ્મતોની બીમારીઓ ફેલાઈ રહી છે એટલે કે ઈર્ષા અને નફરત. આ દીનને મૂંડવાવાળી બીમારીઓ છે, વાળ મૂંડવાવાળી નહીં. ક઼સમ છે તે જાતની જેના તાબા હેઠળ મુહમ્મદ ﷺની જાન છે કે તમે લોકો તે સમય સુધી જન્નતમાં દાખલ નહીં થઈ શકશો જ્યાં સુધી મો'મિન ન થઈ જાવ ! અને તમે લોકો તે સમય સુધી મો'મિન નહીં થશો જ્યાં સુધી કે આપસમાં એકબીજાથી મહોબ્બત ન કરશો. શું હું તમને તે કામ ન બતાવું કે જ્યારે તમે લોકો તેને કરશો તો એકબીજાથી મહોબ્બત કરવા લાગશો ?! અને તે કામ એ છે કે તમે લોકો આપસમાં સલામની ચર્ચા કરો.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૪૦, પેજ : ૧૮૬)*

**હદીષ ૪ :** હઝરત અબ્દુલ્લાહ બિન બિસ્ર رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઈર્ષા કરવાવાળો અને ચાડી ખાવાવાળો અને કાહિન (જ્યોતિષ) મારે તેમની સાથે અને તે લોકોને મારાથી કોઈ સંબંધ નથી. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૪૨, પેજ : ૧૮૬)*

**હદીષ ૫ :** હઝરત ઝુમરા બિન ષઅલબા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, લોકો તે સમય સુધી ખૈરિયત અને સારી પરિસ્થિતિમાં રહેશે જ્યાં સુધી કે એકબીજા પર ઈર્ષા નહીં કરશે.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૪૬, પેજ : ૧૮૬)*

## (૬૧) બુગ્ઝ તથા કીનો (દુશ્મની, નફરત)

મુસલમાનોથી બુગ્ઝ અને કીનો (અદાવત) રાખવો પણ હરામ અને ગુનોહ છે. તેના વિશે આ થોડીક હદીષો ખાસ રીતે ધ્યાનથી વાંચો :–

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમે લોકો એકબીજાની સાથે બુગ્ઝ ન રાખો અને એકબીજાથી સગાઈ સંબંધ કટ ન કરો અને તમે લોકો ભાઈ ભાઈ બનીને રહો. *(સહીહ મુસ્લિમ, હદીષ : ૨૫૬૩, પેજ : ૧૩૮૬)*

**હદીષ ૨** : હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શબે બરાતમાં અલ્લાહ તબારક વ તઆલા બખ્શિશ માગવાવાળાની મગફેરત ફર્માવી આપે છે અને રહ્મત તલબ કરવાવાળા પર રહ્મત નાઝિલ ફર્માવી આપે છે. પણ કીનો રાખવાવાળાના મામલાને પાછો ટાળે છે અને મુલ્તવી ફર્માવી આપે છે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ : ૭૪૪૭, પેજ : ૧૮૬)*

**હદીષ ૩** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે દરેક અઠવાડીયામાં બે વાર બંદાઓના અમલો અલ્લાહ તબારક વ તઆલાના દરબારમાં પેશ કરવામાં આવે છે તો અલ્લાહ તબારક વ તઆલા દરેક બંદએ મો'મિનને બખ્શી આપે છે, પણ તે બંદાને કે તેના અને તેના (દીની) ભાઈની વચ્ચે બુગ્ઝ તથા કીનો હોય, તેની અલ્લાહ તઆલા મગફેરત નથી ફર્માવતો. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૪૯, પેજ : ૧૮૭)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે દરેક સોમવારે અને જુમેરાતે જન્નતના દરવાજા ખોલવામાં આવે છે તો અલ્લાહ તઆલા મુશ્રિકના સિવાય પોતાના દરેક બંદાને બખ્શી આપે છે પણ તે શખ્સને નથી બખ્શતો જે પોતાના ભાઈથી બુગ્ઝ તથા કીનો (અદાવત) રાખતો હોય. બલ્કે તેના વિશે આ ફર્માન બહાર પાડે

છે કે હજી તે બંનેને આમ જ રહેવા દો ત્યાં સુધી કે આ બંનેવ સુલેહ કરી લે. *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૪૫૭, પેજ : ૧૮૭)*

**હદીષ ૫** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એ હલાલ નથી કે મુસલમાન (બુગ્ઝ તથા કીનાના કારણે) પોતાના ભાઈથી ત્રણ દિવસથી વધારે રિશ્તો કાપીને તેને છોડી આપે. જે ત્રણ દિવસથી વધારે આવી રીતે રિશ્તો તોડી આપે અને તે જ હાલતમાં મૃત્યુ પામે તો તે જહન્નમમાં દાખલ થશે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૪૯૧૪, ૪/૩૬૪)*

**હદીષ ૬** : હઝરત અબૂ ખરાશ સલ્લમી رضی اللہ عنہથી રિવાયત છે કે તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે **જે એક વર્ષ સુધી પોતાના (દીની) ભાઈને છોડેલો રહે તો આ એટલો મોટો ગુનોહ છે કે જાણે તેનું લોહી વહાવી દીધુ.**

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૪૯૧૫, ૪/૩૬૪)*

## (૬૨) પ્રપંચ અને ધોકાબાઝી

મુસલમાનોની સાથે પ્રપંચ એટલે ધોકાબાઝી અને દગાબાઝી કરવું કત્અન હરામ અને ગુનાહે કબીરા છે. જેની સજા જહન્નમનો દર્દનાક અઝાબ છે. તેની મના તથા હુર્મતના વિશે થોડીક હદીષો જુઓ જે ખૂબ જ ઈબ્રતનાક છે.

**હદીષ ૧** : હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈ મો'મિનને તકલીફ પહોંચાડે અથવા તેની સાથે દગો અને ધોકાબાઝી કરે તે મલ્ઊન છે. *(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૧૯૪૮, ૩/૩૭૮)*

**હદીષ ૨** : હઝરત અબૂ સરમા رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, **જે મુસલમાનને નુકસાન પહોંચાડે અલ્લાહ જરૂર તેને નુકસાન પહોંચાડશે અને જે મુસલમાનોને તકલીફમાં નાખે અલ્લાહ તઆલા તેને તકલીફમાં નાખશે.**

*(સુનને તિર્મિઝી, હદીષ નં. : ૧૯૪૭, ૩/૩૭૮)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે અમારી સાથે ધોકાબાઝી કરે તે અમારામાંથી નથી અને પ્રપંચ તથા ધોકાબાઝી જહન્નમમાં છે.

*(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૮૨૧, પેજ : ૨૧૮)*

**હદીષ ૪** : અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે કોઈ મુસલમાનની સાથે છેતરપિંડી કરે અથવા નુકસાન પહોંચાડે અથવા ધોકો આપે તો તે અમારામાંથી નથી.** *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૮૨૨, પેજ : ૨૧૮)*

**હદીષ ૫** : અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણ વ્યક્તિ જન્નતમાં દાખલ નહીં થશે : (૧) ધોકેબાઝ (૨) એહસાન જતાવવાવાળો (૩) બખીલ (કંજૂસ). *(કન્ઝુલ ઉમ્માલ, હદીષ નં. : ૭૮૨૩, પેજ : ૨૧૮)*

## (૬૩) કોઈની મજાક ઉડાડવી

બેઈજ્જતી કરવા અને નીચ દર્શાવવા માટે જીભ અથવા ઈશારાથી, અથવા કોઈ અન્ય રીતે મુસલમાનની મજાક ઉડાડવી હરામ તથા ગુનોહ છે. કારણ કે તેનાથી એક મુસલમાનને હલકા પાડવું અને તેને તકલીફ આપવું છે અને કોઈ મુસલમાનને નીચો પાડવું અને દુઃખ આપવું સખત હરામ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલાએ આ વિશે ઈર્શાદ ફર્માવ્યો :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰۤى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَ لَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰۤى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ وَ لَا تَلْمِزُوْۤا اَنْفُسَكُمْ وَ لَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ؕ بِئْسَ الِاسْمُ الْفُسُوْقُ بَعْدَ الْاِيْمَانِ ۚ وَ مَنْ لَّمْ يَتُبْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۱۱﴾

''હે ઈમાનવાળાઓ ! ન તો પુરૂષો પુરૂષોની હંસી ઉડાડે,

આશ્ચર્યજનક નથી કે તેઓ એ હંસી ઉડાડનારાઓ કરતાં સારા હોય, અને ન તો સ્ત્રીઓ સ્ત્રીઓની (હંસી ઉડાડે) દૂર નથી કે તેણીઓ એ હંસી ઉડાડનારીઓથી ઉત્તમ હોય, અને પરસ્પર મહેણા મારો નહીં. અને એકબીજાની ખીજો પાડો નહીં. મુસલમાન થઈને ફાસિક઼ કહેવડાવવું કેટલું ખરાબ નામ છે ? અને જો તૌબા ન કરે તો તેઓ જ જાલિમ છે.''

*(પારા : ૨૬, સૂરએ હુજરાત, આ. ૧૧)*

તેની મના અને બુરાઈના વિશે કેટલીક હદીષો પણ આવેલી છે.

**હદીષ ૧** : ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, ખુદાની ક઼સમ ! હું કોઈની નક઼લ ઉતારવું પસંદ નથી કરતો, ભલે તેના બદલામાં આટલો આટલો માલ મને મળી જાય.

*(અહયાઉલ ઉલૂમ, ૩/૧૬૨)*

**હદીષ ૨** : હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ક઼યામતના દિવસે લોકોની મજાક ઉડાડવાવાળાની સામે જન્નતનો એક દરવાજો ખોલવામાં આવશે અને કહેવામાં આવશે કે આવો ! આવો ! તો તે ખૂબ જ બેચૈની અને ગમમાં ડૂબેલો તે દરવાજાની સામે આવશે પણ જેવો તે દરવાજાની પાસે પહોંચશે કે તે દરવાજો બંધ થઈ જશે. પછી એક બીજો જન્નતનો દરવાજો ખુલશે અને તેને પુકારવામાં આવશે, આવો ! તે બેચૈની અને રંજ તથા ગમમાં ડૂબેલો તે દરવાજાની નજીક પહોંચશે તો તે દરવાજો બંધ થઈ જશે, આ જ પ્રમાણે તેની સાથે મામલો થતો રહેશે ત્યાં સુધી કે દરવાજો ખુલશે અને પોકારવામાં આવશે તો તે નહીં જઈ શકે (આ જ પ્રમાણે તે જન્નતમાં દાખલ થવાની મહેરૂમ રહેશે).

*(અહયાઉલ ઉલૂમ, ૩/૧૬૨)*

**હદીષ ૩** : જે પોતાના કોઈ દીની ભાઈને તેના કોઈ એવા ગુનાહ પર શરમ અપાવવી જેનાથી તે તૌબા કરી ચૂક્યો હોય તો શરમ અપાવનારો તે સમય સુધી મૃત્યુ પામશે નહીં જ્યાં સુધી કે તે પોતે એ ગુનોહ ન કરી લે. *(અહયાઉલ ઉલૂમ, ૩/૧૬૩)*

**મસ્અલા તથા ફાયદા :** કોઈને ઝલીલ કરવાના માટે અને કોઈકને નીચો પાડવા માટે તેની ખામીઓને જાહે કરવી, તેની મજાક ઉડાડવી, તેની નક્લ ઉતારવી અથવા તેને ટોન્ટ મારવો અથવા શરમ દેવડાવવી અથવા તેની ઉપર હસવું અથવા તેને ખરાબ લકબોથી યાદ કરવો અને તેની હંસી ઉડાડવી.

જેમ કે આજકાલ કેટલાક પોતાને ઉચ્ચ કહેવડાવનારા કેટલીક ક઼ૌમોને નીચ તથા ઝલીલ સમજે છે. અને આ જ ક઼ૌમિયતની બુનિયાદ પર તેમનો મજાક ઉડાડી તેમની મશ્કરી કરે છે અને મજાક ઉડાવ્યા કરે છે. અને વિવિધ રીતે તેમના દિલને તકલીફ પહોંચાડનાર લક઼બોથી યાદ કર્યા કરે છે. ક્યારેક મહેણા ટોણા મારે છે, ક્યારેક શરમ દેવડાવે છે. આ બધી હરકતો હરામ તથા ગુનોહ અને જહન્નમમાં લઈ જવાવાળુ કામ છે.

એટલા માટે તે હરકતોથી તૌબા જરૂરી છે. નહીં તો એ લોકો ફાસિક઼ ગણાશે. આ જ પ્રમાણે શેઠીયાઓ અને માલદારોની આદત છે કે તે ગરીબોની સાથે મશ્કરી અને તૌહીન કરવાવાળા લક઼બોથી તેમને શરમ અપાવે છે, અને મહેણા માર્યા કરે છે. અને તેમની મજાકો ઉડાવ્યા કરે છે જેનાથી ગરીબોનાં દિલને ખૂબ જ તકલીફ પહોંચતી હોય છે. પણ તે પોતાની ગરીબી અને મુફલિસીના કારણે માલદારોની સામે દમ નથી મારી શકતા. તે માલદારોને હોશમાં આવી જવું જોઈએ. જો તે પોતાના એ કામોથી તૌબા કરીને સુધર્યા નહીં તો યક઼ીનન ! તે કહ્હારના કહેર અને જબ્બારના ગઝબમાં પકડાઈને જહન્નમની સજાના હક્ક઼દાર બનશે અને તે ગરીબોનાં આંસૂઓ કહેરે ખુદાવંદીનો પુર બનીને માલદારોના મહેલોને ઘાસફૂસના જેમ વહાવીને લઈ જશે.

## (૬૪) મસ્જિદમાં દુનિયાની વાતો કરવી

મસ્જિદમાં દુનિયાની વાતચીત કરવી અને શોર મચાવવો સખત મના છે. આ ગુનાહથી બચવું ખૂબ જરૂરી છે કારણ કે તેની મનાઈ આવી છે.

**હદીષ ૧** : હઝરત હસન બસરી رضی اللہ عنہથી મુરસલ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક એવો જમાનો આવશે કે લોકો મસ્જિદોમાં દુનિયાની વાતો કરશે તો તમે તે લોકોની સાથે ન બેસતા કે તેમને અલ્લાહ તબારક વ તઆલાથી કાંઈ કામ નથી.

*(શોઅબુલ ઈમાન, હદીષ નં. : ૨૯૬૨, ૩/૮૬)*

**હદીષ ૨** : હદીષમાં આવ્યું છે કે મસ્જિદોમાં દુનિયવી વાતચીત નેકીઓને એ પ્રમાણે ખાઈ જાય છે જેમ કે ચાર પગવાળા જાનવર ઘાસને ખાઈ જાય છે. *(અત્હાફિલ સાદતુલ મુત્તકીન, ૩/૫૦)*

**હદીષ ૩** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે જુઓ કે કોઈ મસ્જિદમાં સોદો વેચી રહ્યો છે અથવા સોદો ખરીદી રહ્યો છે (ખરીદ વેચાણ કરી રહ્યો છે) તો તમે લોકો કહી આપો કે અલ્લાહ તઆલા તમારા વેપારમાં નફો ન આપે. અને જ્યારે તમે જુઓ કે કોઈ પોતાની ખોવાયેલી વસ્તુને બૂમો પાડી પાડીને શોધી રહ્યો છે તો તમે કહી આપો કે અલ્લાહ તઆલા કરે કે તમારી ખોવાયેલી વસ્તુ તમને ન મળે.

*(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૧૪, ૧/૧૨૬)*

**હદીષ ૪** : હઝરત સાઈબ બિન ઝૈદ رضی اللہ عنہથી રિવાયત છે. હું મસ્જિદમાં આડો પડયો હતો તો કોઈકે મને કાંકરી મારી. જ્યારે મેં જોયું તો તે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ હતા. તેમણે મારાથી ફર્માવ્યું, જાવ અને એ બંનેવ વ્યક્તિઓને જે મસ્જિદમાં મોટેથી વાતો કરી રહ્યા હતા તેમને મારી પાસે લાવો. તો હું એ બંને માણસોને

લાવ્યો. તો અમીરુલ મો'મિનીને એ બંનેવ વ્યક્તિઓથી પૂછયું કે તમે બંને ક્યાંના રહેવાવાળા છો ? તો તે બંનેવ વ્યક્તિઓએ કહ્યું કે અમે તાઈફ શહેરના રહેવાવાળા છીએ. તો અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, જો તમે બંનેવ મદીનાના રહેવાવાળા હોત તો તમને બંનેવને મારી મારીને દર્દમંદ કરી આપતો ! તમે લોકો રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં ઊંચા અવાજે વાતચીત કરી રહ્યા છો ! *(મિશ્કાત, હદીષ નં. : ૭૪૪, ૨/૨૩૪, સહીહ બુખારી, હદીષ : ૪૭૦, ૧/૧૭૮)*

**હદીષ ૫** : હઝરત ઈમામ માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہએ મસ્જિદે નબવીની એક તરફ એક મેદાન બનાવી દીધી હતું જેને લોકો "બુતૈહાઅ" કહેતા હતા અને અમીરુલ મો'મિનીને એ ફર્માવી આપ્યુ હતું કે જે કોઈ શોર કરે અથવા શેઅર ગાવા અથવા ઊંચા અવાજથી વાતચીત કરે તો તે મસ્જિદમાંથી નીકળીને તે મેદાનમાં આવી જાય. *(મિશ્કાત, હદીષ નં. : ૭૪૫, ૧/૨૩૫, મોઅત્તા ઈમામ માલિક, હદીષ નં. ૪૩૨, ૧/૧૭૦)*

## (૬૫) કુર્આન મજીદને ભૂલાવી આપવું

કુર્આન મજીદ પઢીને ગફલત અને લાપરવાહીથી તેને ભૂલાવી આપવું ખૂબ જ સખત ગુનોહ છે. તે બારામાં થોડીક હદીષો ખૂબ જ કંપાવી દેનારી છે.

**હદીષ ૧** : હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, મારી ઉમ્મતના તમામ સવાબોને મારી સામે પેશ કરવામાં આવ્યા, ત્યાં સુધી કે મસ્જિદમાંથી કોઈકે ખરાબ વસ્તુને કાઢવા માટેનો સવાબ પણ પેશ કરવામાં આવ્યો. અને મારી ઉમ્મતના તમામ ગુનાહોને પણ મારી સામે પેશ કરવામાં આવ્યા તો મેં તેનાથી મોટો કોઈ ગુનોહ ન જોયો કે માણસે કુર્આન મજીદની કોઈ સૂરત અથવા આયત જે તેને યાદ હતી તેણે તેને ભૂલાવી આપી. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૩, ૧/૨૩૪, સુનને અબૂ દાઊદ, હદીષ નં. ૪૬૧, ૨/૧૯૮)*

**હદીષ ૨** : હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે વ્યક્તિ કુર્આન મજીદ પઢીને તેને ભૂલાવી આપશે તો તે અલ્લાહ તઆલાથી એ હાલતમાં મુલાકાત કરશે કે તે કોઢી હશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ : ૪/૨૩૪, સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૧૪૭૪, ૨/૧૦૭)*

**હદીષ ૩** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જે સીનામાં કાંઈ પણ કુર્આન ન હોય તો તે વેરાન ઘરની જેમ છે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૧, ૨/૨૩૩, સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૯૨૨, ૪/૪૧૯)*

## (૬૬) કોઈક બીજાને પોતાનો બાપ બનાવવો

પોતાના હક઼ીક઼ી બાપને છોડીને કોઈ બીજાને પોતાનો બાપ બનાવવો અથવા પોતાના ખાનદાન તથા નસબને છોડીને કોઈ બીજા ખાનદાનથી પોતાનો નસબ જોડવો હરામ તથા ગુનોહ અને જન્નતથી મહેરૂમ કરીને દોઝખમાં લઈ જવાવાળુ કામ છે. આ વિશે ખૂબ સખત ચેતવણીઓ હદીષોમાં આવી છે.

**હદીષ ૧** : હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે પોતાના બાપના ગૈરને પોતાનો બાપ બનાવવાનો દાવો કરે, જો કે તે જાણે છે કે તે તેનો બાપ નથી તો તેની ઉપર જન્નત હરામ છે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૧, ૩/૫૧, સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૧૫, પેજ : ૫૨)*

**હદીષ ૨** : હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા છે કે જે શખ્સ પોતાના બાપના ગૈરને પોતાનો બાપ બનાવવાનો દાવો કરશે જો કે તેને ખબર છે કે તે તેનો બાપ નથી તો તે શખ્સે નાશુક્રી કરી. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૨, ૩/૫૧, સહીહ બુખારી, હદીષ નં. : ૩૫૦૮, ૨/૪૭૬)*

**હદીષ ૩** : હઝરત યઝીદ બિન શરીક બિન તારિક઼ કહે છે કે મેં

હઝરત અલી رضی اللہ عنہને મિમ્બર પર આ ફર્માવતાં સાંભળ્યા કે જે પોતાના બાપના ગૈરને પોતાનો બાપ બનાવવાનો દાવો કરે છે અથવા જે ગુલામ પોતાના મૌલા (માલિક)ના ગૈરને પોતાનો મૌલા (માલિક) બતાવે તો તે બંને પર અલ્લાહ તઆલા અને તમામ ફરિશ્તાઓ અને તમામ માણસોની લા'નત છે. અને કયામતમાં તે બંનેની ન કોઈ ફર્ઝ ઈબાદત કબૂલ થશે, ન કોઈ નફલ ઈબાદત કબૂલ થશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૩, ૩/૫૨, સહીહ મુસ્લિમ, હદીષ નં. ૧૩૭૦, પેજ : ૭૧૨)*

**હદીષ ૪** : હઝરત અમ્ર બિન શોએબ رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, માણસના ગુનેહગાર હોવા માટે એટલુ જ પૂરતુ છે કે માણસ પોતાના વંશથી નકાર કરીને કોઈ બીજા ખાનદાનથી હોવાનો દાવો કરે જે ખાનદાનથી તેનુ હોવું લોકોને ખબર ન હોય. *(અત્તરહીબ વત્તરગીબ, હદીષ નં. : ૪, ૩/૫૨)*

**હદીષ ૫** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે વ્યક્તિ પોતાના બાપના ગૈરને પોતાનો બાપ બનાવવાનો દાવો કરે છે તે જન્નતની ખુશ્બૂ પણ સુંઘી શકશે નહીં, જો કે જન્નતની ખુશ્બૂ ૫૦૦ વર્ષના રસ્તા (અંતર)થી પામવામાં આવશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૫, ૩/૫૨, મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૬૬૦૩, ૨/૫૭૮)*

**હદીષ ૬** : હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ એવા વંશનો દાવો કરે જે વંશમાં તેના હોવાનું લોકોને ખબર તથા મશ્હૂર ન હોય, તો તે શખ્સે અલ્લાહ તઆલાની નાશુક્રી કરી અને જે વંશનો ઈન્કાર કરે તેણે પણ અલ્લાહ તઆલાની નાશુક્રી કરી. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૯, ૩/૫૩, અલ મૌજમુલ ઔસત તિબ્રાની, હદીષ નં. : ૮૫૭૮, ૬/૨૨૧)*

**મસ્અલા તથા ફાયદા** : ઉપરોક્ત જણાવેલી હદીષોને વાંચીને તે લોકોની આંખો ખુલી જવી જોઈએ જે હિંદુસ્તાનમાં ફોગટમાં પોતાનુ ખાનદાન તથા નસબ બદલીને કોઈ ઊંચા ખાનદાનથી પોતાના નસબનો

રિશ્તો મેળવી લે છે. સેંકડો એવા છે કે જેને સેંકડો વર્ષોથી લોકો એ જ જાણે છે કે હિંદુસ્તાની છે અને તેમનાં બાપ દાદા વર્ષો પહેલાં ઈસ્લામ કુબૂલ કરીને મુસલમાન થઈ ગયા હતા, પણ આજકાલ તે અરબી નસ્લના બનીને સિદ્દીકી તથા ફારૂકી તથા ઉષ્માની તથા સૈયદ કહેવડાવવા લાગ્યા છે. તેમણે વિચારવુ જોઈએ કે તે લોકો આવુ કરીને કેટલા મોટા ગુનાહના ચુંગાલમાં ફેલાયેલા છે. અલ્લાહ તબારક વ તઆલા તે લોકોને સિરાતે મુસ્તકીમ ઉપર ચાલવાની તૌફીક઼ અતા ફર્માવે અને તે હરામ તથા જહન્નમી કામથી તે લોકોને તૌબાની તૌફીક઼ અતા ફર્માવે.

## (૯૭) પત્નીઓની વચ્ચે ઈન્સાફ ન કરવો

જે શખ્સની બે અથવા બેથી વધારે પત્નીઓ હોય, તેની ઉપર ફર્ઝ છે કે બધી પત્નીઓને ખાવાનુ, કપડા અને ખર્ચ અને બિસ્તરનો હક્ક઼ અને બધી પત્નીઓની પાસે સૂવામાં એકદમ સમાનતા કરે. કોઈ પત્નીને ઓછુ, કોઈ પત્નીને વધારે ન આપે, નહીં તો ગુનાહમાં સપડાશે અને જહન્નમની સજાનો હક્ક઼દાર થશે. એના વિશે થોડીક હદીષો વર્ણવીએ છીએ જે ખૂબ જ ઈબ્રતવાળી છે.

**હદીષ ૧** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે. હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, જ્યારે કોઈની પાસે બે પત્નીઓ હોય અને તે બંનેના હક્કો અદા કરવામાં ઈન્સાફ ન કરે તો ક઼યામતના દિવસે તે એ હાલતમાં આવશે કે તેની એક તરફનું ધડ પડેલું હશે. *(મિશ્કાતુલ મસાબીહ, હદીષ નં. : ૩૨૩૬, ૨/૨૩૪, સુનને તિર્મિઝી, હદીષ : ૧૧૪૪, ૨/૩૭૫)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેની પાસે બે પત્નીઓ હોય અને એકની જ તરફ આકર્ષણ રહે તો તે ક઼યામતમાં એ હાલતમાં આવશે કે તેના શરીરનો એક હિસ્સો પડી ગયેલો હશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૧, ૩/૪૦, સુનને તિર્મિઝી, હદીષ નં. ૧૧૪૪, ૨/૩૭૫)*

**હદીષ ૩** : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! અદલ તથા ઈન્સાફ કરવાવાળા અલ્લાહ તઆલાના દરબારમાં નૂરના મિમ્બરો પર હશે. આ તે લોકો હશે જે પોતાના ફેંસલાઓમાં અને પોતાની પત્નીઓના મામલામાં અને તે તમામ કામોમાં જેના તે વાલી બન્યા છે અદલ (ન્યાય) કરે છે. *(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૮૨૭, પેજ : ૧૦૧૫)*

## (૯૮) ડાબા હાથથી ખાવુ પીવુ

ડાબા હાથથી ખાવુ પીવુ અને કોઈ વસ્તુ ડાબા હાથથી લેવી દેવી મના છે. હદીષમાં તેની મનાઈ આવી છે. નીચે લખેલી હદીષોને ધ્યાનથી વાંચો :–

**હદીષ ૧** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હરગિઝ હરગિઝ તમારામાં કોઈ ડાબા હાથથી ન કોઈ વસ્તુ ખાય, ન કોઈ વસ્તુ પીવે, કેમ કે શૈતાન ડાબા હાથથી ખાય, પીએ છે. અને હઝરત નાફેઅ رضی اللہ عنہથી આ હદીષમાં એટલુ વધારે વર્ણન છે કે ડાબા હાથથી ન કોઈ વસ્તુ લે, ન કોઈ વસ્તુ આપે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. : ૧, ૩/૯૨, સહીહ મુસ્લિમ, હદીષ : ૨૦૨, પેજ : ૧૧૧૭)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, તમારામાં દરેક જમણા હાથથી ખાય અને જમણા હાથથી પીએ અને જમણા હાથથી દરેક વસ્તુ આપે અને લે. એટલા માટે કે શૈતાન ડાબા હાથથી ખાવુ પીવુ અને લેવુ દેવુ (કરે) છે. *(સુનને ઈબ્ને માજા, હદીષ નં. : ૩૨૬૬, ૪/૧૨)*

**મસ્અલા તથા ફાયદા** : મેં (ઉર્દૂ લેખકે) મોટા ભાગે જોયું છે કે દસ્તરખ્વાન ઉપર ડાબા હાથથી લોકો એ ખયાલથી પાણી પી લીધા કરે છે કે ગ્લાસમાં એઠૂ ન લાગી જાય. આ જ પ્રમાણે અમુક લોકો ચાનો કપ તો જમણા હાથથી પકડે છે અને રકાબીમાં ચા નાખીને ડાબા હાથથી ચા પીએ છે. આવું હરગિઝ ન કરવું જોઈએ. ગ્લાસમાં જો સાલન વગેરે

લાગી જાય પણ પાણી જમણા હાથથી જ પીવુ જોઈએ અને જોઈએ કે કપ ડાબા હાથમાં લઈને રકાબીમાં નાખીને ચા જમણા હાથથી પીવી જોઈએ કે શૈતાનના તરીક઼ાથી બચે અને હુઝ઼ૂર ﷺની સુન્નત અદા થાય.

## (૬૯) કૂતરો પાળવો

શિકાર કરવા માટે, ખેતીની સુરક્ષા માટે, પાલતુ (જાનવરો)ની સુરક્ષા માટે, મકાનની સુરક્ષા માટે તે ચાર મક઼સદો માટે કૂતરો પાળવો જાઈઝ છે. બાકી તેના સિવાય દા.ત. રમવા માટે, દિલ બહેલાવવા અને તફરીહ માટે, લડાવવા અથવા દોડાવવાના માટે અથવા કોઈ બીજા કામ માટે કૂતરો પાળવો નાજાઈઝ તથા મના છે. ઘણી બધી હદીષોમાં તેની મનાઈ આવી છે.

**હદીષ ૧ :** હઝ઼રત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ શિકાર અથવા પાલતુ (જાનવરોની) સુરક્ષાના સિવાય કોઈ (વ્યર્થ કામ) માટે કૂતરો પાળશે તો તેના સવાબમાંથી દરરોજ બે કિરાત ઘટાડો થતો રહેશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ : ૧, ૪/૩૪, સહીહ મુસ્લિમ, હદીષ : ૫૭૪, પેજ : ૮૪૮)*

**હદીષ ૨ :** હઝ઼રત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ખેતી અને પાલતુ (જાનવરો)ની સુરક્ષાના સિવાય જો કોઈ બીજા હેતુથી કૂતરો પાળશે તો દરરોજ તેનો સવાબ એક કિરાત ઘટતો રહેશે. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૪, ૪/૩૪, સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૫૭૫, પેજ : ૮૫૦)*

**હદીષ ૩ :** હઝ઼રત બુરીદા رضی اللہ عنہથી રિવાયત છે તેમણે કહ્યું કે હઝ઼રત જિબ્રઈલ علیہ السلام હુઝ઼ૂર ﷺની ખિદમતમાં આવવાથી રોકાઈ ગયા તો હુઝ઼ૂર ﷺએ હઝ઼રત જિબ્રઈલ علیہ السلامથી પૂછયું, કઈ વસ્તુએ આપને આવવાથી રોકી દીધા ? તો તેમણે કહ્યું, અમે ફરિશ્તાઓ તે ઘરમાં દાખલ થતા નથી જેમાં કૂતરો હોય. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૮, ૪/૩૫, મુસ્નદે ઈમામ અહમદ, હદીષ નં. ૪૮, ૯/૧૮)*

**હદીષ ૪** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હઝરત જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને આ પ્રમાણે કહ્યું, હું કાલે રાત્રે પણ આવ્યો હતો પણ મારા મકાનમાં દાખલ થવામાં આ રૂકાવટ પડી ગઈ કે મકાનના દરવાજામાં કેટલાક માણસોની તસ્વીરો હતી અને ઘરની અંદર એક પડદો હતો તેની ઉપર તસ્વીર બનેલી હતી, અને ઘરની અંદર એક કૂતરો પણ હતો. તો આપ હુકમ આપો કે તસ્વીરોનાં માથા કાપી નાખવામાં આવે કે તે દરખ્તની જેમ થઈ જાય અને પડદાના બારામાં આ હુકમ આપી દો કે તેને ફાડીને બે મસ્નદો બનાવવામાં આવે જે જમીનમાં પડી રહે અને (પગની નીચે) કચડાતી રહે. અને હુકમ આપી દો કે કૂતરો મકાનમાંથી કાઢી નાખવામાં આવે. આ હઝરત હસન તથા હુસૈન رضی اللہ عنہماનો કૂતરો હતો જે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના તખ્તની નીચે હતો તે કૂતરાને કાઢી નાખવામાં આવ્યો. *(અત્તરગીબ વત્તરહીબ, હદીષ નં. ૯, ૪/૩૫, સુનને તિર્મિઝી, હદીષ નં. ૨૮૧૫, ૪/૩૬૮)*

**મસ્અલા તથા ફાયદા** : કાશાનાએ અક્દસમાં હઝરત હસન તથા હઝરત હુસૈન رضی اللہ عنہનો કૂતરો અને તસ્વીરોનું મૌજૂદ રહેવું તે સમયે હતુ જ્યારે તે તસ્વીરો અને કૂતરાઓનું મકાનની અંદર રાખવું હરામ થયું ન હતું. હઝરત જિબ્રઈલ علیہ السلامના તે જ વાકિઆના કારણે તસ્વીરો અને કૂતરાઓનું મકાનોમાં રાખવુ નાજાઈઝ ઠરાવી દેવામાં આવ્યું. તેમના પછી હવે કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે તે મકાન અથવા કપડાંઓ ઉપર કોઈ જાનદારની તસ્વીર રાખે. એવી જ રીતે શિકાર માટે અને ખેતી તથા પાલતુ જાનવરો તથા મકાનની સુરક્ષા માટે કૂતરો પાળવો શરીઅતમાં જાઈઝ છે. બાકી તેના સિવાય બીજા તમામ કામ માટે કૂતરાઓ પાળવુ નાજાઈઝ છે. એટલા માટે મુસલમાનોએ તે શરીઅત વિરુદ્ધના કામોથી બચવું ખૂબ જરૂરી છે. કેમ કે શરીઅત જ મુસલમાનો માટે બંને જહાનોમાં બેહતરી તથા ભલાઈનો એકલો જ ઝરીયો છે. પશ્ચિમી સંસ્કૃતિની ગંદકીની કદાપિ પૈરવી ન કરવી જોઈએ જેઓ કૂતરાંઓને પોતાની ઔલાદની જેમ પાળે છે અને ખોળામાં લઈને ફરે છે, બલ્કે મહોબ્બતના જોશમાં કૂતરાઓના મોઢા પણ ચૂમતા રહે છે.

# (૭૦) જરૂરત વગર ભીખ માગવી

જરૂરત વગર ફક્ત પોતાનો માલ વધારવા માટે **ભીખ માગવી હરામ તથા ગુનોહ છે.** અને હદીષોમાં ખૂબ જ પ્રમાણમાં તેની મનાઈ આવી છે. થોડીક હદીષો અહીંયાં લખવામાં આવી છે :–

**હદીષ ૧** : હઝરત કબીસા બિન મુહારિક઼ رضی اللہ عنہથી મરવી છે. તેમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ તમને ફર્માવ્યું, હે કબીસા ! માલનો સવાલ કરવો અને ભીખ માગવી ત્રણ શખ્સો સિવાય કોઈના માટે જાઈઝ તથા હલાલ નથી. એક તો તે શખ્સ કે જેણે કોઈકની જમાનત લીધી હોય અને તેની પાસે માલ ન હોય, તો તેના માટે હલાલ છે કે તે ભીખ માગીને પોતાની જમાનતની રકમ અદા કરે. બીજો તે કે કોઈ આફતે તેના માલને બર્બાદ કરી નાખ્યો હોય તો તેના માટે હલાલ છે કે તે પોતાના જિંદગીના સામાનને દુરુસ્ત કરવા માટે જરૂરત પ્રમાણે ભીખ માગી શકે છે. ત્રીજો તે શખ્સ જે ફાકા (ભૂખમરા)માં સપડાઈ ગયો હોય ત્યાં સુધી કે ત્રણ વ્યક્તિઓ જે અક્ક઼લમંદ હોય તેની ક઼ૌમમાંથી ઉભા થઈને એવું કહી આપે કે, યક઼ીનન ! આ શખ્સ ફાકાકશી (ભૂખમરા)માં સપડાઈ ગયો છે, તો તે શખ્સ જિંદગી પસાર કરવા જરૂરત પ્રમાણે ભીખ માગી શકે છે. **આ ત્રણ શખ્સોના સિવાય જે ભીખ માગે અને એકબીજાથી માલનો સવાલ કરે તો હે કબીસા ! તે માલ હરામ છે જેને તે ખાઈ રહ્યો છે.** *(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૦૪૪, પેજ : ૫૧૯)*

**હદીષ ૨** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **જે વ્યક્તિ પોતાનો માલ વધારવા માટે ભીખ માગે છે તે જહન્નમનો અંગારો માગી રહ્યો છે.** તો તેને ઓછુ માગે અથવા વધારે આ તેને સમજી લેવું જોઈએ.

*(સહીહ મુસ્લિમ, હદીષ નં. : ૧૦૪૧, પેજ : ૫૧૮)*

**હદીષ ૩** : હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે કહ્યું કે મેં એકવાર રસૂલુલ્લાહ ﷺથી માલ માગ્યો તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ મને માલ અતા ફર્માવ્યો. પછી મેં બીજીવાર માગ્યો તો પણ હુઝૂર ﷺએ મને માલ અતા ફર્માવ્યો. અને મને એવું ફર્માવ્યું, હે હકીમ ! આ માલ હરીયાળો અને મીઠો છે (ખૂબ પસંદ પડે તેવી વસ્તુ છે) તો જે વ્યક્તિ તેને પોતાના નફ્સની સખાવતની સાથે લેશે તે માલમાં બરકત થશે અને જે નફ્સની લાલચની સાથે તેને લેશે તેમાં બરકત થશે નહીં. અને તેનું ઉદાહરણ એ હશે કે કોઈ ખાતો રહે અને ધરાય નહીં. અને ઉપરવાળો હાથ (આપવાવાળો) નીચેવાળા હાથ (લેવાવાળા)થી બેહતર છે. હઝરત હકીમ رضی اللہ عنہનું બયાન છે કે આ સાંભળીને મેં કહી દીધું કે, યા રસૂલલ્લાહ ! ﷺ હું તે જાતની કસમ ખાઉં છું જેણે આપ علیہ الصلوٰۃ والسلامને નબી બનાવીને મોકલ્યા છે, હું આપના પછી કોઈથી આખી જિંદગી માગીશ નહીં. *(સહીહ બુખારી, હદીષ નં. : ૧૪૭૨, ૧/૪૯૭)*

**હદીષ ૪** : હઝરત અબૂ સઈદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે સવાલ કરવાથી (ભીખ માગવાથી) બચશે અલ્લાહ તબારક વ તઆલા તેને બચાવશે અને જે માલદારી જાહેર કરશે અલ્લાહ તઆલા તેને માલદાર બનાવી આપશે અને જે સાબિર (સબ્રવાળો) બનશે અલ્લાહ તઆલા તેને સાબિર બનાવી આપશે અને સબ્રથી બેહતર અન્ય વિશાળ તોહફો કોઈ નથી જે કોઈને આપવામાં આવ્યો હોય.

*(સહીહ બુખારી, હદીષ નં. ૧૪૬૯, ૧/૪૯૬)*

**હદીષ ૫** : હઝરત સહલ બિન હંઝલિયા رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે કે જેની પાસે એટલો માલ હોય કે તે સવાલ કરવાથી બેપરવા હોય અને (માગવાની જરૂરત ન હોય) પછી તેમ છતાં ભીખ માગે તો તે જહન્નમની ખૂબ જ વધારે આગ માગી રહ્યો છે.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૧૬૨૯/ ૨/૧૬૪)*

**હદીષ ૬** : હઝરત ષૌબાન رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોણ છે જે આ વાતનો જામીન થઈ જાય કે હું કોઈથી

કાંઈ નહીં માગીશ, તો તેના માટે હું જન્નત અપાવવાનો જામીન છું. આ સાંભળીને હઝરત ષૌબાન رضی اللہ عنہ એ કહ્યું : હું, યા રસૂલલ્લાહ ! ﷺ એ વાતની જમાનત લઉં છું. તો હઝરત ષૌબાન رضی اللہ عنہ નો એ હાલ હતો કે તે ક્યારેય કોઈથી કોઈ વસ્તુ માગતા ન હતા.

*(સુનને અબૂ દાઊદ, હદીષ નં. : ૧૬૪૩, ૨/૧૭૦)*

**હદીષ ૭** : હઝરત ઝૈદ બિન અવ્વામા رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺ થી રાવી છે કે **તમારામાં કોઇ પોતાની રસ્સી લઈને જાય અને લાકડાઓનો એક ભારો પોતાની પીઠ પર લાદીને લાવે અને તેને વેચીને પોતાનું ગુજરાન કરે, આ તેનાથી ખૂબ જ સારું છે કે તે લોકોથી ભીખ માગે કે કોઈ તેને આપશે અને કોઈ મના કરી આપશે.** *(સહીહ બુખારી, હદીષ નં. ૧૪૭૧, ૧/૪૯૭)*

**મસ્અલા તથા ફાયદા** : લખાણનો ખુલાસો એ છે કે જરૂરત વગર લોકોથી માલનો સવાલ કરવો અને ભીખ માગવી હરામ તથા ગુનોહ છે. આ જમાનામાં કેટલાક લોકોએ ભીખ માગવાને પોતાનો ધંધો અને કમાઈનો ઝરીયો બનાવી લીધો છે. જો કે તે લોકો બેપરવા અને માલદાર છે. તે લોકોએ ઉપરોક્ત જણાવેલા નબવી ફર્માનોથી ઈબ્રત તથા નસીહત હાંસલ કરવી જોઈએ કે તે લોકો ભીખ માગી માગીને દૌલત ભેગી નથી કરી રહ્યા બલ્કે જહન્નમના અંગારા ભેગા કરી રહ્યા છે.

## (૭૧) વાંચકો તથા મુરીદો માટે જરૂરી હિદાયતો

**(૧)** મઝહબે અહલે સુન્નત વ જમાઅત પર ક઼ાયમ રહે જે પૂર્વજ બુઝુર્ગોનો તથા વહાબિયત પહેલાં થઈ ગયેલા ઉલમાનો, જે હરમૈન શરીફૈનના પૂર્વજ ઉલમાનો મઝહબ છે. સુન્નીઓના જેટલા વિરોધી મઝહબો છે, દા.ત. વહાબી (અહલે હદીષ), દેવબંદી, રાફઝી (શીઆ) ક઼ાદિયાની, નેચરી વગેરે તે બધાથી અલગ રહે અને બધાને પોતાના

દીનના દુશ્મન અને વિરોધી જાણે. ન તેમની વાતોને સાંભળે, ન તેમની સંગતમાં બેસે. તેમની તક્રીરો અને લખાણો (કિતાબો)ને ન સાંભળે, ન વાંચે, કેમ કે શૈતાનને (મઆઝ અલ્લાહ !) દિલમાં વસવસો નાખતાં વાર નથી લાગતી. માણસને જ્યાં માલ અથવા આબરૂ બરબાદ થવાનો અંદેશો હોય ત્યાં ક્યારેય પણ કોઈ બુદ્ધિશાળી નથી જઈ શકતો અને દીન તથા ઈમાન તો મુસલમાનની સૌથી વધારે મહબૂબ ચીજ છે. એટલા માટે તેની સુરક્ષામાં હદથી વધારે મહેનત અને કોશિશ ફર્ઝ છે. માલ અને દુનિયાની ઈજ્જત અને દુનિયાની જિંદગી તો ફક્ત દુનિયા સુધી જ સીમિત છે અને દીન તથા ઈમાનથી તો આખેરત અને હમેશાંના ઘરમાં કામ પડવાનું છે. એટલા માટે જાન તથા માલ અને દુનિયાની ઈજ્જતથી વધીને દીન તથા ઈમાનની સુરક્ષાનો સામાન કરવો ખૂબ જ જરૂરી છે.

**(૨)** પાંચ વખતની નમાઝની પાબંદી ખૂબ જ જરૂરી છે. પુરૂષોએ મસ્જિદ તથા જમાઅતની હાજરીની કાળજી પણ વાજિબ છે. બેનમાઝી મુસલમાન જાણે કલ્પનાનો માણસ છે, જાહેરી દેખાવ ઈન્સાની છે, પણ એનામાં ઈન્સાનનું કામ કોઈ નથી. યાદ રાખો કે બેનમાઝી તે નથી જે ક્યારેય નમાઝ ન પઢે, બલ્કે **જે એક સમયની પણ જાણીબુઝીને નમાઝ છોડી આપે તે બેનમાઝી છે.** કોઈની નોકરી, કામધંધો ચાહે વ્યાપાર વગેરે કોઈ પણ હાજતના કારણે એક સમયની પણ નમાઝ કઝા કરી આપવી સખત નાશુક્રી અને પ્રથમ કક્ષાની નાદાની તથા ગુનાહે કબીરા છે, જે જહન્નમમાં લઈ જવાવાળુ છે. કોઈ આકા ત્યાં સુધી કે કાફિરનો પણ જો કોઈ નોકર હોય તો તે પણ પોતાના ગુલામને નમાઝથી દૂર નથી રાખી શક્તો અને **જો કોઈ આકા પોતાના નોકરને નમાઝથી મના કરે તો આવી નોકરી જ કત્અન હરામ છે.** અને **નમાઝ છોડીને કોઈપણ રોઝીનો ઝરીયો હોય તે રોજીમાં બરકત નથી લાવી શક્તો.** યાદ રાખો ! રિઝ્ક તથા રોજી આપવું તેનું જ કામ છે જેણે નમાઝ ફર્ઝ કરી છે. એટલા માટે રોજી આપવાવાળા અલ્લાહ તઆલા ઉપર તવક્કુલ અને ભરોસો કરીને હમેશાં રિઝ્ક તથા રોજીનો

ઝરીયો એવી જ નોકરી અને કામને બનાવવો જરૂરી છે કે જેમાં અલ્લાહ તઆલાના ફરાઈઝને છોડવા ન પડે, નહીં તો સખત ગઝબે ઈલાહીમાં સપડાશે.

**(૩)** જેટલી નમાઝો કૃઝા થઈ ગઈ છે બધાનો એવો હિસાબ લગાડે કે અંદાજામાં બાકી ન રહી જાય અને તે બધી (નમાઝોને) પોતાની શક્તિ પ્રમાણે ક્રમે ક્રમે જલ્દી અદા કરે અને તેમાં કદાપિ આળસ ન કરે, કેમ કે મૌતના સમયની કોઈને ખબર નથી. અને જ્યાં સુધી ફર્ઝ ઝિમ્મા ઉપર બાકી હોય છે, કોઈ નફ્લ કૃબૂલ નથી થતો. જ્યારે થોડીક નમાઝો કૃઝા થઈ હોય, દા.ત. ૧૦૦ વારની ફઝરની નમાઝ કઝા છે તો તે કૃઝાને પઢતા સમયે દરેક વાર આ પ્રમાણે નિય્યત કરે કે હું પ્રથમ તે ફજર જે મારાથી કૃઝા થઈ તેની નિય્યત કરું છું. આ જ પ્રમાણે બાકી નમાઝોમાં જે સૌથી પ્રથમ છે તેની નિય્યત કરે, એ જ પ્રમાણે ઝોહરની નમાઝ વગેરે દરેક નમાઝમાં નિય્યત કરે. બધી નમાઝોને પૂર્ણ કરી લે. યાદ રાખો કે કૃઝામાં ફકત ફર્ઝો અને વિત્રો એટલે દરેક દિવસ અને રાતની ફકત ૨૦ રકાત અદા કરવામાં આવે છે. સુન્નતો અને નફ્લોની કૃઝામાં પઢવાની જરૂરત નથી.

**(૪)** જેટલા રોઝા કૃઝા થયા હોય બીજો રમઝાન આવવાથી પહેલાં અદા કરી લેવામાં આવે કારણ કે મૌતનો સમય ખબર નથી. એટલા માટે ફર્ઝની અદાયગીમાં કદાપિ વાર ન લગાડે.

**(૫)** જે લોકો ઉપર ઝકાત ફર્ઝ છે તે પોતાના માલોની ઝકાત પણ જરૂર અદા કરતા રહે. અને જેટલા વર્ષોની ઝકાત અદા ન કરી હોય તેનો વહેલી તકે હિસાબ કરીને તે બધાને અદા કરે. દરેક વર્ષની ઝકાત વર્ષ પૂર્ણ થવાથી પહેલાં જ અદા કરે. વર્ષ પૂરુ થયા પછી ઝકાત અદા કરવામાં વાર લગાડવી ગુનોહ છે. અને બેહતર એ છે કે વર્ષની શરૂઆતથી જ ક્રમે ક્રમે ઝકાત આપતા રહે અને વર્ષ પૂર્ણ થવા પર હિસાબ કરે, જો પૂર્ણ અદા થઈ ગઈ હોય તો સારું, નહીં તો બાકી હોય તો તુરત જ અદા કરી આપે અને જો કાંઈક વધારે રકમ નીકળી ગઈ હોય તો તેને આવતા વર્ષમાં ગણનામાં લઈ લે.

**(૬)** સાહિબ ઈસ્તેતાઅત (શક્તિશાળી, માલદાર) ઉપર હજ્જ પણ ફર્ઝ છે. અલ્લાહ તબારક વ તઆલાએ તેના ફર્ઝ હોવાનું બયાન કરતાં ફર્માવ્યા :–

وَمَنْ كَفَرَ فَاِنَّ اللّٰهَ غَنِيٌّ عَنِ الْعٰلَمِيْنَ "અને જે મુન્કિર થયો તો અલ્લાહ બધા જહાનથી બેપરવા છે." *(સૂરએ આલે ઈમરાન, આ. ૯૭)*

હુઝૂર નબીએ કરીમ ﷺએ તારીકે હજ્જ (હજ્જને છોડવાવાળા)ના વિશે ફર્માવ્યું, ચાહે યહૂદી થઈને મૃત્યુ પામે અથવા નસ્રાની થઈને.

**(૭)** શજરા શરીફમાં લખેલી હિદાયતો પર જરૂર અમલ કરતા રહો અને દરરોજ એકવાર શજરા શરીફ પઢી લીધા કરો અને મહાન પીરોને ફાતેહા પઢીને ઈસાલે સવાબ કરતા રહો. ઈન્શાઅલ્લાહુ તઆલા ! દીન તથા દુનિયાની બરકતો હાસંલ થશે.

**અબ્દુલ મુસ્તફા આ'ઝમી**

*બ્રાઉન શરીફ, ૯ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૦૦*


**ફકત રૂા. ૩૦માં કિતાબ મંગાવો**

કિતાબ : **પ્રો. તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં**

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

પોતાના બયાનો તથા વાકચાતુર્યથી સામાન્ય પબ્લિકને આંજી દેનાર પ્રો. તાહિરુલ કાદરીની કેવી ગુમરાહીઓ છે તે જાણવા આ કિતાબ જરૂરથી મંગાવો.

પ્રકાશક : **બરકાતે ખ્વાજા મંથલી,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦, તા.જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કિતાબ મેળવવા રૂા. ૩૦ બેંક એકાઉન્ટમાં જમા કરો**
**અથવા પ્રકાશકના સરનામે M.O. કરો.**
**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
**A/c. No. 34620100000303 Razvi Kitab Ghar**
**IFSC Code : BARB0DAYADR**
**Mo. 9427464411 (PhonePe/Paytm)**